વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૫૦મું
ફેબ્રુઆરી : ૨૦૨૫
અંક : ૫૬૧

મંગલ મંદિર ● ફેબ્રુઆરી-૨૦૨૫ ● ૧
(કુલ પાના : ૭૨)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો
મુકામ તેણે વનમાં જમાવ્યો
તરૂવરોએ શણગાર કીધો
જાણે વસંતે શિરપાવ દીધો



Happy
Vasant
Panchami

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

V-TRANS®
Driving Excellence

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

Other Divisions: V-Xpress | V-Logis

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે
નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું
મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**
- **પ્રભુલાલ કપૂરચંદ સંઘવી – સભ્ય**
  **મો. ૯૯૭૯૮ ૮૧૭૨૦**

**કવર પેઈજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

## ભાગ-૧ : સંસ્થા સમાચાર તથા અન્ય

### તંત્રી સ્થાનેથી

- સમાજ પરિવારોના સર્વે રીપોર્ટના અનુસંધાને ........ **અશોક મહેતા** ....... ૫
- 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો ........ ૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની હાલ ચાલતી પ્રવૃત્તિઓ ........ **રજનીકાંત પારેખ** ....... ૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : પ્રજાસત્તાક દિનની ઉજવણી ........ ૧૧
- વયસ્ક સમિતિના કાર્યક્રમનો અહેવાલ ........ ૧૨
- સમાજના સભ્યોને બોડી ચેક-અપ માટેની ખાસ સૂચના ● મેડિકલ સાધનોની મળેલ ભેટ ........ ૧૨
- મહિલા ઉત્કર્ષ સમિતિના કાર્યક્રમનો અહેવાલ ........ ૧૩
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ........ ૧૪
- સરનામા ફેરફાર ● શુભ લગ્ન ● અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ........ ૧૫
- ઉડતી નજરે ........ ૧૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૧૮
- અતીતના ઓવારેથી : મણકો-૧૮ ........ ૨૨
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૨૨ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૨૫
- આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૧૭ ........ **અશોક મહેતા** ..... ૨૭
- *Nano Nine* શબ્દ રમત-૨૧૫ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૨૯
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૭૩) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૧
- અન્ય સંસ્થાના સમાચાર ........ ૩૨
- પ્રતિભાવ ........ ૩૯
- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા** ..... ૪૦
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૪૩

## ભાગ-૨ : લેખ વિભાગ તથા અન્ય

### વિચાર મંથન

- અમદાવાદનો ૬૨૫મો જન્મ દિવસ : તા. ૨૬-૨-૨૦૨૫ ........ **પ્રેષક : રજનીકાંત પારેખ** ..... ૪૫

### પ્રેરણાત્મક પ્રસંગો

- મણકો-૨૪ : ફેર પ્લે
  મણકો-૨૫ : મદદ માટે રાહ ના જુઓ ........ **સંકલન : ડૉ. આશિષ ચોકસી** ..... ૪૯

### સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો

- મણકો-૧૪ : રામપ્રસાદ બિસ્મિલ ........ **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ..... ૫૦

### એરિસ્ટોક્રેટ્સ

- પ્રકરણ-૧૧ : ઓસવાલ શ્રેષ્ઠી – ૪ ........ **દેવેન્દ્ર પટેલ** ..... ૫૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## વ્યક્તિ વિશેષ

● ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના સૂત્રધાર : મનુભાઈ શાહ .................................. **રોહિત શાહ**..... ૫૩
● ટેબલ ટેનિસના કોચ : મોનીષ નરેશ દેઢિયા .......................................... **અશોક મહેતા**..... ૫૬
● મુંબઇને 'ડિજિટલ' બનાવનાર કચ્છી માડુ : શ્રી અમરશીભાઈ સત્રા (ભરૂડિયા) ..... **વસંત મારૂ**..... ૫૭

## સંબંધ

● બધાએ જિંદગી સરસ રીતે જ જીવવી જોઈએ ...................... **પ્રેષક : પ્રભુલાલ એમ. સંઘવી**..... ૬૦
● માનસિક સ્ટ્રેસની શરીર પર અસર .................... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૬૨
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

## માહિતી

● ટાટા મેમોરિયલ સેન્ટર : મુંબઈ ............................................ **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૬૪
● રાજપીપળાના યુવાને ૪૫ દિવસમાં
નગરમાંથી ૩૦૦૦ કિલો પ્લાસ્ટીક ભેગું કર્યું .................................. **મનીષ જોશી 'મૌન'**..... ૬૬

## તીર્થ દર્શન

● દર્શન-૭૦ : શ્રી સ્વર્ણગિરી તીર્થ (શ્રી મહાવીર ભગવાન)
● દર્શન-૭૧ : શ્રી કાપરડા તીર્થ (શ્રી સ્વયંભુ પાર્શ્વનાથ ભગવાન)... **પ્રેષક : કે.ડી. શાહ**..... ૬૭

## જૈન દેરાસરો

● કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ – ૪.............. **મહેન્દ્ર લખમશી મોતા**..... ૬૮

## વાર્તા

● બોધકથા : 'તકલીફ'ના પહેલા બે અક્ષરમાં જ 'તક' છે...! **સંકલન : રીતેશ અરવિંદ પોલડિયા**..... ૭૦

## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો

● સંયુક્ત કુટુંબ માટે ખૂબ સરસ કવિતા ..................................... **પ્રેષક : નવનીત પટેલ**..... ૪૪

### શિક્ષણ અને લગ્ન

*અમેરિકામાં લગ્ન કરતાં શિક્ષણ પાછળ વધુ ખર્ચ કરાય છે. ભારતમાં શિક્ષણ કરતાં લગ્નો પાછળ બમણાથી પણ વધુ ખર્ચ કરાય છે. ભારતમાં લગ્નનો ઉદ્યોગ ૧૦ લાખ કરોડનો છે. દર વર્ષે ૮૦ લાખથી ૧ કરોડ જેટલા લગ્નો થાય છે.*

### માર્ગ અકસ્માતોમાં મરનારાઓની સંખ્યા

*ભારતમાં માર્ગ અકસ્માતોમાં મરનારાઓની સંખ્યા હબકી જવાય એટલી તોતિંગ છે. ૨૦૨૨માં રોડ એક્સિડન્ટ્સના કારણે ભારતમાં ૧,૭૦,૯૨૪ લોકો મોતને ભેટ્યા હતા.*

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી સ્થાનેથી

# સમાજ પરિવારોના સર્વે રીપોર્ટના અનુસંધાને...

અશોક મહેતા

આપણા સમાજના ખૂબ જ શિક્ષિત અને વર્લ્ડ લેવલની સંસ્થામાં કાર્યરત રહેલ, કચ્છના કોડાય ગામના વતની (પીયર પક્ષ : ભુજપુર) બહેનશ્રી લીલાબેન વીસારિયા દ્વારા અમદાવાદ સ્થિત કચ્છી જૈનોના પરિવારમાં ઘરે ઘરે તેમના પ્રતિનિધિઓને મોકલી, દરેક પરિવારની હાલની પરિસ્થિતિને જાણવા એક સર્વે કરાવવામાં આવેલ હતો કે જેનો વિગતવાર અહેવાલ 'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૨૪ના દીપોત્સવી અંકમાં પ્રસારિત કરવામાં આવેલ હતો.

આ સર્વે રીપોર્ટના કેટલાક તારણો નીચે મુજબના દષ્ટિગોચર થયેલ હતા.

★ સમાજના ૮૫ ટકા લોકો પોતાના મકાન / એપાર્ટમેન્ટમાં વસવાટ કરે છે.

★ સમાજના ૫ ટકા લોકો સમાજે નિર્માણ કરેલ આવાસ યોજનામાં પોતાનો વસવાટ કરે છે.

★ સમાજના ૧૦ ટકા લોકો ભાડાના મકાનમાં રહે છે.

★ સમાજના ૭૯ ટકા લોકોના ઘરમાં પીવાના પાણી માટે R.O. પ્લાન્ટ વસાવવામાં આવેલ છે.

★ સમાજના ૮૦ ટકા લોકોના ઘરમાં ગેસની પાઈપલાઈન છે.

★ સમાજના ૨૦ ટકા લોકોના ઘરમાં LPG બોટલનો વપરાશ કરવામાં આવે છે.

★ સમાજના દરેક પરિવાર દીઠ સરેરાશ ૩ મોબાઈલ ઉપલબ્ધ છે.

★ સમાજના ૫૩ ટકા લોકો પાસે પોતાની ફોર વ્હીલર કાર ઉપલબ્ધ છે.

★ સમાજના ૮૩ ટકા લોકો પાસે પોતાના ટુ વ્હીલર સ્કુટર/બાઈક ઉપલબ્ધ છે.

★ સમાજના ૯૩ ટકા લોકોએ પોતાના ઘરમાં રેફ્રિજરેટર વસાવેલ છે.

★ સમાજના ૮૮ ટકા લોકોએ પોતાના ઘરમાં વોશિંગ મશીન વસાવેલ છે.

ઉપરોક્ત તારણો પરથી એવું કહી શકાય કે સમાજના મોટાભાગના પરિવારો મધ્યમ કે તેથી ઉચ્ચ લેવલના છે કે જ્યારે બાકી ૧૫થી ૨૦ ટકા લોકોને મધ્યમ કક્ષાના લેવલે પહોંચતા હજુ થોડા વર્ષો લાગશે.

ઉપરોક્ત તારણો બાદ સમાજ-પરિવારના લોકો માટે આ સમાજે આગલ કયા પ્રકારની પ્રવૃત્તિઓ કરવી જોઈએ તેના માર્ગદર્શન માટે બહેનશ્રી લીલાબેન વીસરિયા સાથે એક મીટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું કે જે મીટિંગમાં લીલાબેને પોતાની વિગતો રજૂ કરતા જણાવેલ કે હાલે સમાજે તેના પરિવારોના આર્થિક પાસા સિવાય સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક વગેરે પ્રકારના ઘડતરના કાર્યક્રમો વિચારવા જોઈએ કે જેથી સમાજના માનસિક અને બૌદ્ધિક લેવલમાં સારો એવો વધારો કરી શકાય.

**આ માટે તેઓશ્રીએ અલગ અલગ વયજૂથના લોકો માટે નીચે મુજબના પ્રસ્તાવો મૂકેલ હતા :**

૧. તેમણે ૩ થી ૬ વર્ષના બાળકો માટે સૂચન કરેલ હતું કે અઠવાડિયામાં એકાદ વખત તેઓને કચ્છી જૈન ભવન પર બોલાવી વિવિધ જ્ઞાનદર્શક તથા અન્ય વાર્તાઓ કહેવી જોઈએ. આ બાળકોને એક્ટીંગ વગેરે કરતા પણ શીખવાડવું જોઈએ કે જેથી તેઓની બૌદ્ધિક શક્તિનો વિકાસ થઈ શકે.

૨. ૬ થી ૧૪ વર્ષની વયજૂથના બાળકોને પિકનીક - પ્રવાસે લઈ જવા જોઈએ. તેમને ગાંધી આશ્રમ, સાયન્સ સેન્ટર, વિન્ટેજ કાર સંગ્રહાલય, વિવિધ પ્રકારના મ્યુઝીયમ વગેરેની મુલાકાતે લઈ જવા જોઈએ. તેઓ માટે જરૂરી ટ્યુશન ક્લાસનું પણ આયોજન વિચારવું જોઈએ કે જેથી તેઓની માનસિક શક્તિઓનો વિકાસ થઈ શકે.

૩. ૧૫ થી ૩૦ વર્ષની વયજૂથના લોકોને ફાઈનાન્સિયલ લીટરસીનું જ્ઞાન આપવું જોઈએ. તે ઉપરાંત તેઓને સ્લમ એરીયાની મુલાકાતે તથા સેવા સંસ્થાઓની મુલાકાતે લઈ જવા જોઈએ. જેથી તેઓની વિચારશક્તિ વિશાળ બની શકે અને સમાજના ધોરણનો પ્રત્યક્ષ ખ્યાલ આવી શકે.

૪. ૩૦ થી ૬૫ વર્ષની વયજૂથના લોકોની વાત કરીએ તો આ વયજૂથના પુરુષો ૯૪ ટકા કાર્યરત રહે છે કે જ્યારે માત્ર ૬ ટકા પુરુષો જ નિવૃત્તિ ભોગવે છે. આ વયજૂથની સ્ત્રીઓની વાત કરીએ તો ૭૨ ટકા સ્ત્રીઓ હોમ મેકર છે. તેથી આ વયજૂથની સ્ત્રીઓને અઠવાડિયામાં એકાદ વખત સમાજમાં બોલાવી, તેઓને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં જોડી શકાય.

૫. ૬૫ થી ઉપરની વયજૂથના લોકો સાથે ફાઈનાન્સિયલ મેનેજમેન્ટની ચર્ચા કરવી જોઈએ. આ ગ્રૂપમાં મોટાભાગના લોકો ડિપેન્ડેબલ હોય છે. તેથી તેઓને શોપીંગ, નર્સિંગ વગેરે પ્રકારના કામમાં મદદરૂપ થઈ શકાય.

ઉપરોક્ત તારવણના આધારે આગળ કઈ રીતે કાર્યરત રહેવું તે અંગે સમાજના હોદ્દેદારોએ વિચારવાનું શરૂ કરી દીધેલ છે. આ બાબતે સમાજમાંથી કોઈના પણ સૂચનો આવકાર્ય રહેશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે જે રીતે પોતાના સ્થાનિક પરિવારોનો સર્વે કરાવી, આ પરિવારોને હજુ પણ આગળ ધપાવવા શું કરવું જોઈએ તેની વિચારણા શરૂ કરેલ છે એ રીતે દરેક શહેરના સમાજો પોતાના પરિવારોનો સર્વે કરાવી, તેના પરિણામો પરથી આગળ હકારાત્મક કાર્ય કરી શકે તો આપણે ભારત દેશની એક ઉત્તમ સેવા કરી શક્યા તેનું ગૌરવ લઈ શકીએ.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**


## ‘મંગલ મંદિર’માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧’’ સાઈઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.

**નોંધ :** એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઈઝ :** (૧) ફુલ પેજ : ૧૮.૦ X ૨૩.૬ સે.મી. | (૨) હાફ પેજ : ૧૮.૦ X ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ X ૧૧.૬ સે.મી. | (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ X ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.

| ક્રમ | વિગત | કલર | સાઇઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |

**નોંધ :** દરેક વિઝીટીંગ કાર્ડ સાઈઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની હાલ ચાલતી પ્રવૃત્તિઓ

**છેલ્લા ચાર વર્ષોમાં ઘણા કચ્છી જૈન પરિવારો અમદાવાદ - ગાંધીનગર રહેવા આવ્યા હોવાથી તેઓને તેમજ જૂના સભ્યોને પણ સમાજ દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી મળી રહે તે માટે....**

• રજનીકાંત પારેખ •

## સભ્યપદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કોઈપણ સેવાનો લાભ લેવા સૌપ્રથમ સમાજના સભ્ય બનવું જરૂરી છે.

સભ્ય બનવા માટે કેટેગરી મુજબ સભ્યપદ મેળવી શકાય છે.

**(૧) સ્વજન સભ્ય** : રૂા. ૧,૦૦૦/- (એક હજાર)
અમદાવાદ-ગાંધીનગરથી અન્યત્ર રહેવા જાય તો સભ્યપદ રદ થાય છે.

**(૨) માનદ્ સભ્ય** : રૂા. ૧૦,૦૦૦/- (દસ હજાર)
અમદાવાદ-ગાંધીનગરથી અન્યત્ર રહેવા જાય તો પણ સભ્યપદ ચાલુ રહે છે.

**(૩) પેટ્રન સભ્ય** : રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ)

**(૪) મુરબ્બી** : રૂા. ૭,૦૦,૦૦૦/- (સાત લાખ)

કોઈપણ કચ્છી જૈન વ્યક્તિ કે જેની ઉંમર ૧૮ વર્ષથી ઉપર હોય તે વ્યક્તિ ઉપર મુજબની કેટેગરી પ્રમાણે સભ્યપદ મેળવી સભ્ય બની શકે છે.

ટ્રસ્ટ બોર્ડમાં સ્વજન સભ્યની ત્રણ (૩), માનદ્ સભ્યની નવ (૯) અને પેટ્રન / મુરબ્બી સભ્યની નવ (૯) જગ્યા છે.

કારોબારી માટે કોઈપણ કેટેગરીમાં સભ્યપદ હોવું જરૂરી છે.

## સમાજમાં મળતા લાભો

### મેડિકલ સેન્ટર

★ મેડિકલ સેન્ટરની કોઈપણ સેવામાં જે પણ ચાર્જ થાય તેમાં સભ્યોને ૭૫ ટકા રાહત આપવામાં આવે છે.
ઉદાહરણ : સોનોગ્રાફી જનરલ ચાર્જ રૂા. ૭૦૦/- થાય ત્યારે સમાજના સભ્યો માટે રૂા. ૧૭૫/- લેવાય છે.

★ મેડિકલ સેન્ટરની સેવામાં સભ્ય દીઠ રૂા. ૫,૦૦૦/- સુધી વાર્ષિક ડિસ્કાઉન્ટ મળે છે. એક કાર્ડમાં કુટુંબના ૪ સભ્યો હોય તો કુલ રૂા. ૨૦,૦૦૦/-ની રાહત મળે છે. કુટુંબનો કોઈ એક સભ્ય પણ રૂા. ૨૦,૦૦૦/-ની રાહત મેળવી શકે છે.

★ વર્ષ દરમિયાન સમાજના દરેક સભ્ય કે જેની ઉંમર ૧૫ વર્ષથી ઉપર હોય તેઓને ઉંમર પ્રમાણે બોડી ચેક-અપની સ્કીમોનો લાભ મળે છે.

★ ૬૦ વર્ષથી ઉપરની ઉંમરવાળા સભ્યોને દાંતની સારવાર માટે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/- સુધીનો એક્સ્ટ્રા લાભ પણ આપવામાં આવે છે.

★ સી.ટી. સ્કેન / એમ.આર.આઈ. સેન્ટર સાથે પણ ટાઈ-અપ કરેલ હોવાથી જરૂરિયાત હોય તેવા સભ્યોને સી.ટી. સ્કેન / એમ.આર.આઈ.માં પણ ડિસ્કાઉન્ટ મળે છે.

★ સભ્યોના કુટુંબમાં જન્મેલ નાના બાળકોને બાર વરસ સુધી રસીઓ નિઃશુલ્ક પીવડાવવામાં આવે છે.

## બાલ સમૃદ્ધિ યોજના

સમાજના નોંધાયેલા સભ્યોને ત્યાં જન્મતા બાળક માટે રૂા. ૧૫,૦૦૦/- (પંદર હજાર પૂરા) સમાજ તરફથી એચ.ડી.એફ.ડી. યુનિટમાં બાળકના વાલીના નામે ડિપોઝીટ કરવામાં આવે છે. બાળકની ઉંમર ૧૮ વર્ષની થાય ત્યારે તે રકમ બાળકને મળે છે.

## સાધર્મિક સહાય યોજના

સમાજના નબળા કુટુંબોને દર મહિને કરિયાણું - અનાજ વગેરે ચીજવસ્તુઓ કુટુંબના સભ્યોની સંખ્યા પ્રમાણે અમુક મર્યાદામાં સહાય આપવામાં આવે છે.

## મેડિકલ સહાય

જરૂરિયાતમંદ કુટુંબના સભ્યો કે જેમને ક્રોનીક દવા, બી.પી., ડાયાબિટીસ જેવી દવાઓ કાયમ લેવી પડતી હોય તેઓને સહાય આપવામાં આવે છે.

## શૈક્ષણિક સહાય

જરૂરિયાતમંદ કુટુંબના બાળકો માટે સમાજ તરફથી સ્કૂલ-કોલેજની ફી, ટ્યુશન ફી અને પુસ્તકો માટે સહાય / લોન આપવામાં આવે છે.

## સાંસ્કૃતિક હોલ અને બેઝમેન્ટ હોલના ચાર્જિસ

★ **સાંસ્કૃતિક હોલ – સભ્યો અને ઘટક સમાજ માટે :**

(૧) સાંસ્કૃતિક હોલ – અડધા દિવસ માટે : રૂા. ૫,૦૦૦/- + ૧૮% GST + ઈલેક્ટ્રીક અને સફાઈ ચાર્જ

(૨) સાંસ્કૃતિક હોલ – આખા દિવસ માટે : રૂા. ૧૦,૦૦૦/- + ૧૮% GST + ઈલેક્ટ્રીક અને સફાઈ ચાર્જ

(૩) સાંસ્કૃતિક હોલ – પ્રાર્થના સભા (**સમાજના સભ્યો માટે**): નિઃશુલ્ક. ફક્ત ઈલેક્ટ્રીક ચાર્જ યુનિટ દીઠ રૂા. ૧૫/- લેખે. પણ જમણવાર હોય તો રસોડાના રૂા. ૨૦૦૦/- + સફાઈ ચાર્જ.

★ **સાંસ્કૃતિક હોલ – અન્યો માટે (પ્રાર્થના સભા / બેસણા / ભક્તિ સંગીત વગેરે) :**

(૧) રસોડા સાથે : રૂા. ૧૬,૦૦૦/- + ૧૮% GST

(૨) રસોડા વગર : રૂા. ૧૪,૦૦૦/- + ૧૮% GST

★ **સાંસ્કૃતિક હોલ – અન્ય કાર્યક્રમો માટે :**

(૧) સાંસ્કૃતિક હોલ – અડધા દિવસ માટે : રૂા. ૨૦,૦૦૦/- + ૧૮% GST + ઈલેક્ટ્રીક અને સફાઈ ચાર્જ રૂા. ૫૦૦/-

(૨) સાંસ્કૃતિક હોલ – આખા દિવસ માટે : રૂા. ૩૫,૦૦૦/- + ૧૮% GST + ઈલેક્ટ્રીક અને સફાઈ ચાર્જ રૂા. ૫૦૦/-

***નોંધ : સવાર-સાંજના કાર્યક્રમ હોય તો કેટરર્સ અંગેની પૂરેપૂરી માહિતી આપવાની રહેશે.***

★ **બેઝમેન્ટ હોલ :**

(૧) સમાજના સભ્ય અને ઘટક સમાજ – અડધો દિવસ : રૂા. ૫૦૦/- (ઈલેક્ટ્રીક અને સફાઈ ચાર્જ સાથે)

(૨) સમાજના સભ્ય અને ઘટક સમાજ – આખો દિવસ : રૂા. ૧૦૦૦/- (ઈલેક્ટ્રીક અને સફાઈ ચાર્જ સાથે)

(૩) અન્યો માટે – અડધો દિવસ : રૂા. ૧૦૦૦/- + ઈલેક્ટ્રીક અને સફાઈ ચાર્જ રૂા. ૨૦૦/-

(૪) અન્યો માટે – આખો દિવસ : રૂા. ૨૦૦૦/- + ઈલેક્ટ્રીક અને સફાઈ ચાર્જ રૂા. ૨૦૦/-

(૫) સાઉન્ડ સિસ્ટમ : રૂા. ૫૦૦/-

(૬) પ્રોજેક્ટર : રૂા. ૧૫૦૦/-

***નોંધ*** : (૧) બંને હોલમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓ કરી શકાશે નહીં.

(૨) ઘટક સમાજની ટ્રસ્ટ બોર્ડ કે કારોબારીની મીટિંગ હોય ત્યારે બેઝમેન્ટ હોલ તેઓની જરૂરિયાત અનુસાર નિ:શુલ્ક આપવામાં આવશે.

(૩) ઉપરોક્ત હોલના ભાડા તથા અન્ય ચાર્જિસમાં સમય અનુસાર ફેરફાર કરવામાં આવશે.

**સામાજિક સુરક્ષા**

૬૫ વર્ષથી ઉપરની વ્યક્તિનો વીમો વીમા કંપની દ્વારા મળતો ન હોવાથી સમાજ તરફથી તેવી વ્યક્તિઓને હોસ્પિટલમાં ઓપરેશન / ટ્રીટમેન્ટ પાછળ થયેલ ખર્ચ પેટે અમુક લીમીટ સુધીની સહાય આપવામાં આવે છે. ઉપરાંત સમાજની ૮૦ વર્ષથી નીચેની વ્યક્તિઓનું રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીનો પર્સનલ એક્સિડેન્ટ પોલિસી પણ લેવામાં આવે છે. ૬૫ વર્ષથી નીચેની ઉંમર હોય તેવા સભ્યોએ પોતાની રીતે વીમો લેવો જરૂરી છે અને આ વીમા માટે સમાજ તરફથી કોઈ સહાય આપવામાં આવતી નથી. જયારે સમાજના સભ્ય વ્યક્તિ કે જેઓએ વીમો લીધેલ હોય અને તેઓ પોતાની આર્થિક સ્થિતિને લીધે પ્રીમિયમ ભરી શકવા સક્ષમ નથી તેવા નબળા કુટુંબોની જરૂરિયાતમંદ વ્યક્તિને પ્રીમિયમ ભરવા સમાજ તરફથી સહાય આપવામાં આવશે.

**સિનિયર સિટીઝન (૬૦ વર્ષથી ઉપર)**

સમાજના ૬૦ વર્ષથી ઉપરની વ્યક્તિઓ માટે વર્ષ દરમિયાન બે/ત્રણ કાર્યક્રમો, યાત્રા, પિકનીક અને પ્રવાસોનું આયોજન કરવામાં આવે છે. જેમાં નબળા કુટુંબના વડીલોને રાહત દરે લઈ જવાય છે. તેમજ વર્ષ દરમિયાન બેથી ત્રણ સ્થાનિકે સંગીત - મનોરંજનના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે.

**સ્વામિવાત્સલ્ય**

સમાજ દર વર્ષે સ્વામિવાત્સલ્ય અને વાર્ષિક સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજે છે. આ કાર્યક્રમમાં સમાજના દરેક સભ્યો તેમજ નિયાણી બહેનોને પણ જમણવારમાં આમંત્રણ આપવામાં આવે છે. ઉપરાંત દર વર્ષે ૧૫મી ઓગસ્ટ (સ્વતંત્રતા દિવસ) અને ૨૬મી જાન્યુઆરી (પ્રજાસત્તાક દિવસ)ના દિવસે ધ્વજવંદનના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવે છે. ધ્વજવંદન દર વર્ષે પ્રતિષ્ઠિત વ્યક્તિના હસ્તે કરાવવામાં આવે છે.

**ક્રેડિટ સોસાયટી**

સમાજની ક્રેડિટ સોસાયટીના સભ્ય બન્યા પછી ક્રેડિટ સોસાયટીના નિયમ મુજબ સભ્યને પોતાનો ધંધો શરૂ કરવા માટે લોનની સગવડ આપવામાં આવે છે.

**ઉચ્ચ શિક્ષણ સમિતિ**

આ સમિતિ દ્વારા સમાજના ધોરણ ૧૦ થી ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓ માટે નિષ્ણાતો દ્વારા કરિયર ગાઈડન્સ, કાઉન્સેલિંગ અને વર્કશોપ બહુ જ રાહતદરે વર્ષ દરમિયાન યોજવામાં આવે છે. આ કાઉન્સેલિંગ કે વર્કશોપ એક્ટિવિટીમાં વિદ્યાર્થીઓના વાલીઓને પણ બોલાવવામાં આવે છે.

**ચોપડા - નોટબુકો :**

સમાજના ભણતાં વિદ્યાર્થીઓને દર વર્ષે ચોપડા - નોટબુકો ૫૦ ટકા રાહતદરે આપવામાં આવે છે.

**પુરસ્કાર / ઇનામ વિતરણ :**

સમાજના કે.જી.થી લઈ પી.જી. સુધીના વિદ્યાર્થીઓ અને ઉચ્ચ સિદ્ધિઓ હાંસલ કરેલ હોય તેઓને દર વર્ષે પુરસ્કાર કે મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવે છે.

### લાઇબ્રેરીની સુવિધા

સંસ્થાના સભ્યો કે જેઓ વાંચવાનો શોખ ધરાવે છે તેઓ વાંચનનો લાભ લે તે હેતુથી લાઈબ્રેરી શરૂ કરવામાં આવેલ છે. રીફંડેબલ ફી ભરી સભ્ય બની શકાય છે.

### માસિક મુખપત્ર

સમાજના કુટુંબોને સમાજની દરેક પ્રવૃત્તિઓની માહિતી મળી રહે તે હેતુથી દર મહિને સમાજનું માસિક મુખપત્ર "મંગલ મંદિર" પ્રકાશિત કરવામાં આવે છે. આ મુખપત્રમાં સમાજ દ્વારા યોજાતા કાર્યક્રમો, પ્રવાસો, સેમિનાર વગેરેની માહિતી પ્રકાશિત કરવામાં આવે છે. ઉપરાંત ધાર્મિક સમાચાર, માહિતીસભર લેખો, અન્ય સંસ્થાઓના સમાચાર વગેરે પ્રકાશિત કરવામાં આવે છે. આ મુખપત્રનું વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- છે અને ૧૫ વર્ષનું લવાજમ ફક્ત રૂા. ૧૫૦૦/- જ રાખવામાં આવેલ છે.

### ડાયાલિસિસ સેન્ટર

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, ગીતા મંદિર અને બોપલ ખાતે ડાયાલિસિસ સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. ત્યાં ડાયાલિસિસ કરાવનાર દર્દીઓને નજીવા દરે ડાયાલિસિસ કરી આપવામાં આવે છે. 'માં અમૃતમ યોજના' અને 'આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'ના લાભો પણ આપવામાં આવે છે.

### ડિસ્પેન્સરી

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે જનરલ પ્રેક્ટીસનર ડિસ્પેન્સરી પણ શરૂ કરવામાં આવેલ છે. જેના અંતર્ગત આવનાર દર્દીને રૂા. ૩૦/-ના નજીવા દરે તપાસીને દવાઓ આપવામાં આવે છે.

### અન્નક્ષેત્ર યોજના

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે "જલારામ અન્નક્ષેત્ર યોજના" હેઠળ બી.પી.એલ. કાર્ડધારક દર્દીઓને અને તેમની સાથે આવનાર એક વ્યક્તિને સવાર-સાંજ જમવાનું નિઃશુલ્ક આપવામાં આવે છે.

### નવનીત આવાસ યોજના

સમાજના નબળા કુટુંબો માટે આવાસ યોજના છે. આ આવાસમાં ૪૦ ફ્લેટ છે. જરૂરિયાતમંદ કુટુંબોએ આ યોજનાનો લાભ લીધેલ છે. જ્યારે ફ્લેટ ખાલી પડે ત્યારે અન્ય જરૂરિયાતમંદ કુટુંબને આવાસ યોજનાના નીતિ-નિયમોને ધ્યાનમાં રાખીને ખાલી પડેલ ફ્લેટ ફાળવી આપવામાં આવે છે. ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### *અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

| | |
|---|---|
| **રજનીકાંત પારેખ** | **પ્રતાપ દંડ** |
| **માનદ્ મંત્રી** | **પ્રમુખશ્રી** |
| **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** | **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## પ્રજાસત્તાક દિનની ઉજવણી

સૂર્ય નારાયણ વહેલી સવારથી પ્રથમ નારંગી પછી લાલ અને અંતમાં સોનેરી કિરણોથી ધરતીને સવારી રહ્યા હતા ત્યારે સમગ્ર દેશ ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવા જઈ રહ્યું હતું.

હૃદયમાં આનંદ અને દેશ ભક્તિના ઉછાળા સાથે શ્રી કચ્છી જૈન સેવા સમાજના પરિવાર સભ્યો, મહેમાનોએ પણ આ રાષ્ટ્રીય પર્વની ગરિમાભેર ઉજવણી કરી.

ધ્વજવંદન પહેલાં સમાજના માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખે શ્રી જ્ઞાનચંદ ભાનુશાળીનો આછેરો પરિચય આપ્યો અને તેમણે સમાજ માટે કરેલા ઉમદા કાર્યોનો પરિચય આપીને તેમની સેવાને બિરદાવી હતી.

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી પ્રજાસત્તાક દિને ભારતની વિકસિત દેશો તરફની હરણફાળની પ્રગતિ વિશે છણાવટ કરી હતી.

ધ્વજવંદન બાદ શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી દ્વારા આપવામાં આવેલ માતબર દાનના પરિપાકરૂપે તેમના વડીલશ્રીના નામે લગાવવામાં આવેલ તક્તીનું અનાવરણ તેમના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

નાસ્તા પાણીને ન્યાય આપીને શ્રી જ્ઞાનચંદ ભાનુશાળીનું બહુમાન સંસ્થાના પ્રમુખશ્રી પ્રતાપ નારાણજી દંડ અને ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ મુળજી સાવલાના હસ્તે કરવામાં આવેલ હતું.

સમાજ દ્વારા સંચાલિત પ્રથમ ડાયાલિસિસ સેન્ટર જેમના નામ સાથે જોડાયેલ છે તે શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયાના પુત્ર શ્રી સુશીલભાઈ કાપડિયા પણ આ સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમનું બહુમાન સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી અશોક સાકરચંદ મહેતા અને ઉપપ્રમુખ શ્રી હિરેન કુંવરજી શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમાજના સભ્યો દ્વારા આ પ્રસંગે દેશ ભક્તિના ગીતો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા જેની વિગત નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી હિરેન શાહ | : | હોઠોં પે સચ્ચાઈ રહતી હૈ. |
| ૨. | શ્રી નિખિલભાઈ | : | અય મેરે પ્યારે વતન... |
| ૩. | શ્રી ગીતેશભાઈ અને શ્રી પ્રિયાંશભાઈ | : | સંદેશે આતે હૈં... |
| ૪. | શ્રી બોબીભાઈ | : | ધરતી સુનહરી અંબર નીલા... |
| ૫. | શ્રી જીતભાઈ | : | ફિર ભી દિલ હૈ હિંદુસ્તાની... |
| ૬. | હેતલબેન | : | દેશ રંગીલા રંગીલા... |
| ૭. | દિપાલીબેન | : | અય મેરે વતન કે લોગોં... |
| ૮. | અર્ચનાબેન બાવીસ્કર | : | મેરા જૂતા હૈ જાપાની, યે પટલૂન ઇંગ્લીસ્તાની... |
| ૯. | શ્રી કિશોરભાઈ ભાનુશાળી | : | કિસીકી મુસ્કુરાહટોં પે હો નિસાર... |

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. – ૩૫ / ૩૬ / ૩૭)*

**રજનીકાંત ડી. પારેખ**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**ચૌલા કુરૂવા અને પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશનના પ્રકાશનો**

| | | | |
|---|---|---|---|
| આનંદ મંગલ | : ......... 100/- | સફળતા | : .......... 75/- |
| સત્યમ્ શિવમ્ સુંદરમ્ | : ......... 100/- | પહેલું સુખ તે જાતે નર્યા | : .......... 70/- |
| આરોગ્યના અમૃત | : ......... 150/- | ગીત ગુંજન | : ....... 150/- |
| આરોગ્ય હેલ્થ ટીપ્સ | : ......... 100/- | સાપસીડી | : ....... 250/- |

WhatsApp 99130 12120

# વયસ્ક સમિતિ

કડકડતી હાડ થીજાવતી ઠંડીમાં રંગબેરંગી સ્વેટર અને શાલમાં સજ્જ થઈને ૯૦ વડીલોએ સમિતિ દ્વારા તા. ૮-૧-૨૦૨૫ના રોજ યોજાયેલ પિકનિકમાં યુવાનોને પણ શરમાવે તેવા અદમ્ય ઉત્સાહથી ભાગ લીધો.

વહેલી સવારે સૂર્યનારાયણના આગમન પહેલાં સર્વ વડીલોએ ચા-નાસ્તા (નવકારશી) માટે પાલડી ભવન ઉપર પધારીને ચા-નાસ્તાને ન્યાય આપ્યો.

ત્યારબાદ પાલડી ભવનથી બાલાસિનોર પાસે આવેલા ડાયનાસોર પાર્કની મુલાકાત માટે સૌએ પ્રસ્થાન કર્યું. રસ્તામાં શ્રી રમણિકલાલ ગોસરે નવકાર મંત્રની ધૂન, ભક્તામર સ્તોત્ર, રત્નાકર પચ્ચીસી અને વિવિધ સ્તવનો દ્વારા વાતાવરણને ભક્તિમય બનાવી દીધું. ત્યારબાદ અંતાક્ષરીનો દોર રજનીકાંત પારેખે હાથમાં લીધો અને દરેક વડીલોએ જૂના - નવા ફિલ્મી ગીતો, સ્તવનો, ભજનો, કવિતાઓ વગેરે ગાઈને માહોલને જીવંત બનાવી દીધો.

ડાયનાસોર પાર્ક પહોંચીને સૌએ ચા-પાણીને ન્યાય આપી ગેલેરી જોવાની શરૂઆત કરી. આ ગેલેરીમાં આશરે ૬ કરોડ અને ૩૦ લાખ વર્ષ પહેલાના પ્રાણી સૃષ્ટિ વિશે ખૂબ જ ઝીણવટભરી માહિતી આપવામાં આવેલ હતી.

ત્યારબાદ ફિલ્મથી ડાયનાસોર વિશે માહિતી આપવામાં આવી. વડીલોને આ પિક્ચર જોવાનો એક નવો અને આનંદદાયક અનુભવ થયો. આ ઉપરાંત ડાયનાસોર વિશે બીજી એક ફિલ્મ પણ નિહાળીને સૌ વડીલોએ શીરા-ભજીયા સાથેના ભોજનની મજા માણી.

થોડોક વખત આરામ ફરમાવી ગલતેશ્વર જવા રવાના થયા. ગલતેશ્વર આવી બદ્રાબા વાઘેલા દ્વારા સ્પોન્સર ચા ને ન્યાય આપીને સૌએ નદી કાંઠે જઈને અદ્ભુત નજારો માણ્યો અને અંતમાં ગલતેશ્વર મહાદેવના દર્શન કરી અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં રજનીકાંત પારેખે હાઉસી અને શેરબજાર જેવી રમતો રમાડી. અંતે સૌ 'કમલા કાફે' આવ્યા.

અહીં ભાજી-પાઉંનું વાળુ કરી સૌ પાલડી ભવન પરત ફરી પિકનિકના આનંદને વાગોળતા છૂટા પડ્યા.

## આગામી કાર્યક્રમ

વયસ્ક સમિતિ તરફથી માતૃભાષા દિન નિમિત્તે ગુજરાતી કાવ્ય અને ગીતોની હાઉસી અને અન્ય કાર્યક્રમ શનિવાર, તા. ૨૨-૨-૨૦૨૫ના રોજ બપોરે ૩.૩૦ કલાકથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રાખવામાં આવેલ છે.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. – ૩૮)*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સમાજના સભ્યોને બોડી ચેક-અપ માટેની ખાસ સૂચના

***સમાજના સભ્યોને ખાસ વિનંતી કે વર્ષ ૨૦૨૪-૨૫ માટેની બોડી ચેક-અપની સ્કીમ મુજબ જે સભ્યોને બોડી ચેક-અપ કરાવવાનું બાકી હોય તેઓને ફેબ્રુઆરી માસ દરમિયાન બોડી ચેક-અપ કરાવી લેવા વિનંતી કરવામાં આવે છે. જેથી માર્ચ-૨૦૨૫ માસમાં બોડી ચેક-અપ કરાવનારાઓની સંખ્યામાં વધારો ન થાય અને બાકી રહેલ સભ્યોને તકલીફ પડે નહીં અને અન્ય સંસ્થા / સરકારી કર્મચારીઓ ઉપરોક્ત સ્કીમનો લાભ લઈ શકે.***

**સહકાર બદલ આભાર.**

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મેડિકલ સાધનોની મળેલ ભેટ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં ઘર ઉપયોગી મેડિકલ સાધન માટે નીચે મુજબના સાધનનું ડોનેશન સ્વ. પંકજભાઈ શાંતિલાલ મહેતા પરિવાર (એ-૪૦૪, સુગમ રેસિડેન્સ, નૂતન નાગરિક બેંકની સામે, વસંતકુંજ સોસાયટી, પાલડી, અમદાવાદ. મો. ૯૩૭૬૧ ૭૬૭૪૭) તરફથી પ્રાપ્ત થયેલ છે.

***કમોડ ચેર : નંગ-૧***

સંસ્થા ડોનર પરિવારનો ખૂબ ખૂબ આભાર માને છે.

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ માનદ્ મંત્રી સ્વ. શ્રી કાંતિલાલ રામજી શાહ (કે. આર. શાહ)ના સુપુત્ર શ્રી દર્શિત કાંતિલાલ શાહે પોતાના પિતાશ્રીની યાદમાં એક એ.સી. મોબાઈલ રેફ્રિજરેટેડ કોફીન (મૃતદેહને ઠંડુ રાખે) નામનું તબીબી સાધન સંસ્થાને ભેટ સ્વરૂપે આપેલ છે. આ મશીન જરૂરિયાતમંદ વ્યક્તિને નિઃશુલ્ક સેવા આપવા વિનંતી કરેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેઓની આ ઑફરને સ્વિકારી તેમનો આભાર માનેલ છે. આ તબીબી સાધનની ખાસિયત એ છે કે તે ફોલ્ડિંગ છે અને કોઈપણ વ્યક્તિ આસાનીથી ઉપાડી શકે તેટલું હલકું છે.

સમાજના હોદ્દેદારોએ આ મશીન સ્વિકારી તેઓનો આભાર વ્યક્ત કરેલ છે.

***રજનીકાંત પારેખ - માનદ્ મંત્રી***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## પ્રાકૃતિક ફાર્મની મુલાકાત
## સૃષ્ટિ ઇનોવેશન સંસ્થા – ગ્રામભારતી, ગાંધીનગર

*જેનો ઉદ્દેશ્ય છે...*

**ઝેરમુક્ત ખેતીનો સંકલ્પ**
**સ્વસ્થ ભૂમિ - સ્વસ્થ આહાર**
**માન્ય ખેડૂતોની પસંદગી**
**ઉત્પાદક ખેડૂતથી સીધું ગ્રાહકને**
**સંપૂર્ણ પારદર્શી વ્યવસ્થા.**

*આવી ઉમદા સંસ્થાની મુલાકાત, એ આપણા સૌનું સદ્ભાગ્ય*

સમિતિનો ગત કાર્યક્રમ એક શૈક્ષણિક પિકનીક હતો. લીલીછમ વાડીઓ - પ્રાકૃતિક ખેતી - સાત્ત્વિક ભોજનનો આનંદ આપતી પિકનીકનું આયોજન શુક્રવાર, તા. ૧૦-૧-૨૦૨૫ના રોજ સૃષ્ટિ ઇનોવેશન સંસ્થા - ગ્રામભારતી (ગાંધીનગર નજીક) ખાતે કરાયું હતું.

"વિસરાતી સાત્ત્વિક વાનગીઓનો મહોત્સવ"થી પ્રચલિત સૃષ્ટિ ઇનોવેશન સંસ્થા - ગ્રામભારતી ખાતે મુલાકાત ગોઠવવા પાછળનો સમિતિનો ઉદ્દેશ્ય....

- બહેનોને પ્રાકૃતિક - બિન રાસાયણિક ખેતી વિશેની સમજ આપવી.
- સૃષ્ટિ ઇનોવેશન સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓની માહિતી પૂરી પાડવી.
- પ્રાકૃતિક ખેડૂતો દ્વારા બનાવેલ જૈન સાત્ત્વિક ભોજનનો સ્વાદ ચખાડવો.
- સૌ બહેનોને રોજિંદા ક્રમમાંથી કુદરતના સાંનિધ્યમાં લાવવા.

યાત્રા પ્રવાસ સવારે ૧૦.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેથી શરૂ થયો હતો. મોટી બસની સગવડ કરાઈ હતી. બસમાં બેસતા જ બહેનોએ અંતાક્ષરીની મજા લીધી હતી. સંસ્થા ઉપર પહોંચતા જ વેલકમ ડ્રિંક પછી ત્યાંની પ્રયોગશાળામાં સૌ બહેનો વક્તવ્ય સાંભળવા ગોઠવાઈ હતી. શ્રી ચેતનભાઈ પટેલે સંસ્થા વિશેની વિસ્તૃત માહિતી આપી હતી અને એમનું બહુમાન હોમ મેડ બુકેથી કરાયું હતું.

શ્રી ચેતનભાઈ પટેલ (Bachelor of Rural studies and Master of Sociology), જેઓ સંસ્થાના સેક્રેટરી છે અને શોધ યાત્રાના નેશનલ કો-ઓર્ડિનેટર છે, એમના વક્તવ્યના કેટલાક અંશો...

સૃષ્ટિ ઈનોવેશન સંસ્થા એક અનોખી સંસ્થા છે અને અનેકવિધ અનોખા કાર્યો કરી રહી છે. સંસ્થાના સ્થાપક – પ્રો. અનિલ ગુપ્તા અને સંચાલક શ્રી રમેશભાઈ પટેલ અને સેક્રેટરી શ્રી ચેતનભાઈ પટેલ છે. સંસ્થાની સ્થાપના વર્ષ ૧૯૯૩માં કરાઈ હતી.

સંસ્થા ૪ પ્રકારના ઈનોવેશન ઉપર કામ કરે છે : Technology, Educational, Institutional, Social. આવા હટ-કે ઈનોવેશન શોધવા માટે શોધયાત્રા પણ શરૂ કરાઈ.

**શોધયાત્રા :** દેશના નાના નાના ગામડાંઓમાં પગે પગે ફરીને આવા ઈનોવેટીવ ખેડૂતોને શોધવા. ગામડાંના ખેડૂતે પોતાની જરૂરિયાત મુજબ કાંઈ નવું ઈનોવેશન કર્યું હોય, આવા નાના ઈનોવેશનને ટેકનોલોજીની મદદથી આગળ વધારવું અને મોટું સ્વરૂપ આપવું. આ ઈનોવેશનને બહોળા સમુદાય - જાહેર જનતા સુધી પહોંચાડવું, લોકભોગ્ય બનાવવું અને મોટું પ્લેટફોર્મ પૂરું પાડવું. ઉપરાંત આવા ખેડૂતોને એમના જ ગામમાં સન્માનિત પણ કરવા – એ આ સંસ્થાની પ્રણાલી છે, કાર્યશૈલી છે.

આ સિવાય સૃષ્ટિ ઈનોવેશન સંસ્થા દ્વારા ખેડૂતહાટનું આયોજન, સંકલન, પ્રમોશન, નિયમિત ફાર્મ વેરીફિકેશન, ખરાઈ, ખેડૂતોની પસંદગી, તાલીમ, રસાયણ મુક્ત ખેતી પદ્ધતિઓ માટે સતત માર્ગદર્શન, ખેડૂતોની સમસ્યાઓ ઉપર સંસ્થાની પ્રયોગશાળામાં સંશોધન, ખેતર ઉપર વૈજ્ઞાનિક અખતરા, ગ્રાહક જાગૃતિ જેવા અનેક કાર્યો નિરંતર અને નિયમિતપણે કરવામાં આવે છે.

ઉપરાંત ગ્રામભારતી ખાતે આવેલી એમની પ્રયોગશાળામાં ખેડૂતો દ્વારા બનાવાતી દવાઓનું ટેસ્ટીંગ થાય છે. જરૂરિયાત પ્રમાણે વધુ સારી બનાવાય છે – Soil નું ટેસ્ટીંગ કરવામાં આવે છે.

**પ્રાકૃતિક ખેડૂત હાટનું નિર્માણ :** કોવિડના સમયે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પોતાના ઉગાડેલા અનાજ - શાકભાજી વેચવા મુશ્કેલી પડવા માંડી. આ બધું વેચવું ક્યાં? એ મોટો પ્રશ્ન હતો. At the same time, સેંકડો લોકો કોવિડનો ભોગ બન્યા. હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ ગઈ ત્યારે લોકોને સમજાયું કે Immunity તો strong કરવી જ પડશે – તો જ આવા રોગો સામે લડી શકાશે અને એના માટે શુદ્ધ અને સાત્ત્વિક ખાવું પડશે. બિનરાસાયણિક ખેતપેદાશો જ વાપરવી પડશે. અને આવે વખતે જ ખેડૂત હાટનું નિર્માણ થયું જ્યાં ખેડૂત અને ગ્રાહકની વચ્ચે આ

સંસ્થાએ 'સેતુ' બનીને કામ કર્યું અને બંનેની જરૂરિયાતો અરસપરસ પૂરી થવા લાગી.

શરૂઆત ૫ ખેડૂત અને ૫૦ ગ્રાહકથી થઈ. આજે ૧૦૦+ ખેડૂતો જોડાયા છે. ૩૦૦થી વધુ ખેતપેદાશો ઉપલબ્ધ કરાય છે. દર રવિવારે એક સાથે ચાર સ્થળોએ કાર્યરત આ ખેડૂતહાટમાં ૩૫૦૦ જેટલા ગ્રાહકો લાભ લઈ રહ્યા છે. આ ખેડૂતો દર વર્ષે રૂપિયા ૪ કરોડનો વકરો કરે છે, જે સીધા ગ્રાહક પાસેથી એમના ખિસ્સામાં જાય છે – કેટલી અદ્‌ભુત પારદર્શી વ્યવસ્થા!

***આ ચાર સ્થળો નીચે પ્રમાણે છે :***

૧. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી - છારોડી.
૨. શ્રી ભાગવત વિદ્યાપીઠ પરિસર - સોલા
૩. નવજીવન ટ્રસ્ટ પરિસર - આશ્રમ રોડ
૪. આત્મવિકાસ પરિસર - પલોડિયા.

ટૂંકમાં, પ્રાકૃતિક ખેતી કરતાં ગ્રામીણ ખેડૂતો અને અમદાવાદ શહેરના જાગૃત ગ્રાહકો – આ બંનેના લાભાર્થે આ સમગ્ર પ્રાકૃતિક ખેડૂત હાટનું આયોજન સૃષ્ટિ ઈનોવેશન સંસ્થા દ્વારા કરવામાં આવે છે, જે શ્રી રમેશભાઈ પટેલ અને એમની ટીમની તનતોડ મહેનતનું પરિણામ છે.

શ્રી રમેશભાઈ પટેલનું આયોજન, શ્રી ચેતનભાઈનું રસપ્રદ અને માહિતીસભર વક્તવ્ય, ખેડૂત શ્રી મુકેશભાઈ ચૌહાણ દ્વારા પીરસાયેલું જૈન સાત્ત્વિક ભોજન, બહેનોની બહોળી હાજરી અને સમિતિની મહેનતના કારણે આ મુલાકાત યાદગાર બની રહી હતી. 'આપણે સૌ હવેથી આપણી થાળી કેમિકલ ફ્રી અનાજ - કઠોળ - શાકભાજીથી સજાવીશું અને પરિવારને જીવલેણ રોગોથી બચાવીશું' – એવા સંકલ્પ સાથે સૌ છૂટા પડ્યા.

***<u>નોંધ</u>: એક શુભેચ્છકનો સહયોગી દાતા તરીકે આભાર મનાયો હતો.***

***સમિતિની પ્રવૃત્તિઓની જાણકારી માટે જોડાઓ***
***@ Whatsapp Group : 80009 72969***

***શ્રીમતી સુલુ જલદીપ શાહ***
***કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ***

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૩૮)*

**બાંધવા અને સાચવવા**

*સંબંધોને બાંધવા ખૂબ જ સહેલા છે,*
*પણ આ સંબંધોને સાચવવા જ અઘરા પડે છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૮-૧૨-૨૦૨૪થી તા. ૧૮-૦૧-૨૦૨૫ સુધી**
**'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | રવિ સંજયભાઈ શાહ | હિંમતનગર | ૨૧-૧૨-૨૪ |
| | C/o. યાચી રવિ શાહ | | |
| ૨. | રાજેન્દ્ર સુમનલાલ દંડ (શાહ) | જલગાંવ | ૨૨-૧૨-૨૪ |
| ૩. | દિનેશ કેશવજી મોતા | અમદાવાદ | ૨૩-૧૨-૨૪ |
| ૪. | કુમારપાળ કાંતિલાલ લોડાયા | અમદાવાદ | ૩૧-૧૨-૨૪ |
| ૫. | દેવલ ચંદ્રકાંત બી. મૈશેરી | અમદાવાદ | ૩૧-૧૨-૨૪ |
| ૬. | નીતિન કાંતિલાલ લોડાયા | અમદાવાદ | ૩૧-૧૨-૨૪ |
| ૭. | ધીરજલાલ ખીમજી સંગોઈ | અમદાવાદ | ૦૩-૦૧-૨૫ |
| ૮. | વાસંતી ગૌતમ શાહ | અમદાવાદ | ૦૬-૦૧-૨૫ |
| ૯. | મહેન્દ્ર પ્રભુલાલ ખંડોલ | અમદાવાદ | ૧૭-૦૧-૨૫ |
| **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | મૂલચંદ વિશનજી મારૂ | મુંબઈ | ૦૯-૦૧-૨૫ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | દામજી ઉમરશી સાવલા | મુંબઈ | ૦૨-૦૧-૨૫ |
| ૨. | સમીર અનિલ ખોના | મુંબઈ | ૧૭-૦૧-૨૫ |
| ૩. | જેમિન શાંતિલાલ મોરબીયા | અમદાવાદ | ૧૮-૦૧-૨૫ |

*પતંગ આપણને સમજાવે છે કે*
*જો પડી રહેશો તો ફાટી જશો,*
*જો કોશિશ કરશો તો ઊંચે ઉડશો,*
*જો અભિમાન કરશો તો કપાઈ જશો અને*
*જો સ્થિર રહેશો તો ગગન ચૂમશો.*

*– આચાર્ય વિજયરાજહંસસૂરિ*

**ઊંધિયું**

★ ઉત્તરાયણ પર્વે અમદાવાદીઓ પાંચ લાખ કિલો ઊંધિયું ઝાપટી જાય છે, જે નોંધવાલાયક બીના છે.

★ ઊંધિયાનો ઈતિહાસ પતંગ કરતાં પણ વધુ પ્રાચીન. માટલાને ઊંધું કરીને બનાવાતું હોવાથી 'ઊંધિયું' નામ પડ્યું.

## સરનામા ફેરફાર

- **યતીન ધરમશી ઉજમશી સંઘવી**
  ઈ-૬૦૨, આર્યમાન ફ્લેટ્સ,
  સ્વામિનારાયણ મંદિરની સામે,
  નારાણપુરા ટેલિફોન એક્સચેન્જ પાસે, નારાણપુરા,
  અમદાવાદ-૩૮૦ ૦૧૩.
  મો. ૯૪૨૮૦ ૪૨૨૦૧, ૯૪૦૯૦ ૫૭૦૦૫
- **પીયૂષ વશનજી દામજી સાવલા**
  એ-૧૧૦૩, કાવેરી સોહમ વિવાન્ટા,
  સરદાર પટેલ રીંગ રોડ, સિંધુ ભવન એક્સ્ટેન્શન રોડ,
  બોપલ - શીલજ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.
  મો. ૯૮૭૯૫ ૬૮૦૨૭, ૯૮૭૯૧ ૬૮૦૨૭

## શુભ લગ્ન

- *શુક્રવાર, તા. ૧૫-૧૧-૨૦૨૪*
  કચ્છ ભુજના, હાલે અમદાવાદ નિવાસી
  શ્રીમતી શિલ્પાબેન નીલેશભાઈ કાંતિલાલ રતનશી શાહના સુપુત્ર
  **ચિ. જેનીલ** ના શુભ લગ્ન
  કચ્છ મુંદ્રાના હાલે મુંબઈ નિવાસી
  શ્રીમતી મીનલબેન હિમાંશુભાઈ મનસુખલાલ વોરાની સુપુત્રી
  **ચિ. કુંજ** સાથે યોજવામાં આવેલ હતા.
- *મંગળવાર, તા. ૩૧-૧૨-૨૦૨૪*
  શ્રીમતી પાયલબેન અને કમલેશભાઈ બાબુભાઈ શાહ (સમ્રાટ પરિવાર)ના સુપુત્ર
  **ચિ. શાલીન** ના શુભ લગ્ન
  શ્રીમતી જયશ્રી અને દીપક કુંવરજી સાવલાની સુપુત્રી
  **ચિ. ચાર્મી** સાથે યોજવામાં આવેલ હતા.

*નવદંપતિઓને આશીર્વાદ...*

## અવસાન નોંધ

- *મંગળવાર, તા. ૩૧-૧૨-૨૦૨૪*
  **પંકજભાઈ શાંતિલાલ સોમચંદ મહેતા (મોટા અંગીયા - અમદાવાદ)**નું દુ:ખદ અવસાન થયેલ છે.
- *શુક્રવાર, તા. ૨૪-૧-૨૦૨૫*
  **અ.સૌ. લક્ષ્મી પ્રીતેશ ગુલાબભાઈ ધનજી દંડ (જૈન) (અમદાવાદ - પરજાઉ) (ઉં.વ. ૪૨)**નું આજ રોજ દુ:ખદ અવસાન થયેલ છે.

*સદ્‌ગતશ્રીઓના આત્માને*
*પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે તેવી અભ્યર્થના.*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વૈયાવચ્ચ યોજના

રૂા. ૫૦,૦૦૦/- શ્રી અશોક ત્રિકમલાલ મુલતાની - અમદાવાદ

### મેડિકલ રીલીફ યોજના

રૂા. ૫૦,૦૦૦/- શ્રીમતી મુદ્રિકા અશોક મુલતાની - અમદાવાદ

### મહિલા ઉત્કર્ષ સમિતિ

રૂા. ૧૧,૦૦૦/- પ્રા. પૃથ્વી નરેન્દ્ર શાહ - ગાંધીનગર

### અન્નક્ષેત્ર યોજના

રૂા. ૧૧,૦૦૦/- શ્રી વસંતલાલ આર. શાહ - મુંબઈ

### ડાયાલિસિસ સેન્ટર

રૂા. ૧૧,૦૦૦/- ડૉ. અલ્પાબેન રાગેશભાઈ ફડિયા - અમદાવાદ
(લગ્નની ૩૫મી વર્ષગાંઠ નિમિત્તે)

### મંગલ મંદિર – દીપોત્સવી અંક (સહ શુભેચ્છક દાતા)

રૂા. ૫,૦૦૦/- ડૉ. હિમાંશુ રમેશભાઈ શાહ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

**ખાતાનું નામ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]

**બેંક :**
કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
[Canara Bank, Paldi Branch - Ahmedabad]

**એકાઉન્ટ નંબર :**
૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨
[70072010016032]

**IFSC કોડ :**
CNRB0017007

**ઉડતી નજરે....** *માસ ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી* – ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ ૬૦૭<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૪૬<br>● બોડી ચેક-અપ ........ ૨૭૯<br>● સોનોગ્રાફી ........ ૧,૦૬૭<br>● ટી.એમ.ટી. ........ ૨૪<br>● ઑપરેશન ........ ૩<br>● ઈકો ........ ૨૪૯<br>● અન્ય ........ ૬,૯૭૯ | ૯,૨૫૪ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી* – ● લાભ લેનારી વ્યક્તિઓ ........ ૬૭૫<br>● કેન્ટીન ........ ૪,૩૫૦ | ૫,૦૨૫ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી* – ● પુરુષો ........ ૧૧૯<br>● સ્ત્રીઓ ........ ૬૯<br>● બાળકો ........ ૧૦ | ૧૯૮ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૧૫૩ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી* – ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ ૨,૨૧૨<br>● મ્યુઝિયમ ........ ૧,૧૦૦<br>● કેન્ટીન ........ ૪,૨૫૦<br>● જલારામ અન્નક્ષેત્ર ........ ૪૯૫<br>● ડિસ્પેન્સરી ........ ૭૨ | ૮,૧૨૯ |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૬૪૧ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા*<br>દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી* – ● બોડી ચેક- અપ ........ ૧૭૭<br>● સોનોગ્રાફી ........ ૨૫૨<br>● ઑપરેશન ........ ૨૧<br>● માઈનોર ઓ.ટી. ........ ૧૦<br>● ફિઝિયોથેરાપી ........ ૧,૭૮૭<br>● અન્ય ........ ૫,૫૨૩ | ૭,૭૭૦ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૨૯૭ |

| | | |
|---|---|---|
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* • એક્સ-રે ........ **૧૪૩**<br>• સોનોગ્રાફી ........ **૩૦**<br>• બોડી ચેક-અપ ........ **૨૪૧**<br>• ઈકો ........ **૫**<br>• અન્ય ........ **૨૯૭** | **૭૧૬** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* • એક્સ-રે ........ **૧૬૧**<br>• સોનોગ્રાફી ........ **૭૨**<br>• ફિઝિયોથેરાપી ........ **૪૩૭**<br>• ડેન્ટલ ........ **૯૮**<br>• બોડી ચેક-અપ ........ **૩૧**<br>• ઈકો ........ **૨૦**<br>• પેથોલોજી ........ **૧૮૧**<br>• ઈ.સી.જી. ........ **૮૩**<br>• ટી.એમ.ટી. ........ **૮**<br>• ઑપરેશન ........ **૩**<br>• અન્ય ........ **૩૭૨** | **૧,૪૬૬** |
| | *માસ ડિસેમ્બર – ૨૦૨૪ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ........* | **૩૩,૬૪૯** |

## ભારતીય બ્રેઇનની વિશ્વમાં બોલબાલા

વિશ્વમાં સૌથી વધુ પગાર લેતા સીઈઓ જયદીપ સિંહનો વાર્ષિક પગાર ૧૭,૫૦૦ કરોડ રૂપિયા છે. તેનો મતલબ એ થયો કે એક દિવસનો પગાર રૂા. ૪૮ કરોડ રૂપિયા થયો અને એક કલાકનો પગાર રૂા. ૪ કરોડ થયો.

મૂળ ભારતીય હોય એવા અનેક સીઈઓ વિદેશની મોટી કંપનીઓમાં સીઈઓ તરીકે ફરજ બજાવી રહ્યા છે. કેટલીક કંપનીઓના ફાઉન્ડર પોતે જ સીઈઓ હોય છે.

વૈશ્વિક સ્તરની કંપનીઓમાં સામાન્ય રીતે સીઈઓનો પગાર ૧૭.૭ મિલિયન ડોલરની આસપાસ એટલે કે ૧૪૧૬ કરોડ રૂપિયા હોય છે.

ક્વોન્ટમ સ્કેપ કંપનીના સીઈઓ જયદીપસિંહ મૂળ ભારતીય છે અને તેઓ કંપનીના ફાઉન્ડર પણ છે.

જેમનો એક દિવસનો પગાર ૪૮ કરોડ રૂપિયા હોય તે કંપની કેટલું કમાતી હશે તે પણ વિચાર માંગી લે છે.

મેરીલેન્ડ ખાતેની યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સાયન્સમાં ગ્રેજ્યુએટ થયા પછી સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં એમ.બી.એ. કરીને જયદીપસિંહે એચપી અને સનમાઈક્રો સિસ્ટમમાં કામ કર્યું હતું. તે દરમિયાન એરસોફ્ટ સહિતના વિવિધ સ્ટાર્ટ અપનો અનુભવ પણ ૧૯૯૨માં લીધો હતો.

૨૦૧૦માં તેમણે ઇલેક્ટ્રોનિક વ્હીકલ માટેની બેટરીની એડવાન્સ ટેકનોલોજીના સંશોધન માટે ક્વોન્ટમ સ્કેપ કંપની ઊભી કરી હતી. ભવિષ્યમાં કાર્બનના ધૂમાડા ઓછા કરવાના આશયથી શરૂ કરાયેલી કંપની પાસે એવી ટીમ હતી કે સંશોધનમાં તેને સફળતા મળવા લાગી હતી અને તેની વેલ્યુ ૨.૩ અબજ ડોલરને વટાવી ગઈ હતી.

ક્વોન્ટમ સ્કેપ કંપની ઈલેક્ટ્રીક વ્હીકલ ક્ષેત્રે અનેક સંશોધનો બજારમાં મૂકતી રહી છે. ફોક્સ વેગન જેવી કંપનીઓએ ક્વોન્ટમ સ્કેપને ભંડોળ આપીને સંશોધન માટે ઉત્સાહિત કરી છે.

વિશ્વમાં સૌથી વધુ પગાર લેતા સીઈઓમાં પહેલા નંબરે જયદીપ સિંહ આવે છે, તો બીજા નંબરે નિકેશ અરોરા આવે છે અને તે પણ ભારતીય છે. ૨૦૨૩માં તેમનો વાર્ષિક પગાર રૂપિયા ૧૨૫૭ કરોડનો હતો. ત્યારબાદ બ્લેકસ્ટોનના સ્ટીફન સ્કેબરઝેમ, ચાર્ટર કોમ્યુનિકેશનના ક્રિસ્ટોફર વિનફ્રે, એપ્પલના ટીમ કૂક વગેરેનો સમાવેશ થાય છે. ■

*જીવનના દરેક પ્રોબ્લેમનો ટોલ ફ્રી નંબર એટલે 'મિત્રતા.'*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## સંસ્થા વિભાગ

**તા. ૨૬-૧૨-૨૦૨૪**

● મેડિકલ સહાય માટે બે સભ્યોની અરજી આવેલ હતી. મેડિકલ સહાય સમિતિની આજ રોજ એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મીટિંગમાં શ્રી નિરંજન મૈશેરી, શ્રી કે.ડી. શાહ તથા શ્રી નરેન્દ્ર કોઠારી ઉપસ્થિત રહેલ હતા. આવેલ અરજી પર ચર્ચા વિચારણા કરી, એ અરજીઓને મંજૂર રાખવામાં આવેલ હતી અને આગળ પગલા લેવા તેને એપ્રુવલ માટે ટ્રસ્ટ મંડળ પર મોકલી આપવામાં આવેલ હતી.

**તા. ૧૩-૧-૨૦૨૫**

● ટેબલ ટેનિસ કોચ મોનીષ દેઢિયા સાથે બેસીને તેમની વિગતો મેળવવામાં આવી.

**તા. ૧૫-૧-૨૦૨૫**

● મુંબઈ અતિથિ ભવનના જરૂરી પેપર્સ પર શ્રી ક.જૈ.સે.સ. વતી સહી કરવાની ઓથોરીટી આપતો સરક્યુલર ઠરાવ - ઓનલાઈન ઠરાવ ટ્રસ્ટ મંડળના લગભગ બધા સભ્યોની મંજૂરીએ પાસ કરવામાં આવ્યો.

**તા. ૧૭-૧-૨૦૨૫**

● આજ રોજ મુંબઈના એસ્ટ્રોલોજિસ્ટ જે. જે. રાવલ સમાજની મુલાકાતે આવેલ અને ભુજમાં KDC તેના પ્લોટ પર એસ્ટ્રોનોમિ પાર્ક, સાયન્સ પાર્ક, સોલાર ઓબ્ઝર્વેટરી, સ્ટાર ઓબ્ઝર્વેટરી, ફાઈબર ગ્લાસ ટનલ વગેરે સ્થાપિત કરી શકાય તેની ચર્ચા કરેલ હતી. આ પ્રોજેક્ટ લગભગ રૂપિયા પાંચ કરોડનો થવાની શક્યતા પણ વિચારવામાં આવેલ હતી.

**તા. ૨૦-૧-૨૦૨૫**

● શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પરિવારોનો સર્વે કરાવ્યા બાદ તેના અનુસંધાને શ્રી ક.જૈ.સે.સ. આગળ શું કાર્યવાહી કરી શકે તે અંગે લીલાબેન વીસારિયા સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. આ મીટિંગમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી એચ.કે. શાહ તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. બહેનશ્રી લીલાબેન વીસારિયાએ ૩થી ૬ વર્ષ, ૭ થી ૧૪ વર્ષ, ૧૫થી ૩૦ વર્ષ, ૩૦થી ૬૫ વર્ષ અને ૬૫થી વધુ ઉંમરની વ્યક્તિઓ માટે વિવિધ પ્રવૃત્તિઓના આયોજનની વિગતો આપેલ હતી કે જેનાથી દરેકનું સામાજિક, માનસિક, સમાજસેવા વગેરેની પ્રવૃત્તિઓમાં ઉત્થાન થઈ શકે. આ પ્રવૃત્તિઓને વિસ્તૃત સ્વરૂપ આપવા આ વિગતો ટ્રસ્ટ મંડળ સમક્ષ મૂકી આગળ વધવાની સંભાવના વિશે વિચારવામાં આવેલ હતું.

**તા. ૨૬-૦૧-૨૦૨૫**

● ભારત દેશના પ્રજાસત્તાક દિન નિમિત્તે આજે સવારમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં લગભગ ૧૦૦ની સંખ્યાના ઉપસ્થિતો વચ્ચે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયેલ હતો. મુખ્ય મહેમાન શ્રી જ્ઞાનભાઈ ભાનુશાળીના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાયું હતું. ત્યારબાદ જ્ઞાનભાઈ ભાનુશાળી પરિવારે સંસ્થાને રૂા. ૩૫ લાખનું ડોનેશન આપેલ હોવાથી મેડિકલ સેન્ટરના સોનોગ્રાફી વિભાગ પર તેમના વડીલના નામની તક્તીનું અનાવરણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ પ્રથમ માળના સાંસ્કૃતિક હોલમાં તેમનું સન્માન કરવામાં આવેલ હતું. સાથે સાથે હૈદ્રાબાદથી પધારેલ શ્રી સુશીલભાઈ ધીરજલાલ ટોકરશી કાપડિયાનું પણ સન્માન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે જ્ઞાનભાઈ ભાનુશાળીના પરિવારના ૧૦ સભ્યો અને તેમના સમાજના ૧૦ જેટલા મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં રાષ્ટ્ર ભક્તિના ગીતોના કાર્યક્રમ બાદ સહુ છૂટા પડ્યા હતા.

## પાલડી મેડિકલ સેન્ટર

**તા. ૨૦-૧૨-૨૦૨૪**

● ડૉ. આકાશ પટેલ દ્વારા મોતિયાનું એક ઓપરેશન કરવામાં આવ્યું.

**તા. ૨૭-૧૨-૨૦૨૪**

● ડૉ. તપન શાહ દ્વારા Sebaceous Cyst અને Corn excision ની બે સર્જરી કરવામાં આવી.

**તા. ૩૧-૧૨-૨૦૨૪**

● ડૉ. તપન શાહ દ્વારા Sebaceous Cyst અને Foreign Body Granuloma અને ડૉ. અપૂર્વ પટેલે Lipoma ની સર્જરી કરી.

**તા. ૫-૧-૨૦૨૫**

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બધા મેડિકલ

સેન્ટર અને ડાયાલિસિસ સેન્ટરના સ્ટાફની એક દિવસીય પિકનીકનું આયોજન કરવામાં આવ્યું. પાલડીથી બસ ઉપડીને કણભા સ્વામિનારાયણ ગુરૂકુળમાં નવકારશીનું આયોજન ડૉ. રાજીવ ઝા મારફતે વિનામૂલ્યે કરવામાં આવેલ. ત્યાંથી બાલાસિનોર ડાયનોસોર પાર્ક, ગલતેશ્વર, ડાકોર થઈને હાથીજણની શ્યામવિલેજ હોટેલમાં સાંધ્યભોજન લઇ પાલડીથી સૌ છૂટા પડ્યા હતા. દરેક સ્ટાફ મેમ્બરને ખૂબ જ આનંદ આવ્યો હતો. સંસ્થા તરફથી આ પિકનીક માટે રૂા. ૨૦,૦૦૦/- ફાળવવામાં આવેલ હતા. સૌ સ્ટાફે સંસ્થાનો ખૂબ આભાર માન્યો હતો.

### તા. ૧૫-૧-૨૦૨૫

- રૂા. ૩૫,૦૦,૦૦૦/-નું ડોનેશન મળેલ તે સંદર્ભે સોનોગ્રાફી રૂમ નં.-૩૧૫ ઉપર "શ્રીમતી પાર્વતીબેન ત્રિકમદાસ ભાનુસાલી"ના નામની તક્તી લગાડવામાં આવી. જેનું અનાવરણ તા. ૨૬-૧-૨૦૨૫ના રોજ કરવામાં આવશે. આ ડોનેશન માટેની પ્રેરણા શ્રી જ્ઞાન ભાનુશાલીએ આપેલ. જેમના હસ્તે તા. ૨૬-૧-૨૦૨૫ના રોજ ધ્વજવંદન પણ કરાવવામાં આવશે.

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

### તા. ૨૫-૧૨-૨૦૨૪

- આજ રોજ ખુશ્બુબેન (HRD) દ્વારા બાપલ મેડિકલ સેન્ટર ખાતે ટ્રેનિંગ ગોઠવેલ હતી. જેમાં બોપલ મેડિકલ સેન્ટરના તમામ સ્ટાફે ભાગ લીધેલ હતો.

### તા. ૧-૧-૨૦૨૫

- આજ રોજ બોપલ મેડિકલ સેન્ટરને પાંચ વર્ષ પૂર્ણ થતાં તમામ ટ્રસ્ટીગણ – શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રીમતી સંગીતાબેન ગાલા, ડૉ. હિતેન્દ્રભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી મનીષભાઈ ગોસર હાજર રહેલ હતા. સેન્ટરને પાંચ વર્ષ પૂરા થતા હોઈ દીપ પ્રગટાવીને તમામ દર્દીઓ અને ડૉક્ટર તથા સ્ટાફને ટ્રસ્ટીઓ તરફથી શુભેચ્છા પાઠવેલ હતી.
- ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન કુલ ૭૭૭૦ દર્દીઓએ સેન્ટરમાં સારવાર લીધેલ હતી. જેમાં ૧૭૭ હેલ્થ ચેક-અપ, ૨૯૭ ડાયાલિસિસ, ૨૫૨ સોનોગ્રાફી, ૨૧ મોતિયાના ઑપરેશન તથા ૧૭૮૭ ફિઝીયોથેરાપીના દર્દીઓએ સારવાર લીધેલ હતી.

### તા. ૧૧-૧-૨૦૨૫

- આજ રોજ મોતિયાના ૬ ઑપરેશન કરવામાં આવેલ.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

### તા. ૧૮-૧૨ થી તા. ૩૧-૧૨-૨૦૨૪

- એમનીલ ફાર્માસ્યુટીકલ (ડીસા એન્ટરપ્રાઇઝ) કંપનીના કુલ ૪૮ સ્ટાફનું મેડિકલ ફિટનેસનું કામ કરવામાં આવ્યું તેમજ તમામની ફાઈલ કંપનીના સુપરવાઈઝર શ્રી અશોકભાઈને પહોંચતી કરવામાં આવી. ડિસેમ્બર મહિનામાં કુલ ૮૬ સ્ટાફ મેમ્બરના મેડિકલ ફિટનેસ કરવામાં આવ્યા.

### તા. ૧૮-૧૨-૨૦૨૪

- આજ રોજ સિધ્ધિ વિનાયક વેજ ફૂડ પ્રા.લિ. કંપનીના ૫૪ કામદારોના બ્લડ રીપોર્ટ અને મેડિકલ ફિટનેસની ફાઈલ કંપનીમાં આપવામાં આવી અને કંપનીએ પેમેન્ટ પણ કરી આપ્યું.

### તા. ૧૯-૧૨-૨૦૨૪

- આજ રોજ મોરૈયા ગ્રામ પંચાયતની મુલાકાત લીધી. તલાટીશ્રીને મળી ગુમાસ્તા ધારાના લાઈસન્સ મારફતે સ્ટાફના ટેક્ષ બાબતે ચર્ચા કરીને જે માહિતી મળી તે પાલડી ભવન ખાતે આપવામાં આવેલ હતી.

### તા. ૨૦-૧૨-૨૦૨૪

- આજ રોજ ઝીટા ઈલેક્ટ્રીકલ કંપનીનાં HR Head શ્રી નૈનેશભાઈ પટેલને મળ્યા અને તેમની કંપનીના ૨૦ એમ્પ્લોઇના આંખના ચેકિંગ સેન્ટર ઉપર કરાવવાનું નક્કી કર્યું.

### તા. ૨૧-૧૨-૨૦૨૪

- આજ રોજ ચાંગોદર ગામમાં ચાર ડૉક્ટર – ડૉ. વિજય રાઠોડ, ડૉ. ફાલ્ગુન પરીખ, ડૉ. પ્રદીપ મુંધવા વગેરેને સેન્ટરની માહિતી ફરીવાર આપવામાં આવી અને તેઓ તેમના પેશન્ટ્સને મોકલી આપે તેવું જણાવવામાં આવ્યું.

### તા. ૨૩-૧૨-૨૦૨૪

- આજ રોજ ઝીટા ઈલેક્ટ્રીકલ્સ કંપનીના ૨૦ એમ્પ્લોઇની આંખનું ચેકિંગ ઓપ્થેલ્મોલોજિસ્ટ ડૉ. પ્રકૃતિ ખેતાન દ્વારા સેન્ટર ઉપર કરવામાં આવ્યું.

### તા. ૨૫-૧૨-૨૦૨૪

- આજ રોજ ક્રિએટીવ પ્રિન્ટર્સ કંપનીનું નવેમ્બર-૨૦૨૪નું બીલ પેમેન્ટ લીધું અને ત્યાંના વિસ્તારની ચાર કંપનીમાં મળીને સેન્ટર વિશે માહિતી આપવામાં આવી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ આપ્યા.

**તા. ૨૬-૧૨-૨૦૨૪**

- આજ રોજ મોરૈયા ગામ ખાતે પાંચ ડૉક્ટરને મળ્યા અને સોનોગ્રાફી, ઈકો, બ્લડ રીપોર્ટ ટાઈપના તેમજ અન્ય પેશન્ટ્સને સેન્ટર ઉપર મોકલવા માટે જણાવ્યું.
- આજ રોજ શ્રી જયેશભાઈ મજમુદાર સેન્ટરની મુલાકાતે આવ્યા અને પ્રતીક વ્યાસ સાથે સેન્ટરના કામકાજ વિશે ચર્ચા કરેલ.

**તા. ૨૮-૧૨-૨૦૨૪**

- શ્રી ખુશ્બુબેન (HR)ને ચાંગોદર સેન્ટરમાં એટેન્ડન્ટ શ્રી સંધ્યાબેન ગોહિલ એપોઈન્ટ કર્યા હતા તેમને મળાવ્યા અને જરૂરી ડોક્યુમેન્ટ્સ શ્રી ખુશ્બુબેનને આપ્યા.
- આજ રોજ ડૉ. કિશન માળી (MBBS)ને સવારે ૯.૩૦થી ૬.૩૦ સુધી સેન્ટરમાં નિયુક્ત કરવામાં આવ્યા.

**તા. ૩૦-૧૨ તથા તા. ૩૧-૧૨-૨૦૨૪**

- આજ રોજ ઝાયડસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. કંપનીમાં મિતેષ પ્રજાપતિને મળ્યા. ટાઈ-અપ માટે મીટિંગ કરી. જરૂરી ડોક્યુમેન્ટ્સ આપ્યા. નજીકના વિસ્તારમાં અન્ય ૪ કંપનીની મુલાકાત લેવામાં આવી.

**તા. ૧-૧-૨૦૨૫**

- આજ રોજ ઝાયડસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. કંપનીમાંથી શ્રી ભાવેશ ઠાકર - જનરલ મેનેજર અને શ્રી મિતેષ પ્રજાપતિ - સુપરવાઈઝરે પરમકૃપા મેડિકલ સેન્ટરની મુલાકાત લીધી અને વર્કરના મેડિકલ ફિટનેસ તેમજ ટાઈ-અપ સાથે પ્રતીક વ્યાસ સાથે મીટિંગ કરવામાં આવી.

**તા. ૨-૧-૨૦૨૫**

- આજ રોજ જિલ્લા પંચાયત લાલ દરવાજા PNDT ડિપા.માં એન્ટીનેટલ સોનોગ્રાફીનાં ફોર્મ જમા કરાવવામાં આવ્યા.

**તા. ૩-૧થી તા. ૬-૧-૨૦૨૫**

- આ દિવસોમાં કુલ ૧૮ કંપનીઓની મુલાકાત લીધી અને ડિસેમ્બર-૨૦૨૪ના બીલ આપવાનું કામ કરવામાં આવ્યું. સેન્ટરના કામ બાબતે ચર્ચા કરવામાં આવી.

**તા. ૭-૧-૨૦૨૫**

- આજ રોજ ઝાયડસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડ. પ્રા.લિ. કંપનીમાં મુલાકાત કરવામાં આવી અને શ્રી ભાવેશ ઠાકરને મળીને તેમની કંપનીના વર્કરોનું મેડિકલ ફિટનેસ કરાવવાની જે અગાઉના દિવસ દરમિયાન મીટિંગ કરેલ હતી તે બાબતે ચર્ચા કરીને ઉત્તરાયણના તહેવાર પછી ફાઈનલ મીટિંગ કરવાનું નક્કી કર્યું. ત્યારબાદ નજીકના વિસ્તારમાં ત્રણ કંપનીમાં મુલાકાત લીધી અને સેન્ટર વિશે માહિતી આપવામાં આવી.

**તા. ૮-૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. ભાવિન ઠક્કર (પેથોલોજી)ને સોમથી શનિ સમય બપોરે ૩.૩૦થી ૪.૩૦ સેન્ટરમાં નિયુક્ત કરવામાં આવ્યા.

**તા. ૯-૧-૨૦૨૫**

- આજ રોજ કોલ્ડેજ ઈન્ડ. પ્રા.લિ. કંપનીમાં શ્રી નીરવભાઈ - જનરલ મેનેજરને મળ્યા અને સેન્ટર વિશે માહિતી આપી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ આપવામાં આવ્યા. ટાઈ-અપ કરવા માટે ચર્ચા કરી કે જેનો જવાબ થોડા દિવસમાં આપશે.

**તા. ૧૧-૧-૨૦૨૫**

- આજ રોજ કેરવેલ હેલ્થકેર પ્રા.લિ.માં શ્રી ઉલ્લાસભાઈને તેમજ રામદેવ ફૂડ પ્રા.લિ. કંપનીમાં શ્રી હિરેન શાહ અને શ્રી અનિલ પટેલને મળ્યા અને સેન્ટરમાં થતી સારવાર વિશે માહિતી આપવામાં આવી અને જરૂરી ડોક્યુમેન્ટ્સ આપવામાં આવ્યા.

**તા. ૧૩-૧-૨૦૨૫**

- આજ રોજ સેનોલેટ લાઈફકેર પ્રા.લિ. કંપનીમાં અને હેમટેક ઈન્ડસ્ટ્રીઝમાં મુલાકાત લીધી અને મેડિકલ ફિટનેસ સર્ટીફિકેટ તેમજ બ્લડ રીપોર્ટ આપવાનું કામ કરવામાં આવ્યું.

**તા. ૧૫-૧-૨૦૨૫**

- આજ રોજ ફોટોકીના કેમિકલ્સ, એ.બી.આર. ફ્લેક્સિબલ, સલામતી સિક્યોરીટી કંપનીમાં મુલાકાત લીધી. ડિસેમ્બર-૨૦૨૪ના મહિનાના બીલોનું ફૉલો અપ લીધું.

**તા. ૧૬-૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. આયુષી પંચાલ (ડેન્ટલ સર્જન)ની ઓ.પી.ડી. સોમથી શનિવાર દરમિયાન સમય સવારે ૯ થી ૧૨ – સેન્ટરમાં શરૂ કરવામાં આવી.

**તા. ૧૭-૧-૨૦૨૫**

- આજ રોજ કોલ્ડેજ પ્રા.લિ. કંપનીમાં નીલયભાઈને મળ્યા અને અગાઉ થયેલ ચર્ચામાં ટાઈ-અપ કરવા માટે મીટિંગ કરી. ત્યારબાદ ઝાયડસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીમાં અગાઉ થયેલ મીટિંગમાં મેડિકલ ફિટનેસ ક્યારે કરવાનું છે તે બાબતે મીટિંગ કરવામાં આવી.

## નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર

**તા. ૧૩-૧૨-૨૦૨૪**

- આજ રોજ ઘોડાસર સ્મૃતિ મંદિર પાસે આવેલા Signora Sky માંથી લેડીઝ ગ્રુપને શ્રી ચેતનભાઈ ધરોડે જશોદાનગર મેડિકલ સેન્ટરની મુલાકાત લેવાનું આમંત્રણ આપેલું.

**તા. ૧૫-૧૨-૨૦૨૪**

- આજ રોજ સેન્ટર પર દાંત, આંખ, ફિઝીયોથેરાપી અને હાડકાંની તકલીફો માટે નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન થયું. જેમાં ૭૫ લોકોએ કેમ્પનો લાભ લીધો. કેમ્પમાં 'પ્રજાસેવક' ન્યુઝમાંથી રીપોર્ટર આવેલા. એમણે એમના ન્યુઝમાં સેન્ટરની જાહેરાત કરી.

**તા. ૧૬-૧૨-૨૦૨૪**

- આજ રોજ સેન્ટરના PRO દીપકભાઈ ત્રિવેદીના રેફરન્સથી સ્વામિનારાયણ કુમકુમ મંદિર - મણિનગરના હરેકૃષ્ણ સ્વરૂપદાસ સ્વામી તથા પ્રેમવાત્સલ્ય સ્વામીએ સેન્ટર પર પગલા કર્યા.

**તા. ૧૭-૧૨-૨૦૨૪**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી ગિરીશભાઈ પોલડિયા તથા શ્રી રમણિકભાઈ ગોસરે સેન્ટરની મુલાકાત લીધી.

**તા. ૧૯-૧૨-૨૦૨૪**

- આજ રોજ આંખના ડૉક્ટર હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું સફળ ઑપરેશન થયું.

**તા. ૨૧-૧૨-૨૦૨૪**

- આજ રોજ શ્રી ચેતનભાઈ ધરોડના રેફરન્સથી ડૉ. નંદલાલ મહેશ્વરીએ સેન્ટરની મુલાકાત લીધી અને સેન્ટરની કાર્યપદ્ધતિ વિશે વિસ્તૃત ચર્ચા કરી.

**તા. ૧૪-૧૨-૨૦૨૪**

- આજ રોજ શ્રી ચેતનભાઈ ધરોડના રેફરન્સથી ઓર્થોપેડિક ડૉ. મેહુલ શાહે સેન્ટરની મુલાકાત લીધી હતી.

**તા. ૨૭-૧૨-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા આંખમાંથી છારી કાઢવાની પ્રોસીજર થઈ તથા મોતિયાનું એક સફળ ઑપરેશન થયું.

**તા. ૨૪-૧૨-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી અને સેન્ટરની કામગીરી વિશે ચર્ચા કરી.

**તા. ૩૦-૧૨-૨૦૨૪**

- આજ રોજ સેન્ટર પર સાંજની ઓ.પી.ડી. માટે દાંતના ડૉ. પ્રણાલી ઝોડપે તથા સવારની ઓ.પી.ડી. માટે ઈ.એન.ટી. ડૉ. ઓમાન પ્રજાપતિ સાથે વાતચીત કરી તેમની નિમણુંક કરી. દાંતની ઓ.પી.ડી. સોમથી શનિ સાંજે ૪ થી ૭ તથા ઇ.એન.ટી.ની ઓ.પી.ડી. સોમવાર અને શુક્રવારે સવારે ૯ થી ૧૦.૩૦ રહેશે.

**તા. ૧-૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ દ્વારા રેડિયોલોજિસ્ટ ડૉ. નીલ ચોક્સીની નિમણુંક થઈ. જે સેન્ટર પર સોમવારથી શનિવાર રોજ ૪થી ૫ વાગ્યા સુધી સેવા આપશે.

**તા. ૨-૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન થયું.

**તા. ૩-૧-૨૦૨૫**

- આજ રોજ જશોદાનગર સેન્ટર પર પોતાના જ કોમ્પ્લેક્સ એટલે કે સેફ્રોન બિઝનેસ પાર્કના સભ્યોને સેન્ટરની મુલાકાત લેવાનું આમંત્રણ આપેલું. આ કાર્યક્રમમાં ડૉ. હિતેન્દ્ર શાહ તથા શ્રી ચેતનભાઈ ધરોડે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં સેન્ટરના ફિઝીશિયન ડૉ. સંદીપ જોહરીએ લોકોને Lifestyle diseases જેવા કે ડાયાબિટીસ, બ્લડપ્રેશર, હૃદયરોગ વિશે ટૂંકી માહિતી આપી હતી અને સેન્ટરની મુલાકાત પછી હળવો નાસ્તો કરી બધા છૂટા પડ્યા હતા. આ કાર્યક્રમમાં ૮૦-૧૦૦ લોકોએ હાજરી આપી.

**તા. ૮-૧-૨૦૨૫**

- આજ રોજ શ્રી ચેતનભાઈ ધરોડના રેફ.થી વટવા સ્થિત ઇન્ડિયન ઓઇલ પેટ્રોલ પંપના ઑનર દર્શિત શાહે સેન્ટરની મુલાકાત લીધી હતી.

**તા. ૧૧-૧-૨૦૨૫**

- ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક સફળ ઑપરેશન થયું.

**તા. ૧૭-૧-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષિલ પોરિયા (ઓર્થોપેડિક) દ્વારા DG ની પ્રોસીજર સફળતાપૂર્વક ઑપરેશન થિયેટરમાં કરવામાં આવી.

# અતીતના ઓવારેથી.... : મણકો-૧૮

*'અતીતના ઓવારેથી'ના મણકા-૧૮ ના આ વિભાગમાં 'મંગલ મંદિર' ઓક્ટોબર-૨૦૦૫ના અંકમાં પ્રસારિત કરવામાં આવેલ લેખ "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ : અનાવરણ વિધિ તથા કૂપન લકી ડ્રો કાર્યક્રમ" અહીં ફરીથી પ્રસારિત કરીએ છીએ.*

*જેઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત હતા, તેઓને આ લેખ ફરીથી સપ્ટેમ્બર-૨૦૦૫ની યાદ અપાવશે.*

*જેઓ એ સમય ઉપસ્થિત નહોતા, તઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ભૂતકાળની પ્રવૃત્તિઓની ઝલક જોવા મળશે.*

*– તંત્રી મંડળ*

# શ્રી કચ્છી વિશ્રામ ગૃહ

## અનાવરણ વિધિ તથા કૂપન લકી ડ્રો કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ૪૨મો વાર્ષિક સ્નેહ સંમેલન, સ્વામિવાત્સલ્ય જમણવાર, તપસ્વીઓનું બહુમાન, તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન, મંગલ મંદિરની સારી કૃતિના લેખક તથા સારા પ્રતિભાવકારનું બહુમાન, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના રૂમોના તથા વિંગોના વિવિધ દાતાશ્રીઓની તક્તીઓની અનાવરણવિધિ તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહના કૂપનોનો લકી ડ્રોનો કાર્યક્રમ સંયુક્તપણે રવિવાર તા. ૧૮-૯-૨૦૦૫ના દિવસે બહારગામથી પધારેલ મહેમાનો તથા સ્થાનિક મહાનુભાવોની વિશાળ સંખ્યાની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ હતો.

સહુ પ્રથમ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર જી.એમ.ડી.સી.ના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી મુકેશભાઈ ઝવેરી તથા ગુજરાત રાજ્યની હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ શ્રી કાંતિભાઈ પૂજના વરદ્ હસ્તે મંગલદીપ પ્રગટાવડાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. સમાજના પ્રમુખ ડો. ચંદ્રકાંત દેઢિયાએ આવકાર પ્રવચન આપેલ હતું. ત્યારબાદ તક્તીઓની અનાવરણવિધિ શરૂ કરવામાં આવેલ હતી.

સહુ પ્રથમ શ્રી કચ્છી વિશ્રામ ગૃહના ત્રીજા માળ પરના દાતા શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન (નાની ખાખરવાલા) ચેરિટેબલ ટ્રસ્ટના રૂા. ૧૧ લાખના દાનની તક્તીનું અનાવરણ શ્રી મુકેશભાઈ ઝવેરીના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. ત્યારબાદ ૫, ૧૦, ૨૫ તથા ૫૦ કૂપનોની તક્તીઓનું અનાવરણ રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. ત્યારબાદ ભોંયતળિયાની અન્ય અનેક તક્તીઓનું અનાવરણ વિવિધ અનાવરણકારના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. ત્યારબાદ પ્રથમ માળ, દ્વિતીય માળ તથા તૃતીય માળની તક્તીઓનું અનાવરણ એક સાથે વિવિધ અનાવરણકારો દ્વારા કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમ દરમિયાન શ્રી મુકેશભાઈ ઝવેરી, શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન, શ્રી લેક્ષ જૈન, શ્રી ચંપકભાઈ હરિયા, શ્રી અશોક કુંવરજી શાહ, શ્રી મહેન્દ્ર કુંવરજી શાહ, શ્રી ઉપેન્દ્રકુમાર શિવજી, શ્રી મહેન્દ્રભાઈ સુધાકર, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી વાડીલાલ રતનશી સાવલા, શ્રી પંકજ અનોપચંદ મહેતા, શ્રી લબ્ધિકુમાર મોમાયા, શ્રી શંકરભાઈ સચદે, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા, શ્રી સુરેશભાઈ ઠક્કર, શ્રી નવીનભાઈ નેમચંદ મહેતા, શ્રી સી. આર. મહેતા, શ્રીમતી હર્ષાબહેન પરીખ વગેરે મહેમાનો બહારગામથી ઉપસ્થિત રહેલ હતા.

આ કાર્યક્રમ દરમ્યાન સ્થાનિક મહાનુભાવો શ્રી નાનુભાઈ મજીઠિયા, શ્રી લક્ષ્મીદાસ ઠક્કર, શ્રી જગદીશ ઠક્કર, શ્રી ધીરજભાઈ સોમપુરા, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી કાંતિલાલભાઈ પૂજ, શ્રી ઉગરચંદભાઈ ગઢેચા, શ્રી શાંતિલાલ રામજી ગાલા, શ્રી છોટુભાઈ ગાલા, શ્રી હરીશભાઈ રંગવાલા, માતુશ્રી ઝવેરબહેન રંગવાલા, શ્રી જયંતીભાઈ ભાનુશાળી, શ્રી ચીમનલાલ વલ્લભજી ઠક્કર, શ્રી એન. કે. શાહ, શ્રી વાલજી હંસરાજ પટેલ તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો તથા વિવિધ સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

ઉપરોક્ત અનાવરણ વિધિ બાદ ૧૦.૦૦ વાગ્યે સહુએ પંચાલ હોલ તરફ પ્રયાણ કરેલ હતું.

પંચાલ હોલમાં વિવિધ ભક્તિ ગીતો, પ્રાર્થના ગીત, સ્વાગત ગીત વગેરે શ્રીમતી કેતકી નિખિલ મહેતા તથા કુ. કાજલ મણિલાલ ગાલા દ્વારા વાજિંત્રો સાથે મીઠાશભર્યા સ્વરે ગાઈ સહુ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ હતું.

સૌ પ્રથમ શ્રી બાબુભાઈ વી. નાગડા તથા શ્રી હીરજી પાસુ શાહે સામૂહિક ક્ષમાપના કરાવેલ હતી.

ત્યારબાદ મહેમાનોનું બૂકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું.

સમાજના ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - મેડિકલ રાહત ફંડ"ની યોજનાની વિસ્તૃત માહિતી આપેલ હતી.

શ્રી બાબુભાઈ મેઘજી શાહે પોતાના પ્રવચનમાં જણાવેલ હતું કે શ્રી મુકેશભાઈ ઝવેરી જી.એમ.ડી.સી.ના અધ્યક્ષસ્થાને બિરાજ્યા તે અગાઉ જી.એમ.ડી.સી.એ કચ્છમાં કોઈ દાન આપેલ ન હતા. શ્રી મુકેશભાઈએ પોતાના સમયકાળમાં સમગ્ર કચ્છભરમાં જી.એમ.ડી.સી.ના દાનનો ધોધ વહેવડાવ્યો હતો. શ્રી મુકેશભાઈના સમય બાદ જી.એમ.ડી.સી.એ ફરી કોઈ જ દાન કચ્છમાં આપેલ નથી. આ રીતે શ્રી મુકેશભાઈએ તેમના સમયગાળામાં કચ્છની સારી એવી સેવા બજાવેલ હતી.

પોતાના પ્રવચનમાં શ્રી લેક્ષ જૈને જણાવેલ કે "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - મેડિકલ રાહત ફંડ"ની જે યોજના આ સમાજ તરફથી તરતી મૂકવામાં આવેલ છે તે યોજના બહુજ નાના પ્રમાણની છે. ખરેખર આ યોજનાનું રૂપ ઘણું જ મોટું હોવું જોઈએ. સમાજના સભ્યો પાસે સારો એવો પૈસો છે અને તેઓના દિલ પણ ઉદાર છે. તેથી કામ કરનારને આ સમાજમાં કોઈ દિવસ દાનની ખોટ સાલતી નથી.

શ્રી મુકેશભાઈ ઝવેરીએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ઊભું થયું તેનો જશ જી.એમ.ડી.સી. અથવા તો મને જતો નથી, પણ આ જશના અધિકારી આપ સૌ છો, કેમકે જી.એમ.ડી.સી.ના દાન કરતાં ચાર ગણી રકમ એકત્રિત કરી આપ સહુએ આ વિશ્રામ ગૃહ ઊભું કરેલ છે. એજ રીતે જી.એમ.ડી.સી.ના તેમના સમયગાળામાં કરવામાં આવેલ દાન માટે તેઓએ જણાવેલ કે તેમણે માત્ર તેમની ફરજ બજાવેલ છે અને કચ્છની ધરતીનું ઋણ ચૂકવેલ છે.

શ્રી શાંતિલાલ રામજી ગાલાએ તંદુરસ્તી વિશે વિષદ્ છણાવટ કરતું ખૂબજ માહિતીસભર પ્રવચન આપેલ હતું.

ત્યારબાદ કૂપન ડ્રો સમિતિના શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી, શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા, શ્રી પોપટલાલ નેણશી ધરોડ તથા શ્રી આણંદજી વેલજી વીરા દ્વારા શ્રી કચ્છી વિશ્રામ ગૃહની ૧૪ વિંગોના - પેસેજ લક્કી ડ્રોનો કાર્યક્રમ ઉપસ્થિત મહાનુભાવો તથા સમાજના સભ્યોના વરદ્ હસ્તે યોજવામાં આવેલ હતો. ૧૪ લક્કી ડ્રોના વિજેતા ભાગ્યશાળીઓના નામ આ જ અંકમાં અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે.

સમાજના પ્રમુખ ડો. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ પ્રમુખકીય પ્રવચન આપ્યા બાદ પ્રથમ ભાગના કાર્યક્રમને પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવેલ હતો.

અત્યાર સુધીના કાર્યક્રમનું સંચાલન શ્રી હીરેન કે. શાહ દ્વારા કરવામાં આવેલ હતું.

સ્વામિવાત્સલ્ય જમણવારમાં લગભગ ૧૪૦૦ જેટલી સમાજની વ્યક્તિઓએ તથા મહેમાનોએ ભાગ લીધેલ હતો. આ જમણવાર **માતુશ્રી પાનબાઈ ધારશી કુરિયા (મેરાઉ - અમદાવાદ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - મુંબઈ), શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા (મેરાઉ - અમદાવાદ)** તથા **શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ વી. નાગડા (ચાંગડાઈ - મુંબઈ)**ના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ હતો.

જમણવાર સમિતિના શ્રી કિશોર મૂળજી લાલકા, શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા, શ્રી લહેરચંદ પુનશી મૈશેરી, શ્રી સંદીપ મહેતા, શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા તથા "સંકલ્પ"ની સેવા ખડે પગે મળી રહેલ હતી. "સંકલ્પ"ના વોલંટીયર ગ્રૂપની કાર્યવાહી પણ સારી રહેવા પામેલ હતી.

સ્વામિવાત્સલ્ય બાદ બપોરના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી, જેનું સંચાલન શ્રીમતી અલ્પા મેહુલ શાહ દ્વારા કરવામાં આવેલ હતું.

સહુ પ્રથમ આ સમાજના જે સભ્યોએ પર્યુષણ પર્વમાં વિવિધ આરાધનાઓ કરેલ હોય તેમાંના ૮ ઉપવાસ કે તેથી વધુ ઉપવાસની તપસ્યા કરનારની અનુમોદના કરવામાં આવેલ હતી. આ વર્ષે આ સન્માનનો લાભ મૂળ માંડવીના તથા અમદાવાદ સ્થિત **શ્રી અમૃતલાલ પોપટલાલ સંઘવી પરિવારે** લીધેલ હતો. આ સમિતિના શ્રી પદમશીભાઈ ડાઘા તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરની કાર્યવાહી ઉત્તમ રહેલ હતી. તપસ્વીઓના નામોની યાદી આ જ અંકમાં અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે.

ધોરણ-૧૦ તેમજ ધોરણ-૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ હતું. સમાજના વિશિષ્ટ વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવેલ હતું. આ સન્માનના કાર્યક્રમની કામગીરી શ્રી મનીષ આણંદજી વીરાએ સંભાળેલ હતી. તેજસ્વી વિદ્યાર્થીઓ તથા વિશિષ્ટ વિદ્યાર્થીઓના નામોની નામાવલી તથા તેમના ફોટા આજ અંકમાં અન્યત્ર પ્રસારિત કરવામાં આવેલ છે.

'મંગલ મંદિર' પુરસ્કાર યોજનાનું સંચાલન 'મંગલ મંદિર'ના મુખ્ય સંપાદિકા બહેન શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા દ્વારા કરવામાં આવેલ હતું. આ પુરસ્કારો ૫૦ ગ્રામ ચાંદીની લગડી સ્વરૂપે આપવામાં આવેલ હતા. આ પુરસ્કારો આ યોજનાના સૌજન્યકાર **શ્રી મહેન્દ્ર વેલજી ખોના**ના સુપુત્ર શ્રી પ્રશાંત ખોના તથા પુત્રવધૂ રશ્મિ ખોનાના વરદ્ હસ્તે આપવામાં આવેલ હતા. આ પુરસ્કારો નીચે મુજબ એનાયત કરવામાં આવેલ હતા.

- જુલાઈ-૨૦૦૫ અંકની પ્રથમ નંબરે આવનાર કૃતિ
  "ભારતીય અર્થતંત્રનું એક ઉપકારક પરિબળ - વિદેશ અભ્યાસની ખેવના"
  લેખક : **શ્રી ધીરજભાઈ સોમપુરા - અમદાવાદ**
- ઓગસ્ટ-૨૦૦૫ના અંકની પ્રથમ નંબરે આવનાર કૃતિ
  "અંધ વિદ્યાર્થીઓની લેખણ લાકડી"
  લેખિકા : **શ્રીમતી અરુણાબહેન બિલ્ગી જાડેજા - અમદાવાદ**
- જુલાઈ - ૨૦૦૫ના અંકના પ્રથમ નંબરે આવનાર પ્રતિભાવ
  **શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી - અમદાવાદ**
- ઓગસ્ટ-૨૦૦૫ના અંકના પ્રથમ નંબરે આવનાર પ્રતિભાવ
  **શ્રી શાંતિલાલ વશનજી શાહ - અમદાવાદ**

બંને અંકની સારી કૃતિઓના લેખક તથા બંને અંકના સારા પ્રતિભાવકારને અત્રેથી ફરી ફરી અભિનંદન પાઠવવામાં આવે છે. બંને નિર્ણાયક સમિતિઓના કાર્યોને પણ બિરદાવવામાં આવે છે.

પુરસ્કારના સ્વીકાર સમયે શ્રી ધીરજભાઈ સોમપુરાએ ઉત્તરોત્તર પ્રગતિ સાધતા "મંગલ મંદિર"ના વિકાસને શુભેચ્છા પાઠવી હતી અને તેઓએ મળેલ પુરસ્કારની કિંમત કરતાં પાંચ ઘણું દાન એટલે કે રૂા. ૨૫૦૦/-નું દાન "મંગલ મંદિર" યોજનામાં આપવાની જાહેરાત કરેલ હતી, જેને ઉપસ્થિત સમુદાયે હર્ષની તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતી.

ત્યારબાદ સમાજમાં ચાલતા મેમરી ક્લાસના કાર્યક્રમની એક ઝલક શ્રી મૌલિક સોની તથા શ્રી હીરેન શાહ દ્વારા આ સભા સમક્ષ રજૂ કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમ દરમિયાન **જેકીન કિરીટ પ્રેમજી નંદુ**એ પોતાની અદ્ભુત યાદશક્તિનો પરિચય આ સભાને કરાવેલ હતો. સહુએ જેકીન, મૌલિક સોની તથા હીરેન કે. શાહને તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતા. આ સમય દરમિયાન શ્રી મૌલિક સોનીએ જણાવેલ કે માનવના ડાબા મગજ તથા જમણા મગજને યોગ્ય રીતે કેળવવામાં આવે તો તે ખૂબજ સારા પરિણામો આપે છે. આ ટ્રેઈનિંગ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને તેમની શાળાના પરિણામોમાં ઓછામાં ઓછા ૧૦ ટકાનો ફાયદો થશે તેવી ખાતરી પણ તેઓએ ઉચ્ચારેલ હતી. આ માટે હવે પછી શરૂ થતી બેચમાં સમાજના વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવી અપીલ શ્રી હીરેન કે. શાહ દ્વારા પોતાના પ્રવચનમાં કરવામાં આવેલ હતી.

આગામી તા. બીજી ઓક્ટોબરના રોજ રાખવામાં આવનાર કેન્સર નિદાન કેમ્પની સમજ શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ દ્વારા આપવામાં આવેલ હતી. તેમણે સમજાવેલ કે "કેન્સર" એટલે "કેન્સલ" નહીં પરંતુ જો આ કેન્સરને પ્રથમ સ્ટેજમાં પકડી પાડવામાં આવે તો તેની સારવાર થઈ શકે છે. આ માટે સમયાંતરે લોકોએ પોતાના શરીરના કેન્સર ટેસ્ટ કરાવી લેવા જોઈએ. તેમની અપીલ બાદ તા. બીજી ઓક્ટોબરના કેમ્પના, તેની ૩૦ની મર્યાદા શક્તિનાં પૂર્ણ નામો નોંધાઈ ગયેલ હતા.

ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન જે વિશિષ્ટ દાનોની દાતાશ્રીઓ તરફથી જાહેરાત કરવામાં આવેલ, તેને ઉપસ્થિત સમૂહગણે તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતી. આ દાનવીરોની વિગત નીચે મુજબ છે :

૧. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર બીજા માળના એક રૂમના નકરાના : રૂા. ૧,૫૧,૦૦૦/-
   **શ્રી નાનુભાઈ મજીઠિયા - અમદાવાદ**

૨. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ મેડિકલ રાહત ફંડ : રૂા. ૧,૦૦,૦૦૦/-
   **શ્રી વાડીલાલ રતનશી સાવલા - રાપર**

બંને દાતાશ્રીઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ખૂબ ખૂબ અભિનંદન.

અંતમાં સમાજના સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલાની આભારવિધિ બાદ, આજના કાર્યક્રમની પૂર્ણાહૂતિ જાહેર કરવામાં આવી હતી. ■

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૨૨

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ
(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી તથા પ્રવર્તમાન મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ - માંડવી જિનાલયના મૂળ નાયક ________ ભગવાન છે. (શ્રી આદિનાથ, શ્રી શાંતિનાથ, શ્રી પાર્શ્વનાથ)

૨. લિવીંગ વિલ કોણ ક્યારે બનાવી શકે? ________ (૧૮ વર્ષની ઉંમર કે એનાથી વધારે ઉંમર, ૫૦ વર્ષની ઉપરની ઉંમરની વ્યક્તિ, સિનિયર સિટીઝન વ્યક્તિ)

૩. ભારતનો ઐતિહાસિક વિજય દિવસ ________ છે. (૨૬ જાન્યુઆરી, ૧૬ ડિસેમ્બર, ૨૮ નવેમ્બર)

૪. કેનેડામાં ________ કરતા વધુ તળાવ છે. (૧ લાખ, ૪ લાખ, બે લાખ)

૫. તબલાવાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનનું ________ વર્ષે નિધન થયું. (૭૫, ૭૩, ૧૧)

૬. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ઈમારતનું લોકાર્પણ ________ ના દિવસે થયેલ હતું. (તા. ૨૬-૧-૨૦૦૧, તા. ૬-૧-૨૦૦૨, તા. ૧૫-૧-૨૦૦૩)

૭. શ્રી દમયંતીબેન રમણલાલ ગાલાએ ________ વર્ષની ઉંમરે ચક્ષુદાન તથા દેહદાન કર્યું. (૯૫, ૮૭, ૮૪)

૮. યુવા વિકાસ સમિતિ દ્વારા ________ના રોજ ક્રિકેટ લીગનું આયોજન કરવામાં આવેલ. (૧૫ ઓગસ્ટ, ૧૫ ડિસેમ્બર, ૧૫ નવેમ્બર)

૯. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેયર દ્વારા તેમના બજેટમાંથી આણંદજી કલ્યાણજી બ્લોકમાં રૂા. ________ લાખ ફાળવવામાં આવ્યા. (૫૧, ૨૫, ૨૧)

૧૦. નવેમ્બર મહિનામાં શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ કુલ ________ વ્યક્તિઓએ લીધો. (૩૨,૨૩૭ / ૩૬,૯૩૨ / ૩૮,૪૯૬)

## • મણકા–૨૧ ના સવાલોના સાચા જવાબો •

૧. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ : **3 ડિસેમ્બર.**

૨. રાષ્ટ્રીય ગણિત દિવસ : **૨૨ ડિસેમ્બર.**

૩. 'મંગલ મંદિર'ના અંદરના સાદા પેઈજ પર બ્લેક એન્ડ વ્હાઈટમાં ફૂલ પેઈજ જાહેરાતનો દર રૂા. **૨,૦૦૦/-** છે.

૪. મંગલ મંદિરનો દીપોત્સવી અંક **૧૨૪** પૃષ્ઠનો હતો.

૫. સુડોકુ ક્રમાંક-૧૧૬૯માં કુલ **૨૨** વ્યક્તિઓએ સાચા જવાબ મોકલ્યા હતા.

૬. અન્વેષણ પુસ્તકના લેખક : **પરેશ ભટ્ટ.**

૭. એપ્રિલ-૨૦૦૪થી માર્ચ-૨૦૦૫ દરમિયાન સમાજના કુલ **33૮૫** સભ્યોએ મેડિકલ સેન્ટરની સેવાનો લાભ લીધો.

૮. બોપલ મેડિકલ સેન્ટરમાં **તા. ૧૦-૧૦**ના રોજ ફૂટ મસાજ માટે કાંસા થાળી મશીન મૂકવામાં આવ્યું.

૯. ઓક્ટોબર-૨૦૨૪ માસ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિઓ : **૩૧૮૪૨**

૧૦. ૭૫મા પ્રજાસત્તાક દિવસે – શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ધ્વજવંદન કાર્યક્રમ કોના વરદ્ હસ્તે રાખવામાં આવેલ છે? **શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી.**

***મણકા-૨૧ (મંગલ મંદિર જાન્યુઆરી-૨૦૨૫ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૨. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૩. હસમુખ દામજી દેઢિયા – અડાલજ
૪. ગિરીશ પોલડિયા – અમદાવાદ
૫. રેખાબેન પરમાર
૬. નીરવ મહેન્દ્રભાઈ જાદવ – અમદાવાદ
૭. અજય અશ્વિનભાઈ રાણા – અમદાવાદ
૮. નરેન્દ્ર પ્રજાપતિ – અમદાવાદ
૯. સ્મિતા શાહ – અમદાવાદ
૧૦. જીનલ નીલેશ કારાણી – અમદાવાદ
૧૧. અવ્વાબરાજ એ. શેખ – અમદાવાદ
૧૨. નિલોફર આઈ. શેખ – અમદાવાદ
૧૩. ડૉ. લુબનાબેન આઈ. શેખ – અમદાવાદ
૧૪. રોનકબેન આઈ. શેખ – અમદાવાદ
૧૫. નવનીત ત્રિકમલાલ પટેલ – અમદાવાદ
૧૬. રીધ્ધિ પરીખ – અમદાવાદ
૧૭. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૮. ઝરણા પારેખ – અમદાવાદ
૧૯. નેહા પારેખ – અમદાવાદ
૨૦. દિશા પટેલ – અમદાવાદ
૨૧. કિંજલ દિવ્યેશ શેઠ – અમદાવાદ
૨૨. નીલમ હિતેશ સંઘવી – અમદાવાદ
૨૩. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૨૪. હર્ષિદા નીતિન સંઘવી – ગાંધીનગર
૨૫. ધનલક્ષ્મી કિશોર મોતા – મુંબઈ
૨૬. અશોક વી. શાહ – ગાંધીનગર
૨૭. ધવલ એન. શાહ – ગાંધીનગર
૨૮. હેમાબેન જગત શાહ – અમદાવાદ
૨૯. અમરીષ કે. સંઘવી – અમદાવાદ
૩૦. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૩૧. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ

***ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.***

| | | | |
|---|---|---|---|
| **૧.** | **રોનકબેન આઈ. શેખ** | **– અમદાવાદ** | **મો. ૯૨૭૬૭ ૫૨૨૩૫** |
| **૨.** | **દમયંતી દિલીપ દંડ** | **– અમદાવાદ** | **મો. ૯૩૭૭૮ ૩૯૬૨૩** |
| **૩.** | **ધનલક્ષ્મી કિશોર મોતા** | **– મુંબઈ** | **મો. ૯૮૧૯૯ ૦૬૦૬૨** |
| **૪.** | **ગિરીશ પોલડિયા** | **– અમદાવાદ** | **મો. ૯૪૨૭૦ ૨૮૩૯૦** |
| **૫.** | **જીનલ નીલેશ કારાણી** | **– અમદાવાદ** | **મો. ૮૧૦૫૬ ૭૭૫૩૨** |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

આપણા ડૉક્ટર્સને પહેચાનો

## આપણા ડૉક્ટર્સને પહેચાનો

# મણકો - ૧૭ : ડૉ. કાજોલ પ્રિથ્યાણી

અશોક મહેતા

'મંગલ મંદિર'ની કોલમ "આપણા ડૉક્ટર્સને પહેચાનો"ના મણકા નં.-૧૭માં આજે આપણે વાત કરીશું સ્કીન સ્પેશિયાલિસ્ટ ડૉ. કાજોલ પ્રિથ્યાણીની.

ડૉ. કાજોલ પ્રિથ્યાણીનો જન્મ રાજકોટમાં તા. ૭-૭-૧૯૯૪ના રોજ એક શિક્ષિત પરિવારને ત્યાં થયેલો. તેઓશ્રીએ શાળાકીય ૧ થી ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ રાજકોટની 'નિર્મલા કોન્વેન્ટ સ્કૂલ'માં કરેલ હતો. ધોરણ ૧૧ તથા ૧૨નો અભ્યાસ 'ઉત્કર્ષ સ્કુલ - રાજકોટ' ખાતેથી જ કરેલ હતો. ત્યારબાદ MBBS નો અભ્યાસ પણ તેઓએ રાજકોટની 'પીડીયુ મેડિકલ કોલેજ'માં કરી વર્ષ ૨૦૧૭માં MBBS ની પદવી પ્રાપ્ત કરેલ હતી.



**ડૉ. કાજોલ પ્રિથ્યાણી**
**M.D. (Skin)**

ત્યારબાદ તેઓશ્રી અમદાવાદ આવ્યા અને M.D. – Skin નો અભ્યાસ GMERS મેડિકલ કોલેજ, સોલા સિવિલ હોસ્પિટલ ખાતેથી વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૨માં પૂર્ણ કરેલ હતો. આ દરમિયાન તેઓશ્રીએ ડૉ. નીતિન વોરા અને ડૉ. ક્રિના પટેલના માર્ગદર્શન હેઠળ સોલા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સેવા ખૂબ જ ખંત અને જહેમતથી કરેલ હતી. પરિણામ સ્વરૂપે આ વિભાગના દર્દી તેમને આપવામાં આવેલ સારવારથી ખુશ થઈ - જરૂરી તંદુરસ્તી મેળવી, પોતાને ઘેર જતા હતા.

જિંદગીમાં કંઈક કરી છૂટવાની ભાવના અને તમન્ના હોવાથી તેઓ અહીં સુધી જ અટક્યા નહીં પરંતુ M.D. સુધીનો અભ્યાસ કર્યા બાદ લેસર અને કોસ્મેટીક ડર્મેટોલોજીમાં ફેલોશિપ કરીને આ ક્ષેત્રમાં મે-૨૦૨૩માં વિશેષતા પ્રાપ્ત કરેલ હતી. સાથે સાથે તેઓશ્રીએ વર્ષ ૨૦૨૨થી વર્ષ ૨૦૨૪ દરમિયાન સરસપુરમાં આવેલ શારદાબેન જનરલ હોસ્પિટલમાં સિનિયર રેસિડેન્ટ ડૉક્ટર તરીકે સેવા આપેલ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ખાતેના મેડિકલ સેન્ટરમાં તેઓશ્રી જાન્યુઆરી-૨૦૨૪થી જોડાયા અને અહીં રહી અઠવાડિયામાં પાંચ દિવસ સવારના ભાગે સેવા આપવાનું શરૂ કરેલ.

તેઓશ્રી એપ્રિલ-૨૦૨૪થી અમદાવાદ અને ગુજરાતભરમાં નામાંકિત એવી "કાયા સ્કીન ક્લિનિક"માં કન્સલ્ટન્ટ ડર્મેટોલોજિસ્ટ તરીકે જોડાઈને કાર્યરત રહેવા પામેલ છે. અહીં રહી તેઓશ્રીએ દર્દી કેન્દ્રિત સારવાર અને સંભાળ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરેલ છે અને દર્દીઓના પ્રશ્નો, તેમની ચિંતાઓના કારણો વગેરે આત્મિયતાપૂર્વક જાણી તેમની સારવાર દર્દીઓને અનુરૂપ બને એ રીતે કરતા આવેલ છે કે જેથી યોગ્ય સારવાર થકી દર્દી પોતાના સામાન્ય જીવનમાં ઓતપ્રોત થઈ શકે.

તેઓશ્રી અલગ અલગ સ્થળે કાર્યરત રહી દરરોજના ૩૫થી ૪૦ દર્દીઓની સેવા કરે છે. આજ દિન સુધી તેઓશ્રીએ અંદાજિત ૨૦,૦૦૦થી વધુ દર્દીઓની સેવા કરેલ છે.

તેઓશ્રીએ આ વિષયને લગતી અનેક રાષ્ટ્રીય પરિષદોમાં ભાગ લઈ, પ્રતિષ્ઠિત પુરસ્કારો જીતીને પોતાની નામના મેળવેલ છે અને પોતાની આગવી પ્રતિભા પણ સાબિત કરેલ છે.

અલગ અલગ રાજ્યોમાં યોજાતી નેશનલ કોન્ફરન્સમાં ૪ પેપર અને ૭ પોસ્ટર્સ રજૂ કરેલ છે.

નેશનલ કોસડર્મ - ૨૦૨૦માં ફ્રી પેપર કેટેગરીમાં બીજું ઈનામ પ્રાપ્ત કરેલ છે.

ગુજરાત રાજ્ય બ્રાંચ ક્યુટીકોન - ૨૦૨૦માં ઇ-પોસ્ટર માટે ઈનામ મેળવેલ છે.

નેશનલ લેવલની લેપ્રસી અને ડર્મેટોલોજી ક્વિઝમાં ૩ વખત ભાગ લીધેલ છે.

અલગ અલગ પોસ્ટ દરમિયાન બાયોપ્સી, સ્કાલ્પ બાયોપ્સી, રેડિયો ફ્રિક્વન્સી અને ઈલેક્ટ્રોકૌટરી, કેમિકલ પીલીંગ, ડર્મારોલર, ક્યુ સ્વિચ ND YAG અને ફ્રેક્શનલ CO2 લેસર, પ્લેટલેટ રીચ પ્લાઝમા / ફ્રિબરીન થેરાપીમાં સારું એવું પરફોર્મન્સ કરેલ છે.

ઈઅર લૉબ રીપેર, સિષ્ટ એક્ઝીશન, સ્કાર રીવીઝન, સર્જરીઝ પંચ ગ્રાફ્ટીંગ અને વીટીલોગમાં સક્શન બ્લીસ્ટર જાતે પરફોર્મ કરેલ છે.

ડૉ. કાજોલ એક આદરભર્યા અને કુશળ સ્કીન વિશેષજ્ઞ છે કે જે ચામડીના આરોગ્યમાં ઉત્કૃષ્ટતા, નવીનતા અને દયાળુ સંભાળ પ્રદર્શિત કરી શકે છે.

ડૉ. કાજોલની પારીવારિક જિંદગીની વાત કરીએ તો તેમના પતિ ડૉ. કુનાલ પારવાણી ગુજરાતની નામાંકિત હોસ્પિટલ યુ.એન. મહેતા હોસ્પિટલમાં હૃદયરોગ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે.

તેમના પિતાશ્રી દિનેશભાઈ પ્રિથ્યાણી જી.એસ.ટી. વિભાગમાં આસિસ્ટન્ટ કમિશ્નર તરીકે સેવા આપી નિવૃત્ત થયા પછી હાલમાં તેઓ જી.એસ.ટી. સલાહકાર તરીકે પ્રાઈવેટ પ્રેક્ટીસ કરે છે.

તેમના ભાઈ નિખિલ પ્રિથ્યાણી ગુજરાત નેશનલ લૉ કૉલેજમાં પોતાનો અભ્યાસ પૂર્ણ કરી હાલ તેઓ મુંબઈમાં કાર્યરત રહેવા પામેલ છે.

તેમના માતુશ્રી વિશાખાબેન પ્રિથ્યાણીએ બી.એ. વિથ ઈંગ્લીશ લીટરેચરનો અભ્યાસ કરેલ છે અને હાલ તેઓ હોમ-મેકર તરીકે કાર્યરત રહેવા પામેલ છે.

આ રીતે તેમનો સંપૂર્ણ પરિવાર ખૂબ જ શૈક્ષણિક કોટીનો છે અને દરેક વ્યક્તિ પોતાના ક્ષેત્રમાં કાર્યરત રહે છે.

આપણે ઈચ્છીએ કે ડૉ. કાજોલ તેમના જીવનમાં સેવાના વધુને વધુ શિખર સર કરે અને ગુજરાતભરના આ ક્ષેત્રના દર્દીઓની યોગ્ય સારવાર કરી તેઓને તંદુરસ્ત બનાવે.

## નિવૃત્તિ પછીના સુખી અને સ્વસ્થ જીવન માટે ભલામણો

*નિવૃત્તિ પછીના સુખી અને સ્વસ્થ જીવન માટે આ ૩૬ ભલામણોની યાદી છે.*

૧. એકલા મુસાફરી કરવાનું ટાળો.
૨. તમારા જીવનસાથી સાથે મુસાફરી કરો.
૩. પીક અવર્સ દરમિયાન બહાર જવાનું ટાળો.
૪. વધુ પડતી કસરત કે ચાલવાનું ટાળો.
૫. વધુ પડતું વાંચન, મોબાઈલનો ઉપયોગ કે ટીવી જોવાનું ટાળો.
૬. વધુ પડતી દવા ટાળો.
૭. સમયસર ડોકટરોની મુલાકાત લો અને નિયમિતપણે દવાઓ લો.
૮. નિવૃત્તિ પછી પ્રોપર્ટી ડીલિંગ ટાળો.
૯. હંમેશા તમારી ID અને મહત્ત્વપૂર્ણ ફોન નંબર સાથે રાખો.
૧૦. ભૂતકાળને ભૂલી જાઓ અને ભવિષ્ય વિશે વધુ ચિંતા કરશો નહીં.
૧૧. તમને જે અનુકૂળ આવે તે ખાઓ અને ધીમે ધીમે ચાવો.
૧૨. બાથરૂમ અને ટોઈલેટમાં સાવધાની રાખો.
૧૩. ધૂમ્રપાન અને પીવાનું ટાળો, તે હાનિકારક છે.
૧૪. તમારી સિદ્ધિઓ વિશે બડાઈ મારશો નહીં.
૧૫. નિવૃત્તિ પછી થોડા વર્ષો માટે વ્યાપક મુસાફરી કરો, પછી ભીડવાળી જગ્યાઓ ટાળો.
૧૬. અન્ય લોકો સાથે તમારી મિલકત અને સંપત્તિની ચર્ચા કરશો નહીં.
૧૭. તમારી ક્ષમતા અને સ્વાસ્થ્ય અનુસાર કસરત કરો.
૧૮. જો તમને હાઈ બીપી અથવા હૃદયની સમસ્યા હોય તો હેડસ્ટેન્ડ અને કપાલભાતી ટાળો.
૧૯. સકારાત્મક રહો અને વધુ પડતી લાગણીઓ ટાળો.
૨૦. જમ્યા પછી તરત સૂવું નહીં.
૨૧. બીજાને પૈસા ઉછીના ન આપો.
૨૨. આવનારી પેઢીને વણમાગી સલાહ આપવાનું ટાળો.
૨૩. બીજાના સમયનો આદર કરો.
૨૪. જો તમને જરૂર ન હોય તો વધુ કમાવાનો પ્રયાસ કરશો નહીં.
૨૫. રાત્રે સારી રીતે સૂવા માટે દિવસની નિદ્રા ટાળો.
૨૬. તમારી પોતાની જગ્યા રાખો અને અન્યની ગોપનીયતાનો આદર કરો.
૨૭. વિલ બનાવો અને તમારા જીવનસાથીની સલાહ લો.
૨૮. તમારી નિવૃત્તિની બચત આગામી પેઢીને આપવાનું ટાળો.
૨૯. વરિષ્ઠ નાગરિકોના જૂથમાં જોડાઓ, પરંતુ તકરાર ટાળો.
૩૦. જો તમને ઊંઘ ન આવે તો બીજાને ખલેલ પહોંચાડશો નહીં.
૩૧. ઝાડ પરથી ફૂલો તોડશો નહીં.
૩૨. રાજકારણની ચર્ચા કરવાનું ટાળો અથવા અલગ-અલગ અભિપ્રાયો સ્વીકારો.
૩૩. તમારા સ્વાસ્થ્ય વિશે સતત ફરિયાદ કરશો નહીં.
૩૪. તમારા જીવનસાથી સાથે ઝઘડો કરવાનું ટાળો. તેઓ તમારો પ્રાથમિક આધાર છે.
૩૫. આધ્યાત્મિક કાર્યક્રમોમાં હાજરી આપો પરંતુ આંધળા અનુયાયી ન બનો.
૩૬. સ્મિત સાથે તણાવમુક્ત જીવન જીવો.

***આ પોસ્ટ જે ભારતના રાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક કલ્યાણ સંઘ દ્વારા શેર કરવામાં આવી છે તે દરેક માટે ખૂબ જ ઉપયોગી છે, કૃપા કરીને જુઓ અને સમજવાનો અને અનુસરવાનો પ્રયાસ કરો.***

## NanoNine® શબ્દ રમત-૨૧૫

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ■ | ૬ | | ૭ | ૮ | ■ |
| ૯ | | ■ | | ■ | ૧૦ | | | ■ | ૧૧ | | ૧૨ |
| | ■ | ૧૩ | | ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | ■ | ૧૭ | |
| ૧૮ | | ■ | ■ | ૧૯ | ■ | ■ | ૨૦ | | ૨૧ | ■ | |
| | ■ | ■ | ૨૨ | | ૨૩ | | ■ | ૨૪ | | ૨૫ | ■ |
| ૨૬ | ૨૭ | ■ | | ■ | | ■ | ૨૮ | ■ | ૨૯ | | |
| ૩૦ | | ૩૧ | | ■ | | ■ | ૩૨ | ૩૩ | ■ | | ■ |
| ૩૪ | | | ■ | ૩૫ | ■ | ■ | ■ | | ■ | ૩૬ | |
| ■ | ■ | ■ | ૩૭ | | ૩૮ | | ૩૯ | | ૪૦ | ■ | ■ |
| ૪૧ | ૪૨ | ૪૩ | ■ | ૪૪ | | ■ | | ■ | ૪૫ | | ૪૬ |
| ■ | ૪૭ | | ૪૮ | ■ | ૪૯ | ■ | ૫૦ | ૫૧ | ■ | ■ | |
| ■ | ■ | ૫૨ | | | | ■ | ૫૩ | | | ■ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૨૮-૦૨-૨૦૨૫ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. અભણ, અક્ષરજ્ઞાન વિનાનું (૪)
૬. શિખામણ, સલાહ (અ.) (૪)
૯. દુ:ખ, ખેદ, દિલગીરી (૨)
૧૦. પાન સોપારી પૈસા રાખવાની ઘણા પડવાળી કોથળી (૩)
૧૧. રીત, રિવાજ (૩)
૧૩. લવારો (૪)
૧૫. દિવસ (૨)
૧૭. દોરડી, પરું (૨)
૧૮. વિનયી, સાલસ (૨)
૨૦. બાજુ, પક્ષ (૩)
૨૨. અમિતાભ અને હેમા માલિનીનું પિક્ચર – માળી (ફા) (૪)
૨૪. કર્મ, કૃત્ય (૩)
૨૬. જંગલી (૨)
૨૯. જન્મ, અવતરવું તે (૩)
૩૦. પરાક્રમ, કારસ્તાન (૪)
૩૨. મોટી પંજાબી રોટી, પાંઉ (ફા) (૨)
૩૪. રૂપું, ધોળાશ પડતું (૩)
૩૬. સમાન, કસમ (૨)
૩૭. ખેલ, ક્રિડા (૩)
૩૯. મર્દ, પુરુષ (૩)
૪૧. પંચ (૩)
૪૨. ચર્ચા (૨)
૪૪. રગ (૨)
૪૫. યદુનો વંશજ, શ્રીકૃષ્ણ (૩)
૪૭. એક ધાતુ (૩)
૫૦. કર્મ, કૃત્ય (૨)
૫૨. લાચાર, નિરૂપાય (૪)
૫૩. રેલવેનું બોગદુ (અં.) (૩)

### ઊભી ચાવીઓ

૧. ઈશ્વર ______ છે (૮)
૨. અણુ, ધૂળનો કણ (૨)
૪. ધોબી (૩)
૫. સુગંધી, સુરભિ (૩)
૬. નવું ઉદય થયેલું (૪)
૭. દરેક, પ્રત્યેક, શંકર (૨)
૮. એક જાતનું બારીક કાપડ (૩)
૧૨. અવતારી પુરુષ (૩)
૧૪. ડાબુ અંગ, અર્ધાંગના (૩)
૧૬. દોઝખ, વિષ્ટા (૩)
૧૯. સેંથો, પાંથી (૨)
૨૧. કર્તવ્ય (૩)
૨૨. મૃત્યુ પાછળ બારમા દિવસની ક્રિયા (૩)
૨૩. ______ના રોટલા શિયાળામાં ખવાય (૩)
૨૫. અશુભ, અપશુકનિયાળ (૪)
૨૭. જલજ, કમળ, ઈંદીવર (૩)
૨૮. માતાના પિતા (૨)
૩૧. જ્ઞાતિ, કુળ (૨)
૩૩. દૃષ્ટિ, લક્ષ (૩)
૩૫. દમવું તે, પીડવું તે (૩)
૩૮. છબી, ચિત્ર (૪)
૩૯. મંદ સ્મિત (૪)
૪૦. ______ ડાકણને ખાય (૨)
૪૨. પીડા, કંટાળેલું (૨)
૪૩. પખવાડિયાની દસમી તિથિ (૩)
૪૬. પ્રિય, પતિ (૩)
૪૮. એક તેજાનો (૨)
૪૯. શૂર, પરાક્રમી (૨)
૫૧. અંતઃકરણ, દિલ (૨)

### દેશની શાળાઓમાં વિદ્યાર્થીઓનો ઘટાડો

*દેશમાં શાળાઓની સંખ્યામાં ગયા વર્ષની સરખામણીમાં વધારો થયો છે, પરંતુ વિદ્યાર્થીઓની નોંધણીમાં ઘટાડો થયો છે. જ્યારે શાળાઓની સંખ્યા ૧૪.૬૬ લાખથી વધીને ૧૪.૭૧ લાખ થઈ છે ત્યારે તેમાં વિદ્યાર્થીઓની નોંધણી ૨૫.૧૭ કરોડથી ઘટીને ૨૪.૮૦ કરોડ થઈ છે. આ ઘટાડો તમામ કેટેગરીમાં એટલે કે દીકરાઓ, દીકરીઓ, ઓબીસી, લઘુમતીમાં ઓછો થયેલ છે.*

## NanoNine® શબ્દ રમત-૨૧૪નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધૂ | રં | ધ | ર | | ભા | ગી | દા | ર | | શ | રૂ |
| રા | જ | ન | | પા | વ | ર | | ઘ | ન | શ્યા | મ |
| | ન | | ચ | મ | ન | | હ | વા | | | ઝુ |
| પા | | આ | | ર | ગ | ડો | | ટ | મ | ટ | મ |
| વ | ડો | દ | રા | | ર | | ક | | કા | | |
| ક | લ | મ | | અ | | | શ | ય | ન | ગૃ | હ |
| | ર | | જ | મા | ઈ | | મ | | | | |
| અ | | વે | ગ | ન | | સા | ક | ર | | સ | રા |
| પ | વ | ન | | ત | ળ | | શ | બ | વા | હિ | ની |
| રી | ક્ત | | ર | | | ખુ | | ડી | | ય | |
| ચિ | | ગ | મ | ત | | શ | | | શ | ર | ત |
| ત | હો | મ | ત | દા | ર | | પા | ત | ક | | થ્ય |

*ડિસેમ્બર-૨૦૨૪ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૧૩ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. દમયંતી દંડ – અમદાવાદ
૩. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬. હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૭. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૮. ઝરણા પારેખ – અમદાવાદ
૯. કામિની શેઠ – અમદાવાદ
૧૦. કલ્પના પાલાણી – અમદાવાદ
૧૧. રીદ્ધિ પરીખ – અમદાવાદ
૧૨. મિત મહેતા – અમદાવાદ
૧૩. જ્યોતિ ગડા – અમદાવાદ
૧૪. કિંજલ શેઠ – અમદાવાદ
૧૫. શાંતિલાલ લાલકા – હુબલી (કર્ણાટક)
૧૬. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૭. પ્રવીણ દંડ – અમદાવાદ
૧૮. રોનકબેન શેખ – અમદાવાદ
૧૯. લુબનાબેન શેખ – અમદાવાદ
૨૦. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૨૧. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૨૨. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૨૩. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૨૪. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૨૫. જયશ્રી સાવલા – અમદાવાદ
૨૬. પ્રભા શેઠિયા – વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** **:**

**(૧) દમયંતી દંડ – અમદાવાદ**
**(૨) કલ્પના પાલાણી – અમદાવાદ**
**(૩) રીદ્ધિ પરીખ – અમદાવાદ**

## શબ્દ રમત તેમજ નેનો નાઇન સુડોકુ વિતેલ સમય પછી મળેલ જવાબ મોકલાવનારના નામ

### નેનો શબ્દ રમત-૨૧૩ (ડિસેમ્બર-૨૦૨૪)

૧. દક્ષા મકવાણા – પાલડી (કચ્છી સ્ટાફ)

### નેનો નાઇન સુડોકુ - ૧૧૭૧ (ડિસેમ્બર-૨૦૨૪)

૧. દિનેશ મોહનલાલ વોરા – અમદાવાદ

*__નોંધ__ : શબ્દ રમત તથા સુડોકુની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબો આપેલ સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળે તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

*પગના તળિયે છાલા એને પડે, જે સિદ્ધાંતો પર ચાલતા હોય.*

## ભારતમાં કાયદા મુજબ કામના કલાકો

ભારતમાં કાયદા મુજબ કામના કલાકો નીચે મુજબ છે.

ભારતમાં ફેક્ટરી એક્ટ હેઠળ આવરી લેવામાં આવતા કામદારો એટલે કે બ્લ્યુ કોલર જોબ્સ માટે દૈનિક કામકાજના કલાકો નવ કલાક છે. આના કરતાં વધારે કામ કરાવવામાં આવે તો ઓવરટાઈમ ચૂકવવો પડે છે.

વ્હાઈટ કોલર જોબ્સ ફેક્ટરી એક્ટમાં આવતી નથી. તે માટે જુદા જુદા રાજ્યોમાં જુદા જુદા કાયદા છે.

મહારાષ્ટ્ર અને તેલંગાણા જેવા રાજ્યોમાં નવ-નવ કલાક અથવા તો સપ્તાહમાં કામકાજના ૪૮ કલાક જરૂરી છે.

દિલ્હીમાં આ જોબ્સને શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ આવરી લેવાઈ છે. તે મુજબ ૯ કલાક કામ પછી કામ કરાવાય તો ઓવરટાઈમ ચૂકવવો પડે છે.

## NanoNine® Sudoku

**ડિસેમ્બર-૨૦૨૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૧ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. અજય રાણા – અમદાવાદ
૨. નીરવ જાદવ – અમદાવાદ
૩. રોનકબેન શેખ – અમદાવાદ
૪. લુબનાબેન શેખ – અમદાવાદ
૫. નીલોફર શેખ – અમદાવાદ
૬. અવ્વાબરાજ શેખ – અમદાવાદ
૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૮. સ્મિતા શાહ – અમદાવાદ
૯. હેમલતા દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૦. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૧. ઝરણા પારેખ – અમદાવાદ
૧૨. વીણા વોરા – ગાંધીનગર
૧૩. કામિની શેઠ – અમદાવાદ
૧૪. કલ્પના પાલાણી – અમદાવાદ
૧૫. આશિષ પરીખ – અમદાવાદ
૧૬. જ્યોતિ ગડા – અમદાવાદ
૧૭. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૮. મહેન્દ્ર પૂજ – અમદાવાદ
૧૯. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૨૦. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૨૧. ચંદ્રિકા શાહ – સુરત
૨૨. પારૂલ સાવલા – અમદાવાદ
૨૩. નયના ગોગરી – અમદાવાદ
૨૪. પ્રભા શેઠિયા – વલસાડ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર બે વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : (૧) લુબનાબેન શેખ – અમદાવાદ
(૨) વીણા વોરા – ગાંધીનગર

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૭૩અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૮-૦૨-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૭૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | 6 | 2 | 1 | | |
| 8 | | 4 | 9 | | | | | 5 |
| | 1 | | | | 5 | | 2 | 9 |
| | 6 | | 5 | 2 | | | 8 | |
| 2 | | 8 | | | | 4 | | 1 |
| | 5 | | | 7 | 8 | | 3 | |
| 7 | 3 | | 1 | | | | | |
| 1 | | | | | 9 | 5 | | 3 |
| | | 9 | 2 | 3 | | 6 | | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | | 2 | 6 | 1 | | 4 |
| | | 5 | 9 | | | 3 | | |
| 8 | | 1 | | | 7 | | 5 | |
| | 3 | 6 | 7 | | | | | 1 |
| | 5 | | 2 | | 1 | | 4 | |
| 1 | | | | | 3 | 6 | 2 | |
| | 1 | | | 8 | | 5 | | 7 |
| | | 9 | | | 4 | 2 | | |
| 5 | | 3 | 6 | 7 | | | 1 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 8 | | 6 | 5 | | 2 | | |
| | 1 | | 4 | | | | 6 | 5 |
| 2 | | 5 | | | 3 | | | 4 |
| 5 | | | | 9 | | 7 | | 6 |
| | 3 | | | 2 | | | 8 | |
| 7 | | 8 | | 3 | 6 | | | 2 |
| 1 | | | 2 | | | 3 | | |
| 3 | 4 | | 7 | 1 | 5 | | 2 | |
| | | 2 | | | 9 | | 1 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | 4 | 6 | | 1 | | |
| 7 | | 1 | | | | | 4 | |
| | 8 | | 5 | | 1 | | 2 | 3 |
| 3 | 5 | 7 | 8 | | | | | |
| | | 8 | | 2 | | 3 | | |
| | | | 7 | | 4 | 8 | 6 | 5 |
| 8 | 7 | | 1 | | 9 | | 3 | |
| | 1 | | | | | 4 | | 9 |
| | | 4 | | 8 | 3 | | | 1 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૭૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 4 | 1 | 8 | 3 | 6 | 9 | 5 | 7 |
| 3 | 5 | 8 | 9 | 1 | 7 | 6 | 4 | 2 |
| 6 | 7 | 9 | 4 | 5 | 2 | 1 | 8 | 3 |
| 1 | 2 | 7 | 5 | 9 | 4 | 3 | 6 | 8 |
| 9 | 6 | 5 | 3 | 2 | 8 | 4 | 7 | 1 |
| 4 | 8 | 3 | 6 | 7 | 1 | 5 | 2 | 9 |
| 7 | 9 | 2 | 1 | 6 | 5 | 8 | 3 | 4 |
| 8 | 3 | 6 | 7 | 4 | 9 | 2 | 1 | 5 |
| 5 | 1 | 4 | 2 | 8 | 3 | 7 | 9 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 1 | 8 | 9 | 2 | 6 | 5 | 7 |
| 7 | 8 | 2 | 6 | 5 | 1 | 9 | 4 | 3 |
| 6 | 9 | 5 | 3 | 4 | 7 | 8 | 1 | 2 |
| 1 | 4 | 9 | 7 | 2 | 5 | 3 | 8 | 6 |
| 8 | 2 | 7 | 1 | 3 | 6 | 4 | 9 | 5 |
| 5 | 6 | 3 | 9 | 8 | 4 | 7 | 2 | 1 |
| 3 | 7 | 4 | 2 | 1 | 9 | 5 | 6 | 8 |
| 9 | 1 | 8 | 5 | 6 | 3 | 2 | 7 | 4 |
| 2 | 5 | 6 | 4 | 7 | 8 | 1 | 3 | 9 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 6 | 1 | 2 | 9 | 4 | 8 | 3 | 7 |
| 2 | 9 | 3 | 1 | 8 | 7 | 6 | 5 | 4 |
| 4 | 8 | 7 | 5 | 3 | 6 | 9 | 1 | 2 |
| 1 | 4 | 8 | 3 | 6 | 2 | 7 | 9 | 5 |
| 7 | 3 | 5 | 8 | 1 | 9 | 2 | 4 | 6 |
| 6 | 2 | 9 | 7 | 4 | 5 | 3 | 8 | 1 |
| 3 | 5 | 6 | 4 | 7 | 8 | 1 | 2 | 9 |
| 9 | 1 | 4 | 6 | 2 | 3 | 5 | 7 | 8 |
| 8 | 7 | 2 | 9 | 5 | 1 | 4 | 6 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 8 | 1 | 5 | 2 | 6 | 7 | 3 | 4 |
| 5 | 2 | 3 | 4 | 7 | 8 | 1 | 6 | 9 |
| 6 | 4 | 7 | 1 | 9 | 3 | 5 | 8 | 2 |
| 3 | 9 | 6 | 2 | 1 | 7 | 4 | 5 | 8 |
| 2 | 1 | 4 | 3 | 8 | 5 | 6 | 9 | 7 |
| 7 | 5 | 8 | 6 | 4 | 9 | 3 | 2 | 1 |
| 8 | 6 | 9 | 7 | 3 | 4 | 2 | 1 | 5 |
| 4 | 3 | 2 | 9 | 5 | 1 | 8 | 7 | 6 |
| 1 | 7 | 5 | 8 | 6 | 2 | 9 | 4 | 3 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# અન્ય સંસ્થાના સમાચાર

## ગ્લોબલ કચ્છ, કચ્છમિત્ર સુખનું સરનામું સહિતની સંસ્થાના અગ્રણીઓએ જળસંપત્તિ મંત્રી સાથે બેઠક યોજી

### કચ્છની સાત નદીને પુનઃ જીવંત કરવા સરકાર સુચારુ આયોજન ઘડે

કચ્છ જિલ્લાની ખૂબ જ મહત્ત્વની અને જીવાદોરી સમાન સાત નદીને પુનઃ જીવંત કરવા અને કચ્છની પાણીની સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા પાણી બાબતેની વિસ્તૃત પ્રોજેક્ટ ફાઈલો કેન્દ્રિય જળ સંપત્તિ મંત્રીને કચ્છ જિલ્લાની વિવિધ સંસ્થાના અગ્રણીઓએ મળીને અર્પણ કરી હતી.

ગાંધીનગર ખાતે કેન્દ્રિય જળ સંપત્તિ મંત્રી સી. આર. પાટીલને રૂબરૂ મળી રૂપિયા ૯૬ કરોડની પ્રોજેક્ટ ફાઈલો અંગે ચર્ચા કર્યા બાદ શ્રી પાટીલે આ પ્રોજેક્ટ બાબતે વિસ્તૃત ચર્ચા કરવા સંસ્થાઓના મોવડીઓને ટૂંક સમયમાં દિલ્હી આવવા અને સિંચાઈ ખાતાના અધિકારીઓ સાથે બેસી વિસ્તૃત બેઠક કરવા આમંત્રણ પાઠવ્યું હતું.

આ બેઠકમાં ગ્લોબલ કચ્છ, કચ્છમિત્ર સુખનું સરનામુંની ટીમ સાથે કચ્છ યુવક સંઘના પ્રમુખ રાહુલભાઈ દેઢિયા, કચ્છી ભાનુશાલી દેશ મહાજનના પ્રમુખ દામજીભાઈ ભાનુશાલી, ગોવિંદભાઈ ભાનુશાલી અને ભાનુશાલી સમાજના અગ્રણીઓ, કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ પ્રતાપભાઈ દંડ તેમજ પદાધિકારીઓ, વી.આર.ટી.આઈ. માંડવીના કમલેન્દુ ભગત, એગ્રોસેલના મગનભાઈ, સમસ્ત મહાજનના આકાશભાઈ શાહ, અદાણી ફાઉન્ડેશનના કિશોરભાઈ ચાવડા, માનવતા ગ્રુપના પ્રમુખ ગોવિંદભાઈ દનિચા, ભાજપના અગ્રણીઓ મનોજભાઈ ગઢવી, હર્ષદભાઈ કટારિયા, ગ્લોબલ કચ્છના અગ્રણીઓ ગોવિંદભાઈ મંગે, મહેન્દ્રભાઈ ગડા, ધીરજભાઈ છેડા - એકલવીર, કપીલભાઈ વ્યાસ અને અન્ય અગ્રણીઓએ ઉપસ્થિત રહી બેઠકમાં ભાગ લીધો હતો.

બેઠકમાં તા. ૨૩-૨ના ભારાપર - ધ્રુફી ખાતેના કાર્યક્રમમાં પધારવા મંત્રીને આમંત્રણ અપાયું હતું. બેઠકનું સંચાલન સુધાંશુભાઈ મહેતાએ કર્યું હતું.

## શ્રી મુંદ્રા વીસા શ્રીમાળી ઓસવાલ ગૂર્જર જૈન મિત્ર મંડળ - મુંબઈ

### સ્વર ઉત્સવ ● રવિવાર, તા. ૧૨-૧-૨૦૨૫

પુરૂષાર્થ, પરીશ્રમ અને પ્રોત્સાહનનો ત્રિવેણી સંગમ થાય છે ત્યાં યશકલગીના ફૂલોની ફોરમ છવાય છે. સૂરીલા કંઠ સાથે સંગીત રેલાય છે ત્યાં દીપકના અજવાળા પથરાય છે, લોકોના મન પ્રફુલ્લિત થાય છે. આવો જ કાંઈક અનેરો અનુભવ રવિવાર, તા. ૧૨-૧-૨૦૨૫ના દિવસે મુંદ્રા સમાજના સભ્યોએ અનુભવ્યો - માણ્યો. ઘણા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી, જેના આયોજન માટે શ્રી મુંદ્રા સમાજના યુવા કાર્યકરો ઉત્સાહ, ઉમંગથી કાર્યરત હતા; તે સ્વર ઉત્સવના દિવસના આયોજનને સફળ બનાવવા ખાસ કરીને દાનેશ્વરી દાતાઓએ દિલથી આ કાર્યક્રમ માટે પોતાના અનુદાન આપવા આગળ આવી ધન્ય બન્યા અને મુંદ્રા સમાજના આ કાર્યક્રમ માટે જરૂરી ઈંધણ પૂરવાનું કામ કર્યું. તેઓ ધન્યવાદને પાત્ર છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક સભ્યોએ પોતાની ગાયક કલાને સુંદર રીતે ખિલવવા માટે પૂરેપૂરો સમય આપી, પૂરી મહેનત, ધીરજ અને ખંતપૂર્વક મન લગાવી અભ્યાસ કર્યો અને પોતાની કલાને આબેહૂબ સુંદર રીતે મંચ પરથી રજૂઆત કરવા યશસ્વી બન્યા તેઓ બધા પ્રશંસાને પાત્ર છે. ગીત અને સંગીતના સૂરોના સથવારે તન-મનથી પ્રફુલ્લિત પ્રેક્ષકો આ બધાની કલાને તાળીના ગડગડાટથી વધાવવા આતુર પ્રેક્ષકોની ઉત્કંઠા અનેરી જોવા મળી. ગીત અને સંગીતના સૂરોની રેલમછેલ તો જાણે વરસાદથી ભીની થયેલ ધરતી પરની મઘમઘાહટ. મંચ પર ચાલી રહેલા આ અફલાતુન કાર્યક્રમની પળ-પળને પોતાના મોબાઈલ કેમેરામાં કંડારી લેવા શોખીન પ્રેક્ષકોને જોઈને એમ લાગી રહ્યું હતું કે ખરેખર આ કાર્યક્રમ સુંદર અદ્‌ભુત હતો. આવા સરસ કાર્યક્રમનો યશ આ કાર્યક્રમ માટે અનુદાન આપનાર સર્વે દાનેશ્વરી દાતાઓ, નિષ્ઠાવાન કાર્યકરો, ભાગ લેનાર કલાકારો તથા આ કાર્યક્રમની શોભા વધારનાર પ્રેક્ષકોને જાય છે. આ પ્રેક્ષકોની ઉર્મિઓને વાચા આપવા કાર્યક્રમ પહેલા અને પછી સુંદર મજાના ભાવતા પકવાનની વ્યવસ્થા સુંદર હતી.

## ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ

*અમદાવાદના ઈન્ટરનેશનલ ફ્લાવર શોને વર્લ્ડ લાર્જેસ્ટ ફ્લાવર બુકે માટે ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન અપાયું. આ પહેલા આ રેકોર્ડ અલ-એઈન મ્યુનિસિપાલિટીના નામ પર હતું.*

## શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ

### સમાજના બાળકોનું શૈક્ષણિક સન્માન તથા સંગીતમય સાંજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

અનશનવ્રતધારી, જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૨૬ વર્ષથી કોઈપણ નાત-જાતના ભેદભાવ વગર માનવસેવા, જીવદયા અને બીજી અનેક સેવાકીય પ્રવૃત્તિ કરતી અને વર્ષો જૂની મહાજન પરંપરાને ઉજાગર કરતી સંસ્થા – શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ સંકુલને ૨૭મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે સંસ્થાના પટાંગણમાં આવેલ શ્રી શાંતિલાલ કાનજી ગડા પાર્ટી પ્લોટ મધ્યે શ્રી ક.વી.ઓ. યુવા પાંખ - સખીવૃંદના ઉપક્રમે શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ મેળવનાર સમાજના બાળકોનું સન્માન તથા સંગીતમય સાંજ કાર્યક્રમનું સંકુલના મુખ્યદાતા શ્રી અમરસન્સ પરિવારના શ્રી મનીષભાઈ વોરા, સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડા, ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ છેડા, સહમંત્રી શ્રી હિરેનભાઈ પાસડ, સખીવૃંદના પ્રમુખ પ્રીતિબેન છેડા, યુવા પાંખના પ્રમુખ શ્રી ઈશાન મોતા વગેરેના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ સખીવૃંદની બહેનો દ્વારા નવકાર મહામંત્રનું ગાન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન અને પ્રસંગ પરિચય કરાવતા સંસ્થાના પ્રમુખ શ્રી જીગર તારાચંદભાઈ છેડાએ શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિ પ્રાપ્ત છાત્રોને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, આજની હરીફાઈભરી સદીમાં શિક્ષણની ભૂખ વધતી જાય છે અને આજના સમયમાં શિક્ષણ ખૂબ જ જરૂરી છે ત્યારે સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા અનુરોધ કર્યો હતો. સમાજના વડીલ મુરબ્બી અને મારા પિતા શ્રી તારાચંદભાઈ છેડાએ શરૂ કરેલ સેવાનું કોઈ પણ એવું ક્ષેત્ર બાકી નથી જેમાં આખો સમાજ સાથે મળીને કામ ન કર્યું હોય. મારા પૂજ્ય પિતાશ્રીએ શરૂ કરેલ સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વિસ્તારવા માટેની અને ક.વી.ઓ. સંકુલના અત્યાધુનિક ઢબે નવનિર્માણ કરવાની જાહેરાત કરી હતી. સ્નેહ, સેવા અને શિક્ષણના સૂત્રને અનુસરી મહાજન પરંપરાને જીવંત રાખવા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ માટે મદદરૂપ થનાર દરેક નામી અને અનામી દાતાશ્રીઓ અને ટ્રસ્ટી મંડળ, સમાજનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી શ્રી લાલભાઈ રાંભિયાએ સમાજ દ્વારા કરવામાં આવતા કાર્યોની માહિતી આપતા જણાવ્યું હતું કે શ્રી તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી અને સંસ્થાના પ્રમુખ શ્રી જીગરભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવતા સેવાકીય કાર્યોની નોંધ ભારતભરના મહાજનો દ્વારા લેવામાં આવે છે. શ્રી તારાચંદભાઈ છેડાના અરિહંતશરણ પછી નાની વયે શ્રી જીગરભાઈ છેડાએ સમાજની જવાબદારીઓ સુપેરે ઉપાડી છે તે કાબિલેદાદ છે. તે બદલ સમાજના સૌ લોકોએ ઊભા થઈને તાળીઓના ગડગડાટથી શ્રી જીગરભાઈ છેડાનું અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી મનીષભાઈ વોરાએ શ્રી તારાચંદભાઈ છેડાની આગેવાનીમાં કરેલ સેવાકીય કાર્યોને યાદ કરી એ સેવાની સુવાસ આજે વધુમાં વધુ ફેલાઈ રહી છે તે બદલ સંસ્થાના પ્રમુખ શ્રી જીગરભાઈ છેડા અને સમગ્ર ટીમને અભિનંદન આપી સંસ્થા દ્વારા કરવામાં આવતા કાર્યો બદલ આભારની લાગણી વ્યક્ત કરી પોતાનાથી બનતી તમામ મદદ કરવાની ખાત્રી આપી હતી.

આ પ્રસંગે શ્રી મનીષભાઈ વોરાનું સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ છેડા, યુવા પાંખના પ્રમુખ શ્રી ઈશાન મોતાએ શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. સમાજના શૈક્ષણિક ક્ષેત્રે સિધ્ધિ પ્રાપ્ત બાળકોનું સંસ્થાના હોદ્દેદારોના વરદ્ હસ્તે પુરસ્કાર અને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ યુવા પાંખ અને સખીવૃંદના સંયુક્ત ઉપક્રમે કચ્છના ખ્યાતનામ નયન રાજગોર એન્ડ ઓરકેસ્ટ્રાના સંગાથે સંગીતમય સાંજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેને સમાજના લોકોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી માણ્યો હતો.

આ કાર્યક્રમનું સંચાલન સંસ્થાના સહમંત્રી શ્રી હિરેનભાઈ પાસડે કર્યું હતું. જ્યારે આભારવિધિ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ છેડાએ કરી હતી.

આ સમગ્રા કાર્યક્રમમાં શ્રી ક.વી.ઓ. જૈન મહાજન ભુજના ટ્રસ્ટીઓ, શ્રી ભુજ ક.વી.ઓ. જૈન સંઘના ટ્રસ્ટીઓ, યુવા પાંખ અને સખીવૃંદની સમગ્ર ટીમ અને સમાજના લોકો બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના જનરલ મેનેજર શ્રી અંકિત ગાલા, શ્રી હરનીશભાઈ મહેતા અને સંસ્થાના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. મનગમતું ભોજન શ્રી ભરતભાઈ સોનેગરા, શ્રી ઈન્દ્રજીતે પીરસ્યું હતું.

### જ્ઞાન અને અભિમાન

***આ સંસારમાં દરેક વ્યક્તિને પોતાના જ્ઞાનનું અભિમાન છે પરંતુ કોઈને પોતાના અભિમાનનું જ્ઞાન નથી.***

## ઉપવન – ભુજ

'ઉપવન' સંસ્થા ભુજના વાર્ષિક દિન અંતર્ગત સાહિત્ય પ્રેમી દાતા જોરાવરસિંહ રાઠોડ (જોરૂભા)ના સૌજન્યથી અને દિલીપ આચાર્ય 'દિલકશ' સંપાદિત નવોદિત કવિઓનો કાવ્ય સંગ્રહ "ફૂલ ખીલે હૈં ગુલશન ગુલશન" પ્રગટ કરવામાં આવેલ હતો. જેનું વિમોચન યોગ ગુરૂ કમલકાંત ભટ્ટના હસ્તે કરવામાં આવેલ હતું. સમારોહ પ્રમુખ તરીકે શંકરભાઈ સચદે ઉપસ્થિત રહેલ હતા.

પ્રારંભમાં સંસ્થા પ્રમુખ રજનીકાંત ઓઝાએ સ્વાગત પ્રવચનમાં સંસ્થાની ચાર દાયકાની પ્રવૃત્તિમાં ચીનુ મોદી, ઇંદુ પવાર, મફત ઓઝા, સતાંશુ યશચંદ્ર, મહેન્દ્ર સમીર આવેલ છે. આ વરસે સાહિત્ય પ્રવાસ યોજવાનો વિચાર વ્યક્ત કરેલ હતો. સમારોહ પ્રમુખ શંકરભાઈ સચદેએ જણાવેલ હતું કે, કવિતા, મનોરંજન મકસદ સારા મહત્ત્વના મેસેજ હોવાથી એવા કાવ્ય સંગ્રહમાંથી મળે છે. તેઓએ કવિઓનો ઉલ્લેખ કરતાં અભિવ્યક્તિની પ્રશંસા કરી હતી.

કાવ્ય સંગ્રહનું વિમોચન કરતાં જાણીતા યોગ ગુરૂ કમલકાંત ભટ્ટે કાવ્ય સંગ્રહને ગાગરમાં સાગર સમાવી કહેતા માત્ર નવોદિત નહીં, અનુભવી કવિના કાવ્ય જોવા મળે છે. તેમના દ્વારા ચાલતા નિઃશુલ્ક યોગ શિક્ષણમાં જોડાવા અનુરોધ કરેલ હતો. સંગ્રહ સંપાદક દિલીપ આચાર્ય 'દિલકશ'એ કહેલ કે, સંપાદન કાર્યમાં અનુભવની વાત કરતા અઘરું કાર્ય છે. તેના સહભાગી અને સંસ્થા સહિતની આભારની લાગણી વ્યક્ત કરી હતી. જોરાવરસિંહ રાઠોડે શુભેચ્છા પાઠવતા સંસ્થાની સરાહના સાથે કવિઓની સેવા પાઠવી હતી. કાર્યક્રમનો પ્રારંભ સરસ્વતી પ્રાર્થનાથી રાજેશ સોનીએ વંદના કરી હતી. આ કાર્યક્રમમાં રોહિત પાઠક, દિવ્યકાંત છાયા, એ.કે. શેખ, અતુલ ઉપાધ્યાય, કુસુમ સરવૈયા, ચંદ્રકાંત ધલ, આરતી જોષી, મગનભાઈ ઠક્કર, કવિતા ગોસ્વામી, તુલસીદાસ બોરા, જ્યોત્સના છાયા વગેરે હાજર રહેલ હતા. સંચાલન કવિ ભગવાનજી પીઠડ અને આભારવિધિ પ્રકાશ જોષીએ કરેલ. જ્યારે સંસ્કૃત પાઠશાળાના વિભાકર અંતાણીનો સહયોગ મળેલ હતો.

*કવિઓના શેર પઠન સાથે મુશાયરો યોજવામાં આવેલ. જેના કેટલાક અંશો...*

*નથી આસન તોય માણી લેવાની છે આ જિંદગી,*
*અઘરું બહુ પણ છતાં મજાની છે જિંદગી.*

– ધીરજલાલ તન્ના

*કદી રસ્તા વચ્ચે મળે તો સનમ મળવા દેજે,*
*પ્રીતના પાનામાં છેલ્લો ફેરફાર કરવા દેજે.*

– નયના નેત્રમ

*દર્દ ભરાયું આજ દિલમાં આંખોથી અશ્રુ પડે,*
*જન્મ આપનાર જન્મદાત્રીને જનમત પહેલા મરવું પડે.*

– મુંજાલ જાની

*ફૂલ તોડી બધા ચાલ્યા ગયા,*
*હાથ જોડી બધા ચાલ્યા ગયા;*
*સાત ભવ જેણે તર્યા હતા,*
*એ નાવ છોડી ચાલ્યા ગયા.*

– રજનીકાંત ઓઝા

*નથી રહેવા કોઈ સદન*
*તંબુ તાણીને ઘણા અહીં બસર કરે છે જિંદગી*
*સૂવા માટે કોઈ સૌયા નથી.*

મણિલાલ રૂઘાણી - રાણાવાવ

*માનવ માનવના વેર ભૂલવા બેઠો છું,*
*શબ્દ સથવારે લાગણી લઈને બેઠો છું.*

દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ

*ઘૂંટી ઘૂંટીને ઘેરા થયા છે વેદનાના નોંધારા પળ,*
*શ્યામ મલ એ વેદનાને રોકી શકે વહેતી આંખોના કાજલ.*

ખુશ્બુ સરવૈયા - ભુજ

## અંગ્રેજી કેલેન્ડર (જાન્યુઆરીથી ડિસેમ્બર)

અંગ્રેજી કેલેન્ડર એ રોમનોની ભેટ છે, જેનો પહેલો સુધારો જુલિયસ સીઝરે કર્યો હતો.

રોમમાં શરૂ થયેલું કેલેન્ડર ખૂબ જ જટીલ હતું. જેને રોમના જ જુલિયસ સીઝરે સુધારીને સરળ બનાવેલ હતું.

અંગ્રેજોએ જ્યાં જ્યાં રાજ કર્યું, ત્યાં તમામ દેશોમાં તેને અંગ્રેજી કેલેન્ડર તરીકે દાખલ કર્યું હતું.

અંગ્રેજોએ આ કેલેન્ડરને ફેલાવ્યું. તેથી અંગ્રેજી કેલેન્ડર કહેવાયું.

## એક જ કંપનીમાં ૮૪ વર્ષની નોકરીનો વર્લ્ડ રેકોર્ડ

બ્રાઝીલની વોલ્ટર ઓર્થમેન નામની વ્યક્તિએ એક જ કંપનીમાં ૮૪ વર્ષ સેવા આપીને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. વોલ્ટરે ૧૭ જાન્યુઆરી, ૧૯૩૮ના રોજ ૧૫ વર્ષની ઉંમરે ટેક્ષટાઈલ કંપની રેનોક્સમાં કામ શરૂ કર્યું હતું. સેલ્સમેન તરીકે નોકરી કરનાર વોલ્ટર કંપનીમાં મેનેજર બન્યા હતા અને ૮૪ વર્ષની નોકરી બાદ ૯૯ વર્ષે રીટાયર્ડ થયા હતા.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## પ્રજાસત્તાક દિનની ઉજવણી



ધ્વજવંદન કરતાં શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી



પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ દ્વારા ઉદ્‌બોધન



ડોનર શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી પરિવાર સાથે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ





ધ્વજવંદન કરતાં સમાજના સભ્યશ્રીઓ



તકતીનું અનાવરણ કરતાં દાતા શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી



તક્તી અનાવરણ સમયે
દાતા શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી પરિવાર



નાસ્તાની મોજ માણતા
મહેમાનો અને સંસ્થાના હોદ્દેદારો



શ્રી જ્ઞાનચંદ ભાનુશાળીનો પરિચય આપતા
માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ



શ્રી જ્ઞાનચંદ ભાનુશાળીનું બહુમાન કરતા
(ડાબેથી) શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી
અને શ્રી શાંતિલાલભાઈ સાવલા



શ્રી સુશીલ કાપડિયાનું બહુમાન.
(ડાબેથી) શ્રી અશોક મહેતા, શ્રી સુશીલ કાપડિયા
અને શ્રી હિરેન કે. શાહ



સભાને ઉદ્‌બોધન કરતા શ્રી અશોક મહેતા



ડૉનર શ્રી જ્ઞાનચંદ ભાનુશાળી પરિવાર અને સંસ્થાના હોદ્દેદારો.



ગાયક કલાકારો. (ડાબેથી) અર્ચનાબેન, દિપાલીબેન, હેતલબેન, ગીતેશભાઈ, હિરેન શાહ, જીતભાઈ, નિખિલભાઈ, પ્રિયેશભાઈ, સંદીપ મહેતા, મનીષ ખોના






દેશ ભક્તિના ગીતોનો આસ્વાદ માણતા ઉપસ્થિત સભ્યો




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ માનદ્ મંત્રી સ્વ. શ્રી કાંતિલાલ રામજી શાહ (કે. આર. શાહ)ના સુપુત્ર શ્રી દર્શિત કાંતિલાલ શાહ દ્વારા પોતાના પિતાશ્રીની યાદમાં એક એ.સી. મોબાઈલ રેફ્રિજરેટેડ કોફીન (મૃતદેહને ઠંડુ રાખે) નામના તબીબી સાધનની સંસ્થાને ભેટ...





## વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ દ્વારા યોજવામાં આવેલ એક દિવસીય પિકનીકના કાર્યક્રમ અંતર્ગત બાલાસિનોર પાસે આવેલા ડાયનાસોર પાર્કની મુલાકાતે વડીલો...

## મહિલા ઉત્કર્ષ સમિતિ




મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા પ્રાકૃતિક ફાર્મની મુલાકાત
સૃષ્ટિ ઇનોવેશન સંસ્થા – ગ્રામભારતી, ગાંધીનગર









## મહિલા ઉત્કર્ષ સમિતિ



# પ્રતિભાવ

**'મંગલ મંદિર' રંગબેરંગી પતંગોની જેમ છવાઈ ગયો**

'મંગલ મંદિર' જાન્યુઆરી ૨૦૨૫ના અંકનું મુખપૃષ્ઠ નયનરમ્ય છે. તંત્રીલેખમાં સમાજને સેવાભાવી કાર્યકરોની જરૂરિયાત – એ સમાજના યુવાવર્ગ માટે આહ્વાન બની રહેવું જોઈએ. આજના યુવાવર્ગે સમાજના સિનિયર સભ્યો સાથે મળી અનુભવથી તૈયાર થવું પડશે. અતીતના ઓવારેથીનો મણકો-૧૭ રસપ્રદ છે. સેટેલાઈટની વ્યાખ્યા, તેની કાર્યપદ્ધતિ તથા તેના ઉપયોગો સુંદર રીતે દર્શાવેલ છે. કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગનો ઇતિહાસ પણ જાણવા યોગ્ય છે. આપણા ડૉક્ટર્સને પહેચાનોની કોલમમાં ડૉ. આકાશ પટેલનો પરિચય વાંચી તેમની કર્તવ્યનિષ્ઠા બાબતે જાણકારી મળી કે છેલ્લા ૪ વર્ષમાં તેમણે ૭૦૦૦ જેટલા મોતિયાના ઑપરેશન કરેલા છે. આવા અનુભવી તથા નિષ્ણાત તબીબનો સમાજને લાભ મળે છે તે ગૌરવની બાબત છે. પ્રેરણાદાયી પ્રસંગમાં વિદ્યાર્થી અને પ્રોફેસરની ઘટના નાની છે, પણ સમગ્ર કથામાં જે સાર છે તે મહત્ત્વનો છે. નવી શિક્ષણ નીતિમાં અગત્યના મુદ્દાઓની જાણકારી દરેક વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે જરૂરી છે. દેશ-વિદેશના સમાચારો પણ અવનવા હોય છે. રાજકોટના ૮૦% વિકલાંગતા ધરાવતા દિવ્ય શખ્સે ૧૦મી વાર ગિરનાર સર કર્યો – જેવા સમાચારો વાંચવા આ કોલમ વાંચવી જ રહી. જ્ઞાન-વિજ્ઞાનની માહિતીનો રસથાળ ઉત્તમ કોટિનો હોય છે. આગની ચેતવણી આપતા સ્મોક ડિટેક્ટર, ચક્રવાત, વેલી ઑફ ફ્લાવર્સ, ખારા પાણીના જંગલ તથા દરિયાના પાણીની અવનવી વાતો વાંચવી ગમે તેવી છે. જગદીશચંદ્ર છાયા દ્વારા ૧૬મી ડિસેમ્બર ભારતના ઐતિહાસિક વિજય દિવસની વાત સુંદર રીતે છણાવટ કરી છે. કચ્છ ૧૯૭૧ પહેલાં ૧૯૬૫નું યુદ્ધ પણ જોઈ ચૂકેલું છે. ૧૯૭૧ના યુદ્ધમાં કચ્છ ઍરપોર્ટના રન-વેનું સમારકામ કરનાર કણબી બહેનોના જાંબાઝ સાહસને લોકો આજે પણ યાદ કરે છે. વયસ્ક સમિતિનો વિગતવાર અહેવાલ સમિતિની સક્રિયતા દેખાડે છે. નવેમ્બર ૨૦૨૪ દરમિયાન કુલ ૩૨,૨૨૭ વ્યક્તિઓએ વિવિધ સેવાઓનો લાભ લીધો છે, તે સમાજ માટે ગૌરવની બાબત છે. જાન્યુઆરી ૨૦૨૫નો 'મંગલ મંદિર'નો અંક વાંચકોમાં ઉત્તરાયણના રંગબેરંગી પતંગોથી છવાઈ જાય તેમ છવાઈ ગયો છે.

*અશોક વી. શાહ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

★

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ**

અમો રૂમ નં. ૧૧૭માં જાકીટમાં રૂા. ૧૭,૫૦૦/- ભૂલી ગયેલ. તે અમોને સંસ્થા દ્વારા પરત મળી ગયેલ છે. તો તે બદલ સ્ટાફ હરેશ સોલંકી અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહના સર્વે સ્ટાફનો આભાર માનીએ છીએ.

*આદિલ કુંભાર - ભુજ, કચ્છ*
*મો. ૯૦૧૬૬ ૫૧૭૯૪*

★

No problem with the Room. Good service. Nice food. Safe environment.

***Maun Varia - Mumbai***
***M. 83690 43079***

## અમદાવાદનો ફ્લાવર શો

અમદાવાદમાં ફ્લાવર શો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે ત્યારે ૪૫૦ વર્ષ પહેલાની આ અદ્‌ભુત ઘટના નોંધવાલાયક છે.

અમદાવાદમાં આવેલા ફતેહબાગ પેલેસમાં જહાંગીર અને નૂરજહાંની મુલાકાત સમયે ૧૬મી સદીમાં અમદાવાદના કારીગરોએ પાનખરમાં આબેહૂબ નકલી ગાર્ડન બનાવી સહુને ચોંકાવ્યા હતા.

અકબર બાદશાહના નવ રત્નો પૈકી મીરઝા અબ્દુલ રહીમખાને ફતેહબાગ પેલેસ બનાવ્યો હતો. ફતેહબાગ પેલેસના ત્રણ માળમાં પંદર ઓરડા હતા અને ૧૫ ફૂટ લાંબો સ્નાનાગાર હતો.

નૂરજહાંએ બગીચામાંથી દ્રાક્ષ તોડીને ખાધી ત્યારે ખબર પડી હતી કે આ તો નકલી દ્રાક્ષ છે.

અકબર નવ દિવસમાં ૬૦૦ માઈલ અંતર કાપીને લશ્કર સાથે અમદાવાદ આવ્યા હતા.

***આ સત્ય હકીકત અમદાવાદના ફ્લાવર શો ને અર્પણ...***

હાર્દિક શુભકામનાઓ સાથે...
**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વારા) – અમદાવાદ**
**રસિકભાઈ – રજનીકાંત – હસમુખ ખીમજીભાઈ મહેતા**

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

**★ દિવ્યાંગ 'ઓમ'ને સુંદરકાંડ-ગીતા સહિતના ૨૦૦૦થી વધુ શ્લોક કંઠસ્થ**

*દિલ્હીમાં રાષ્ટ્રપતિના હસ્તે બાળ પુરસ્કાર મળ્યો.*

અમદાવાદના ૧૮ વર્ષીય દિવ્યાંગ ઓમ જીગ્નેશ વ્યાસે રાષ્ટ્રીય સ્તરે પોતાના પરિવાર સહિત સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે. ડિસેમ્બર મહિનાના અંતમાં વીર બાળ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત સમારંભમાં દેશના વિવિધ રાજ્યમાંથી આવેલા ૧૭ બાળકોને તેમની વિશિષ્ટતા માટે પુરસ્કાર આપવામાં આવ્યા હતા. *(તા. ૪-૧-૨૦૨૫)*

**★ સંગમ પર પહેલીવાર એક પ્રવાહમાં દેખાશે ગંગા.**

***સમુદ્ર ખોદવાના મશીનથી ટાપુઓ હટાવ્યા, ૮૭ વિઘા જમીન વધી.*** મહાકુંભનું સૌથી પ્રાઇમ લોકેશન.

*(તા. ૬-૧-૨૦૨૫)*

**★ ગુજરાતને સેન્સર બોર્ડની ઑફિસ મળવી જોઈએ.**

તાજેતરમાં જ દિલ્હીમાં અરવિંદ વેગડા, એક્ટર-ડિરેક્ટર રાકેશ પૂજારાએ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે મુલાકાત કરી અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને સેન્સર બોર્ડની ઑફિસ ગુજરાતમાં મળે તેવી રજૂઆત કરી હતી. *(તા. ૭-૧-૨૦૨૫)*

**★ કાંકરિયા ઝૂમાં હવે પાંજરામાં જઈને દેશ-વિદેશના પક્ષી જોઈ શકાશેઃ**

વધુ ઊંચાઈએ ઉડતા પક્ષીઓ માટે ખાસ ડોમ તૈયાર કરાશે. માળો બાંધી શકે તે માટે વૃક્ષો પણ વવાશે. પહેલીવાર મોટા ફેરફાર થશે. *(તા. ૭-૧-૨૦૨૫)*

**★ ડિસ્કાઉન્ટની ઓફર આપી લોકોને શિકાર બનાવ્યા**

***હજ-ઉમરાહની યાત્રાના નામે ૨૦૦થી વધુ યાત્રાળુઓ સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી. ચાર માસ અગાઉ બુકિંગ કરાવનારને ૧૫થી ૨૦ હજાર ડિસ્કાઉન્ટની ઓફર આપી લોકોને શિકાર બનાવ્યા. રાજકોટ, ગોંડલ, જેતપુર, મોરબી, વાંકાનેર, ટંકારાના લોકોના રૂપિયા લઈ નાસી જનાર સામે ગુનો નોંધાયો.***

મુસ્લિમો માટે અતિ પવિત્ર માનવામાં આવતી હજ અને ઉમરાહની યાત્રાના નામે રાજકોટની રઝવી ટુર એન્ડ ટ્રાવેલ્સના સંચાલકોએ અલગ-અલગ ગ્રૂપમાં ૨૧૭થી વધુ વ્યક્તિઓ પાસેથી રૂપિયા લઈ છેતરપિંડી કર્યાની પોલીસમાં ફરિયાદ થઈ છે.

*(તા. ૮-૧-૨૦૨૫)*

**★ બાળકો સ્માર્ટ ફોન-સોશિયલ મીડિયાનો ઉપયોગ નહીં કરી શકે!**

ઓસ્ટ્રેલિયા પછી ભારતમાં સૌ પહેલા ગુજરાત સરકાર ટીચર-પેરેન્ટ્સ-બાળકો માટે ગાઈડલાઈન લાવશે. *(તા. ૯-૧-૨૦૨૫)*

**★ તિરૂપતિમા ભીડમાં કચડાયા લોકો**

બુધવારે મોડીરાત્રે સાડાનવ વાગ્યે આંધ્રપ્રદેશના શ્રી તિરૂપતિ મંદિરમાં વૈકુંઠદ્વાર દર્શન ટિકિટ કાઉન્ટર પાસે નાસભાગ મચી ગઈ હતી. આમાં એક મહિલા સહિત ૬ લોકોના મોત થયા હતા અને ૪૦ લોકો ઘાયલ થયા હતા. *(તા. ૯-૧-૨૦૨૫)*

**★ રામલલ્લા પ્રાણ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ, ૫ લાખ ભક્તો આવશે**

***યોગી મહાઆરતી કરશે; કુમાર વિશ્વાસ ભજન ગાશે...***

અયોધ્યા રામલલ્લાના અભિષેકની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી માટે તૈયાર છે. ૧૧થી ૧૩ જાન્યુઆરી સુધી ઉત્સવો યોજાશે. આ ૩ દિવસમાં કોઈ VIPના દર્શન નહીં થાય. મંદિર ટ્રસ્ટે અંગદ ટીલા ખાતે જર્મન હેંગર ટેન્ટ લગાવ્યા છે. ૫ હજાર મહેમાનો હોસ્ટ કરવામાં આવશે, જેમાંથી ૧૧૦ VIP ટેન્ટ હશે.

*(તા. ૧૦-૧-૨૦૨૫)*

**★ બુક-માય શોની વેબસાઈટમાંથી કોલ્ડપ્લેનું પેજ ગાયબ.**

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આગામી ૨૫ અને ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ યોજાનાર કોલ્ડપ્લેના મ્યુઝિક ઓફ ધ સ્પીયર્સ વર્લ્ડ ટુરને લઈને વિવાદ સર્જાયો છે. બુક-માય શો પોર્ટલ પરથી કોન્સર્ટની માહિતી અચાનક ગાયબ થઈ ગઈ છે. જેના કારણે બે દિવસના અઢી લાખ જેટલા બુકિંગ ફસાઈ ગયેલ છે. *(તા. ૧૦-૧-૨૦૨૫)*

**★ પ્રખ્યાત ટી.વી.-બોલીવુડ એક્ટર ટીકુ તલસાણિયાને બ્રેઇન સ્ટ્રોક**

ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ. પત્નીએ કહ્યું, 'ફિલ્મના સ્ક્રીનિંગમાં ગયેલા.' *(તા. ૧૦-૧-૨૦૨૫)*

**★ હાથમાં ત્રિશૂળ લઇને નાગા સાધુઓએ પહેલું અમૃત સ્નાન કર્યું**

***સવારથી ૧.૪ કરોડ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું. ભીડને વધતી જોતા આર્મી સ્ટેન્ડબાય પર તૈનાત.***

મહાકુંભનું પ્રથમ અમૃત સ્નાન (શાહી સ્નાન) શરૂ થઈ ગયું છે. હાથમાં તલવાર-ત્રિશૂલ, ડમરુ, આખા શરીરમાં ભભૂત, ઘોડા અને રથની સવારી. નાગા ઋષિ-મુનિઓ હર-હર મહાદેવના નારા લગાવતા સંગમ પહોંચી રહ્યા છે. નિર્વાણી-

નિરંજની અખાડાના સંતોએ સ્નાન કર્યું છે. *(તા. ૧૪-૧-૨૦૨૫)*

**★ અમદાવાદ રીવરફ્રન્ટના ફ્લાવર શોમાં દર કલાકે રેકોર્ડબ્રેક ૯૦૦૦ મુલાકાતી.**

ઉત્તરાયણના દિવસે અમદાવાદ રીવરફ્રન્ટ પર ફલાવર શોની ૧.૩૨ લાખ લોકોએ લીધી મુલાકાત. રૂા. ૮૬ લાખની આવક થઈ. *(તા. ૧૪-૧-૨૦૨૫)*

**★ મહાકુંભ પર Ph.D. કરવા દેશભરમાંથી અધિકારીઓ આવ્યા.**

૮ વર્ષમાં ૩ રાજ્યોમાં કુંભ; ૪૦ કરોડ લોકોની સુરક્ષા અને ક્રાઉડ મેનેજમેન્ટનો અભ્યાસ. *(તા. ૧૫-૧-૨૦૨૫)*

**★ સૈફ પર હુમલો કરનાર આરોપી પકડાયો.**

બોલીવુડ એક્ટર સૈફ અલી ખાનના ઘર પર હુમલો કરનાર આરોપી ઝડપાઈ ગયો છે. મુંબઈ પોલીસે હુમલાખોરને શનિવારે મોડી રાત્રે થાણેથી પકડી લીધો હતો. આરોપીની ઓળખ મોહમ્મદ અલીયાન ઉર્ફે બીજે તરીકે થઈ છે. *(તા. ૧૬-૧-૨૦૨૫)*

**★ તમિલનાડુમાં જલ્લીકટ્ટુથી ૧ દિવસમાં ૭નાં મોત**

બળદના માલિકો અને દર્શકો સહિત ૪૦૦થી વધુ ઘાયલ. ૨ બળદ પણ મૃત્યુ પામ્યા. *(તા. ૧૭-૧-૨૦૨૫)*

**★ કર્ણાટકના CMની ૩૦૦ કરોડની પ્રોપર્ટી જપ્ત.**

MUDA કેસમાં સિદ્ધારમૈયા વિરુદ્ધ EDની મોટી કાર્યવાહી. ૧૪૦ મિલકતો સીઝ કરી; ૩ વર્ષ જૂનો કેસ. *(તા. ૧૭-૧-૨૦૨૫)*

**★ મહાકુંભમાં આગ, ૫૦થી વધુ ટેન્ટ સળગ્યા**

*ધડાધડ સિલિન્ડર બ્લાસ્ટ થયાં; આગની જ્વાળા વચ્ચેથી ટ્રેન પસાર થઈ.*

પ્રયાગરાજમાં મહાકુંભ મેળા વિસ્તારમાં સાંજે લગભગ ૪.૩૦ વાગે આગ લાગી હતી. આ આગ સેક્ટર ૧૯માં શાસ્ત્રી બ્રિજ પાસે ગીતા પ્રેસ કેમ્પમાં લાગી હતી. આગમાં ગીતા પ્રેસના ૧૮૦ કોટેજ બળીને ખાખ થઈ ગયેલ છે. અડધા કલાકથી ઓછા સમયમાં પ્રશાસને આગ પર અંકુશ મેળવી લીધો. *(તા. ૧૯-૧-૨૦૨૫)*

**★ પેરાગ્લાઇડિંગ દરમિયાન અમદાવાદની રહેવાસી ખુશી ભાવસાર ૬૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી**

*ટેકઓફ કરતી વખતે પેરાગ્લાઈડર ખૂલ્યું નહીં.*

મંગળવારે મોડી સાંજે હિમાચલ પ્રદેશના ધર્મશાલામાં લોકપ્રિય ઈન્દ્રુનાગ પેરાગ્લાઈડિંગ સાઈટ પર અકસ્માતમાં ગુજરાતની ૧૯ વર્ષીય ખુશી ભાવસારનું મૃત્યુ થયું હતું. જ્યારે પાઈલટ ગંભીર રીતે ઘાયલ થયો હતો. *(તા. ૧૯-૧-૨૦૨૫)*

## વિદેશના સમાચાર

**★ સુઝુકીના ભૂતપૂર્વ ચેરમેન ઓસામુ સુઝુકીનું નિધન**

*૯૪ વર્ષના હતા. સુઝુકી પરિવારમાં લગ્ન કરીને પત્નીની અટક લીધી. કંપનીને વૈશ્વિક બ્રાન્ડ બનાવી.*

ઓસામુનો જન્મ ૩૦ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ જાપાનના ગેરોમાં થયો હતો. ૧૯૫૮માં તેમણે સુઝુકી પરિવારની પુત્રી શોકો સુઝુકી સાથે લગ્ન કર્યા. *(તા. ૨૭-૧૨-૨૦૨૪)*

**★ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જીમી કાર્ટરનું નિધન**

૧૦૦ વર્ષની ઉંમરે અંતિમ શ્વાસ લીધા. તેઓ કેન્સરની બીમારીથી પીડિત હતા. ૨૦૦૨માં નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો. *(તા. ૩૦-૧૨-૨૦૨૪)*

**★ અમેરિકામાં ૭ રાજ્યોમાં ઈમર્જન્સી જાહેર**

*છેલ્લાં ૧૦ વર્ષનું સૌથી ભયંકર બરફનું વાવાઝોડું. અનેક રાજ્યોમાં હાઈએલર્ટ. ટ્રેનો અને ફ્લાઈટ્સ રદ. ૬ કરોડ લોકોને અસર.*

અમેરિકામાં રવિવારે આવેલા ભયાનક બરફના વાવાઝોડાને કારણે ઘણાં રાજ્યોમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે આ છેલ્લાં ૧૦ વર્ષનું સૌથી ભયાનક બરફનું વાવાઝોડું હોઈ શકે છે. *(તા. ૬-૧-૨૦૨૫)*

**★ ૩ કલાકમાં ૫૦ વખત ધ્રૂજી ધરતી**

*ચીનના તિબેટ પ્રાંતમાં ભૂકંપથી તબાહી. ૪૦૦ કિમી દૂર નેપાળ-બિહાર-બંગાળમાં પણ અસર.*

ચીનના તિબેટ પ્રાંતમાં મંગળવારે સવારે આવેલા ભૂકંપમાં ૧૨૬ લોકોના મોત થયા હતા અને ૧૮૮ લોકો ઘાયલ થયા હતા. ચીનની સત્તાવાર સમાચાર એજન્સી શિન્હુઆ અનુસાર, સવારે ૯.૦૫ વાગે (ભારતીય સમય મુજબ ૬.૩૦ વાગે) આવેલા આ ભૂકંપનું કેન્દ્ર તિબેટના શિજાંગમાં જમીનથી ૧૦ કિ.મી. અંદર છે. *(તા. ૭-૧-૨૦૨૫)*

**★ કેલિફોર્નિયાની આગમાં હોલીવુડ સળગ્યું**

*પેરિસ હિલ્ટન સહિત અનેક સ્ટાર્સના બંગલા ખાક. બાઈડને ઈટાલીનો પ્રવાસ રદ કર્યો.*

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યના લોસ એન્જલસનાં જંગલોમાં લાગેલી વિકરાળ આગ હોલીવુડ સુધી પહોંચી ગઈ છે. મંગળવારે લાગેલી આગથી ૩ દિવસમાં અત્યાર સુધીમાં ૪,૮૫૬ હેક્ટર વિસ્તારને અસર થઈ છે. આગમાં લગભગ ૫૩૦૦ ઈમારત સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ છે અને ૪૫ હજાર લોકોને અસર થઇ છે. *(તા. ૯-૧-૨૦૨૫)*

**★ શપથના ૧૦ દિવસ પહેલાં સજા**

ટ્રમ્પ USAનાં ઈતિહાસમાં દોષિત જાહેર થનારા પ્રથમ

રાષ્ટ્રપતિ. ન્યુયોર્ક કોર્ટે પોર્ન સ્ટાર કેસમાં જેલ મોકલવાને બદલે બિનશરતી જામીન આપ્યા. *(તા. ૧૦-૧-૨૦૨૫)*

**★ કંપનીઓને કંગાળ કરનારી હિંડનબર્ગ થશે બંધ**

આનો માલિક છે નાથન એન્ડરસન જે અદાણીની પાછળ પડ્યો હતા. *(તા. ૧૬-૧-૨૦૨૫)*

**★ સુનિતા વિલિયમ્સે આઠમી વખત સ્પેસવોક કર્યું**

૭ મહિના પછી ૬.૩૦ કલાક માટે સ્પેસ સ્ટેશનની બહાર રહ્યાં. વીડિયોમાં જોવા મળ્યું અદ્‌ભુત દૃશ્ય. *(તા. ૧૬-૧-૨૦૨૫)*

**★ ઈમરાન ખાનને ૧૪ વર્ષની જેલ**

પત્ની બુશરા બીબીને પણ ૭ વર્ષની સજા. અલકાદિર ટ્રસ્ટ કેસમાં કોર્ટનો નિર્ણય. *(તા. ૧૭-૧-૨૦૨૫)*

**★ ટ્રમ્પનો શપથ ગ્રહણ સમારોહ સંસદની અંદર યોજાશે**

***મુકેશ અંબાણી પણ હાજરી આપશે. ૧૯૮૫માં રોનાલ્ડ રીગનનો શપથ ગ્રહણ સમારોહ પણ કેપિટલ હિલ બિલ્ડિંગની અંદર યોજાયો હતો.***

નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો શપથ ગ્રહણ સમારોહ ૨૦ જાન્યુઆરી, સોમવારે, ભારે ઠંડીને કારણે બહાર નહીં પરંતુ યુએસ કેપિટોલ હિલ (સંસદ)ની અંદર યોજવામાં આવશે. રોયટર્સ અનુસાર, ૪૦ વર્ષમાં ૧૯૮૫ બાદ આ પ્રથમ વખત બનશે જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિનો શપથ ગ્રહણ સમારંભ સંસદ ભવનમા યોજાનાર છે. *(તા. ૧૮-૧-૨૦૨૫)*

## બોધકથા : સાડીની કિંમત...!!!

જૂના કપડાઓના બદલામાં નવા વાસણ લેવા માટે કેટલીય કચકચ કરીને, શ્રીમંત ઘરની એ સ્ત્રી એક મોટા સ્ટીલના તપેલાના બદલામાં પોતાની બે જૂની સાડી વાસણ વેચવા આવેલા એ વાસણવાળાને આપવા માટે છેલ્લે જેમતેમ તૈયાર થઈ.

‘ના મોટાબેન, મને નહિ પોષાય. આવડા મોટા સ્ટીલના તપેલાના બદલામાં મને તમારે ઓછામાં ઓછી ત્રણ સાડીઓ તો આપવી જ પડશે.’ એવું કહેતા વાસણવાળાએ એ વાસણ એ સ્ત્રીના હાથમાંથી લઈ પાછું કોથળામાં મૂક્યું.

‘અરે ભાઈ, એક જ વાર પહેરેલી સાડીઓ છે આ બેય. જો સાવ નવા જેવી જ છે! આમ તો આ તારા સ્ટીલના તપેલાના બદલામાં આ બે સાડી તો વધારે જ છે. આ તો હું છું, તે તને બે બે સાડીઓ આપું છું.’

‘રહેવા દો, ત્રણથી ઓછી તો મને પરવડશે જ નહીં.’ એ પાછું બોલ્યો.

પોતાને અનુકૂળ પડે એમ જ સોદો થવો જોઈએ એવું એ બન્ને વિચારતા હતા અને પ્રયત્ન કરતા હતા. એટલામાં ઘરના બારણામાં ઉભા ઉભા વાસણવાળા સાથે ખેંચતાણ કરતા ઘરમાલિક સ્ત્રીને જોતા જોતા સામેની ગલીમાંથી આવી રહેલી એક પાગલ જેવી તરુણ મહિલાએ ઘરની સામે ઊભા રહીને ઘરમાલિક સ્ત્રીને પોતાને કંઈક ખાવાનું આપવા વિનંતી કરી.

કોઈ કોઈ વાર આવા ભીખ માંગતા લોકો માટે ધૃણા ઉત્પન્ન થઈ જતી હોય છે. એથી એ શ્રીમંત મહિલાએ એક ક્રોધથી બળબળતી નજરે એ પાગલ મહિલા સામે જોયું. એની નજર એ પાગલ જેવી દેખાતી મહિલાના કપડાં તરફ ગઈ.

કેટલાયે થાગડ થીગડા મારેલી એની એ ફાટેલી સાડીમાંથી પોતાનું ઉભરતું તારુણ્ય ઢાંકવાનો એનો એ અસફળ અને અસહાય પ્રયત્ન દેખાઈ આવતો હતો.

એ શ્રીમંત સ્ત્રીએ પોતાની નજર બીજે ફેરવી લીધી ખરી, પણ પાછી સવાર સવારમાં બારણે આવેલા યાચકને ખાલી હાથે મોકલવો યોગ્ય નથી એવું વિચારીને આગલી રાતની વધેલી ભાખરી ઘરમાંથી લાવી એ પાગલ મહિલાના વાસણમાં નાખી દીધી અને વાસણવાળા તરફ ફરીને બોલી, ‘હં... તો ભાઈ, શું નક્કી કર્યું? બે સાડીના બદલામાં તપેલું આપો છો કે મૂકી દઉં સાડી પાછી?’

આ બાબત કશું જ ન બોલતા વાસણવાળાએ એની પાસેથી મૂંગા મૂંગા એ બે જૂની સાડીઓ લઈ લીધી, પોતાના પોટકામાં નાખી દીધી અને તપેલું એને આપી દીધું અને વાસણનો ટોપલો માથા પર નાખી ઝડપથી નીકળ્યો.

વિજયમુદ્રામાં એ સ્ત્રી હસતા હસતા ઘરનું બારણુ બંધ કરવા ઉભી થઈ અને બારણું બંધ કરતા એની નજર સામે ગઈ... એ વાસણવાળો પોતાનું કપડાંનું પોટકું ખોલીને પેલી પાગલ સ્ત્રીને, એણે હમણાં જ તપેલાના બદલામાં એને મળેલી બે સાડીઓમાંથી એક સાડી એનું શરીર ઢાંકવા માટે આપતો હતો.

હવે હાથમાં પકડેલું એ તપેલું એ શ્રીમંત સ્ત્રીને અચાનક ખૂબ જ ભારે લાગવા લાગ્યું.

એ વાસણવાળાની સરખામણીમાં પોતે એકદમ પોતાને નિમ્ન લાગવા લાગી. પોતાની આર્થિક સરખામણીમાં એ વાસણવાળાની કોઈ કિંમત જ ન હોવા છતાં એ વાસણવાળાએ પોતાનો સંપૂર્ણ પરાજય કર્યો છે, એ એને સમજાઈ ગયું હતું.

ભાવ માટે ખેંચાખેંચ કરનારો એ બિલકુલ કશું જ ન બોલતા, છાનોમાનો ફક્ત બે જ સાડીઓ લઈને પેલું મોટું તપેલું કેમ અચાનક આપવા તૈયાર થઈ ગયો, એનું કારણ હવે એને સારી રીતે સમજાઈ ગયું હતું. આપણી જીત થઈ જ નથી અને આ સાવ સામાન્ય વાસણવાળાએ પોતાને પરાભૂત કરી દીધી છે, એ એને સમજાઈ ચૂક્યું હતું.

કોઈકને કંઈક આપવા માટે... માણસની આર્થિક સધ્ધરતા મહત્ત્વની નથી, પણ મનની અમિરાત હોવી મહત્ત્વની છે...!!

આપણી પાસે શુ છે અને કેટલું છે એનાથી કશો જ ફરક પડતો નથી! આપણી વિચારવાની પદ્ધતિ અને દાનત શુદ્ધ હોવી જોઈએ. ■

જ્ઞાન વિજ્ઞાન

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## બ્રહ્માંડમાં રહસ્યમય ડાર્ક મેટર

વિજ્ઞાનીઓ બ્રહ્માંડનો માત્ર પાંચ ટકા જ અભ્યાસ કરી શક્યા છે. છેલ્લા ૧૦૦ વર્ષના સંશોધનો પછી ઘણા વૈજ્ઞાનિકો માને છે કે, બ્રહ્માંડનો ૯૫% ભાગ ડાર્ક મેટરથી ભરેલો છે. ઈ.સ. ૧૯૯૮માં બ્રહ્માંડના વિકાસ અને ગતિ પર અંકુશ રાખતી ડાર્ક મેટરની શોધ થઈ. જો કે ડાર્ક મેટર શું છે તે વિજ્ઞાનીઓ જાણી શક્યા નથી. માત્ર ગુરુત્વાકર્ષણના પ્રભાવથી તેની હાજરી જાણી શકાઈ છે. ડાર્ક મેટર એટલે અંધકાર. તે કોઈ ચીજ કે વસ્તુ નથી. તે પ્રકાશ કે અન્ય વસ્તુને આકર્ષતી નથી. ઈ.સ. ૧૯૨૨માં જેકોબ્સ કેપ્ટન નામના વિજ્ઞાનીએ બ્રહ્માંડના પદાર્થોની ગતિવિધિનો અભ્યાસ કરી તેની પર કોઈ રહસ્યમય અંકુશ રાખતા પરિબળોનું અનુમાન કર્યું અને તેને તેણે ડાર્ક મેટર નામ આપ્યું. ત્યારબાદ ઘણાં સંશોધનો થયા અને પુરવાર થયું કે, બ્રહ્માંડમાં જે દેખાય છે તેના કરતાં પણ વધુ અદૃશ્ય અને રહસ્યમય પરિબળ છે. ડાર્ક મેટર અંગે હજી ઊંડા સંશોધનો થઈ રહ્યા છે.

## વરસાદનું વિજ્ઞાન

વરસાદ સહુને ગમે. વરસાદ પણ ક્યારેક રમત કરતો હોય તેમ વરસે છે. ક્યારેક ઝરમર વરસ્યા કરે, ક્યારેક ધોધમાર ત્રાટકે. આ રમત વાદળોના કદ અને વિસ્તાર પર આધારીત છે. પવનની ગતિ પણ તેમાં અસર કરે.

વરસાદી વાદળોમાં કેટલું પાણી છે તે જાણવા હવામાન શાસ્ત્રીઓ કોપ્લર નામનું સાધન વાપરે છે અને હળવા કે ભારે વરસાદની આગાહી કરે છે. વાદળો પાણીની વરાળનાં બનેલા છે.

શરૂઆતમાં વરાળના કણો હોય છે. તેમાંથી પાણીનાં ફોરા બને અને જેમ ઠંડા પડે તેમ તેમનું વજન વધે ત્યારે વરસાદ બની જમીન પર પડે. ઘણીવાર પાણીના ફોરા જમીન પર પહોંચે તે પહેલા જ વરાળ બની જતા હોય છે.

પવનનું જોર હોય ત્યાં સુધી વાદળોનું પાણી આકાશમાં ટકી રહે અને ફોરા ખૂબ મોટા થાય ત્યાં સુધી તે આકાશમાં ટકી રહે છે અને પડે ત્યારે ધોધમાર વરસે છે.

વરસાદનું પાણી કલાકના ૩૦ કિ.મી.ની ઝડપે પૃથ્વી પર પડે છે. નાનું વાદળ હોય તો ઝાપટુ વરસે. કાળા ડિબાંગ મોટા અને નીચા વાદળો ધોધમાર વરસે. એક અંદાજ પ્રમાણે એક એકર જમીનમાં એક ઇંચ વરસાદ પડે તો તેટલા પાણીનું વજન ૧૧૮ ટન થાય. સમગ્ર પૃથ્વી પર વર્ષે સરેરાશ ૩૨ ઇંચ વરસાદ પડે છે. જાણીને નવાઈ લાગશે કે કોઈ પણ સમયે વિશ્વમાં અને અવકાશમાં ક્યાંક ને ક્યાંક વીજળીના ચમકારા ચાલુ જ હોય છે. આ વાંચતા હશો ત્યારે પણ પૃથ્વીના કોઈ વિસ્તારમાં વીજળી ચમકતી હશે. વિશ્વમાં દર સેકન્ડે લગભગ એકસો વીજ ચમકારા થતા જ હોય છે.

## આકાશમાં હવાઈ સરહદ કઈ રીતે નક્કી થાય છે?

આકાશમાં ઉડતા વિમાનો દેશ-વિદેશની સફર માટે ચોક્કસ માર્ગ પર ઉડતા હોય છે. દરેક દેશને પોતપોતાની હવાઈ સરહદ હોય છે. જમીન પર સરહદ નક્કી કરવા માટે તારની વાડ કે દીવાલ બાંધી શકાય. પરંતુ આકાશમાં સરહદ કેવી રીતે નક્કી થતી હશે? આકાશમાં સામાન્ય રીતે વિમાનો ૩૦,૫૦૦ મીટરની ઊંચાઈ સુધી ઉડી શકે છે. તેનાથી વધુ ઊંચાઈએ હવા પાતળી હોવાથી ખાસ પ્રકારના વિમાનો જ ઉડી શકે છે. એટલે દરેક દેશના જમીન વિસ્તારની ઉપર ૩૦,૪૮૮ મીટરની ઊંચાઈ સુધી તે દેશની હવાઈ સરહદ ગણવાનો નિયમ છે. તેથી વધુ ઊંચાઈનું સમગ્ર આકાશ આંતરરાષ્ટ્રીય બગીચા જેવું છે. તેનાથી વધુ ઊંચાઈએ ફરી રહેલા સેટેલાઈટને કોઈ સરહદ કે સીમાનો નિયમ લાગુ પડતો નથી.

## ઇલેક્ટ્રીક ટ્રામનો શોધક : ગ્રાનવિલ વુડ્સ

રેલવેનું સ્ટીમ એન્જિન એક ક્રાંતિકારી શોધ હતી. તેની શોધ થયા પછી વૈજ્ઞાનિકોએ તેમાં ઘણા સુધારાઓ કરી પેટ્રોલ અને ડીઝલ વડે ચાલતા રેલવે એન્જિનો બનાવ્યા અને ત્યારબાદ વીજળી વડે ચાલતા ઇલેક્ટ્રીક એન્જિનની શોધ થઈ. ઇલેક્ટ્રીક વડે ચાલતા એન્જિન ઓવરહેડ વાયરમાંથી વીજળી મેળવીને ચાલે છે. રેલવે ટ્રેનના આધુનિકીકરણમાં ગ્રાનવિલ વુડ્સ નામના વિજ્ઞાનીનો મહત્ત્વનો ફાળો છે.

ગ્રાનવિલ ટી વુડ્સનો જન્મ અમેરિકાના ઓહાયો રાજ્યના કોલંબસ શહેરમાં ૨૩ એપ્રિલ ૧૮૫૬ના રોજ થયો હતો. ગરીબ પરિવારમાં જન્મેલો ગ્રાનવિલ દિવસે લુહારની દુકાનમાં

કામ કરતો અને રાત્રિ શાળામાં ભણવા જતો. અભ્યાસ પૂરો થયા પછી તે નેબ્રાસ્કાની રેલવેમાં ફાયરમેનની નોકરીમાં રહ્યો. નોકરી સાથે કોલેજનો અભ્યાસ ચાલુ રાખી તે એન્જિનિયર બન્યો.

ઇ.સ. ૧૮૭૮માં ગ્રાનવિલને બ્રિટીશ જહાજમાં મુખ્ય એન્જિનિયર તરીકે નિમણુંક મળી. ગ્રાનવિલે રેલવે ટ્રેનનો ઊંડો અભ્યાસ કરીને તેમાં વીજળીના ઉપયોગો શોધ્યા. ટ્રેનના પાટાનો ઉપયોગ કરીને રેલવે સ્ટેશનોને ટેલિગ્રામ વડે જોડવામાં તેનો મુખ્ય ફાળો હતો. રેલવે લાઈન નજીક પસાર થતાં વીજળીના તારમાંથી વીજળી મેળવીને ટ્રેન ચલાવવાની ટેકનોલોજી તેણે વિકસાવી અને ઓવરહેડ વાયરની ટેકનોલોજી શોધી. ગ્રાનવિલ વિજ્ઞાન જગતનો બીજો એડિસન કહેવાય છે. ઇ.સ. ૧૯૧૦ના ૩૦ જાન્યુઆરીના રોજ તેમનું અવસાન થયું હતું.

## હિમાચલ પ્રદેશનો પ્રાચીન મઠ : કી ગોમ્પા

હિમાચલના પહાડી પ્રદેશમાં પણ ઘણી ઊંચાઈએ કેટલાક પ્રાચીન સ્થાપત્યો જોવા મળે છે. હિમાચલ પ્રદેશની સ્પીતીની નદીના કાંઠે ૪૧૬૬ મીટરની ઊંચાઈએ પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે આવેલો બૌદ્ધ મઠ કી ગોમ્પા ૧૧મી સદીનું વિશાળ સ્થાપત્ય છે. બૌદ્ધ ગુરૂ અતિશાએ ભિક્ષુઓના ધર્માભ્યાસ માટે આ મઠ બંધાવેલો. ૧૪મી સદીમાં મોગલોના આક્રમણમાં તેને નુકસાન થયું હતું. આજે પણ હિમાચલના એક શિખર પર ભવ્ય કિલ્લા જેવો આ મઠ પ્રાકૃતિક સૌંદર્યમાં વધારો કરે છે.

લાહોલ-સ્પીની વિસ્તારમાં આવેલો આ મઠ બૌદ્ધોનું તીર્થસ્થાન છે. ગોમ્પાનો અર્થ સુંદર અને ગૌરવશાળી થાય છે. ૧૧મી સદીમાં બૌદ્ધ ભિક્ષુઓને ધર્મ, કલા અને વિજ્ઞાન શીખવવા માટેના આ મઠમાં ભગવાન બુદ્ધની ભવ્ય પ્રતિમા સહિતના અનેક સુંદર શિલ્પો છે. સાંકડા રૂમ, સાંકડી પરસાળ અને સાંકડા દાદરની બનેલી આ ઇમારત અદ્ભુત છે. મઠ નીચા ઘાટના ત્રણ માળનો છે. ભોંયતળિયે પ્રવચન ખંડ અને ઓરડાઓ જોવાલાયક છે. આજે પણ આ મઠમાં બૌદ્ધ ધર્મશિક્ષણ અપાય છે અને બૌદ્ધ ભિક્ષુઓ સંન્યાસ લઇને લામા બને છે. મઠમાં ૨૫૦ સાધુઓ રહીને અભ્યાસ કરી શકે છે.

## ભારત વિરુદ્ધ ચીનનું વોટર વૉર

*તિબેટમાં ઉદ્ભવતી અને ભારતને મળતી નદીઓને ચીન વન બાય વન હાઈજેક કરી રહ્યું છે. હવે બ્રહ્મપુત્રાનો વારો છે. બ્રહ્મપુત્રા નદી પર તે વિશ્વનો સૌથી મોટો – વિરાટ ડેમ બાંધવા જઈ રહ્યું છે.*

## સંયુક્ત કુટુંબ માટે ખૂબ સરસ કવિતા

એક પાંદડું જીદે ચડ્યું,
થયું નિજ પરિવારથી જુદું.

ઝાડથી છૂટું પડીને એ પાંદડુ
ખૂબ હરખાય છે,
હાશ! છૂટ્યા હવે આ ભીડથી
મનથી એ મલકાય છે.

વાયુ સાથે વહેતું વહેતું
આમ તેમ લહેરાય છે,
સૃષ્ટિ બહારની ખૂબ સુંદર છે!
એને એવું મનમાં થાય છે.

ઝાડ પર રહ્યાં ચિપકીને
ત્યાં આમ ક્યાં રખડાય છે!
ત્યાં તો બસ બીજાઓ,
મારી સાથે રોજ અથડાય છે.

અહીં તો વાયુ સાથે
મજેથી ઉડીને જવાય છે,
ને ઝરણાની સાથે ખળખળ
ગીતો મજાના ગવાય છે.

પાણી સાથે ઉછળતાં
ને કૂદતાં એ મલકાય છે,
પણ સુખ ક્ષણભંગૂર છે
એ એને ક્યાં સમજાય છે.

ઝરણામાંથી વહેતું જયારે
કિનારે પહોંચી જાય છે,
જાનવરોનાં ખર નીચે
જયારે ખૂબ રગદોળાય છે.

પીડાથી કણસતું એ
હવે ખૂબ પસ્તાય છે,
ઝાડ સાથે જોડાયેલા હોવાનું
મૂલ્ય એને સમજાય છે.

આઝાદી વ્હાલી લાગે
પણ મોંઘી સાબિત થાય છે,
સંયુક્ત પરિવાર બંધન નહીં
પણ જીવનનો સાચો પર્યાય છે.

**પ્રેષક : નવનીત પટેલ**

# અમદાવાદનો ૬૧૫મો જન્મ દિવસ : તા. ૨૬-૨-૨૦૨૫

• પ્રેષક •
રજનીકાંત પારેખ

## *અમદાવાદની સ્થાપનાનો દિવસ : તા. ૨૬-૨-૧૪૧૧*

ઐતિહાસિક અને અદ્યતન શુભ સમન્વય સમાન ૨૬મી ફેબ્રુઆરી ઈ.સ. ૧૪૧૧માં અહેમદશાહે માણેક બુર્જ પાસે અમદાવાદની સ્થાપના કરી હતી. અમદાવાદ આગામી તા. ૨૬-૨-૨૦૨૫ના રોજ ૬૧૪ વર્ષ પૂર્ણ કરીને તેનો ૬૧૫મો જન્મ દિવસ ઉજવવા જઈ રહ્યો છે, તો ચાલો, આપણે જાણીએ અમદાવાદ શહેરની અવનવી જાણકારી.

એક સમયે પોળો, દરવાજા અને કાપડની મિલો માટે જાણીતું અમદાવાદ શહેર આજે "હેરિટેજ સિટી" તરીકે ઓળખાય છે. આ સાથે જ કાંકરીયા અમદાવાદની ઓળખગાથા તથા રીવરફ્રન્ટ અને અટલ બ્રિજ અમદાવાદના નવા લેન્ડમાર્ક બન્યા છે.

## અમદાવાદની પ્રથમ હાઉસિંગ સોસાયટીના ૧૦૦ વર્ષ

આજથી બરોબર ૧૦૦ વર્ષ અગાઉ દસક્રોઈ તાલુકાના મામલતદારને ખરીદેલી ખજૂર જે છાપામાં વિંટાળેલી હતી, તેમાં આયર્લેન્ડમાં બનેલી સોસાયટીના સમાચાર વાંચી, સોસાયટી વસાવવાનો વિચાર આવ્યો હતો!

આધુનિક સમયમાં સારા વિસ્તારમાં વિશાળ બંગલામાં રહેવું સામાન્ય પરિવાર માટે એક સ્વપ્ન સમાન બન્યું છે ત્યારે એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી શહેરની પ્રથમ બ્રહ્મક્ષત્રિય કો.ઓ.હા. સોસાયટી કે જેના પાયા ૧૯૨૪માં નંખાયા હતા. બ્રહ્મક્ષત્રિય સોસાયટીના નામે રજિસ્ટર્ડ થયેલી આ સોસાયટી પ્રીતમનગરના નામે ઓળખાતી હતી.

## કાલુપુર 'ક્લોક' ટાવરે ૧૦૦ વર્ષનો 'સમય' પૂરો કર્યો

'કેટલા વાગ્યા છે?' એ જાણવા માટે કાંડા ઘડિયાળ અને હવે માત્ર મોબાઈલ સ્ક્રીન પર જ નજર કરવાની રહે છે. પરંતુ આજથી ૧૦૦ વર્ષ અગાઉ સમય જાણવા માટે એકમાત્ર સાધન એટલે શહેરની મધ્યમાં આવેલું ક્લોક ટાવર અને દર કલાકે તેમાં વાગતા ટકોરા. ટાવરમાં ટકોરા પડે એ સાથે જ નગરજનો પોતાની રોજિંદી કામગીરી શરૂ કરતા.

અમદાવાદ કાલુપુર ખાતે પણ આવું જ એક 'ક્લોક ટાવર' આવેલું છે. ૧૦૦ વર્ષ અગાઉ એટલે કે ૧૯૨૫માં બનાવવામાં આવેલ આ ટાવરમાં ચારેય બાજુ ઘડિયાળ છે. વર્ષ ૨૦૨૧માં આ ટાવરનું રૂપિયા ૧૦ લાખના ખર્ચે રીસ્ટોરેશન પણ કરાયું હતું. 'નાના મિયાં હવા ટાવર' તરીકે ઓળખાતા આ ટાવરની વિશિષ્ટતા માટે એવું પણ કહેવાય છે કે, આ ટાવર જેટલું જમીન બહાર છે તેટલું જ જમીનની અંદર છે.

## અમદાવાદ વિશેની અજાણી વાતો

૧. ઉસ્માનપુરા ગામનું નામ ઈસ્લામિક લાગે છે પણ તેના પ્રારંભિક વસવાટ કરનારા હિંદુ જ હતા.

૨. અમદાવાદમાં એક રામજી મંદિરમાં કાળા કલરના રામ છે. રામ બધે ઊભેલા હોય છે. આ મંદિરમાં બેઠેલા રામ છે. અહીં રામ નવમીએ જન્મ પત્રિકાનું વાંચન થાય છે.

૩. વાડ નહોતી તેથી ગામનું નામ પડ્યું 'વાડજ.'

૪. સોલા ગામનું રામજી મંદિર ઐતિહાસિક છે. અહીં સ્વાતંત્ર્ય સેનાનીઓને રખાયા હતા.

૫. વસ્ત્રાપુર ગામમાં ઠાકોરોની મોટી વસ્તી છે. આ ગામમાં એક હજાર દુકાનો છે પણ એક પણ દુકાન ઠાકોરની નથી.

૬. જુહાપુરામાં હજારો મુસ્લિમો રહે છે. પણ આ ગામ જુહાજી ઠાકોરે વસાવ્યું હતું.

૭. આઝમખાન જ્યારે અમદાવાદનો સૂબો હતો ત્યારે તેણે પોતાના હુકમથી ગાવા ના આવેલી આઠ ગાવાવાળી બહેનોને મરાવી નાંખી હતી. એ ખૂબ ક્રૂર હતો. તેની ક્રૂરતા પરથી ગરબો રચાયો... એ કે લાલ દરવાજે તંબુ તાણિયા રે લોલ... બાદશાહ બડો મિજાજી...
એ ઇશ્કમિજાજી હતો.

૮. મહાગુજરાત આંદોલનની લડતમાં ૨૨૬ દિવસ ચાલેલો સત્યાગ્રહ સમગ્ર દેશનો અનોખો સત્યાગ્રહ હતો.

૯. ચંદ્રવિલાસની તુવેરની દાળ ખૂબ વખણાતી. લોકો ઘરે દાળ ના બનાવતા અને લાંબી લાઈનમાં ઊભા રહીને દાળ લઈ જતા.

૧૦. ચંદ્રવિલાસનો વકરો એટલો આવતો કે સિક્કાનું વજન કરીને કેટલો વકરો થયો છે તે નક્કી કરાતું.

૧૧. અમદાવાદમાં ૧૮૫૯માં આંગડિયા સર્વિસ શરૂ થઈ. ઊંઝાના જીવાજી ઇચ્છાજી પટેલે શરૂ કરેલી. પછી તો આંગડિયા સર્વિસ એટલી ચાલી કે સરકારનો પોસ્ટ વિભાગ હલબલી ગયો. તેમની ઘરાકી ઘટી એટલે તેમણે કેસ કર્યો. વાત છેક સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી. જેમાં આંગડિયાઓની જીત થઈ હતી.

૧૨. સરદાર પટેલ ટપાલીઓના યુનિયનના નેતા બન્યા હતા. એ વખતે ટપાલીઓ દિવસમાં ત્રણ ત્રણ વખત ટપાલ વહેંચવા જતા. પગાર મળતો હતો માત્ર ૧૮ રૂપિયા. સરદાર પટેલને તેમની વાતમાં વજૂદ લાગ્યું. તેમના નેતૃત્વમાં હડતાળ પાડી. ટપાલીઓ જીત્યા અને પગાર ૧૮નો ૨૨ રૂપિયા થયો.

૧૩. જલેબી અને ફાફડાના કોમ્બિનેશનનો પ્રારંભ અમદાવાદની ચંદ્રવિલાસ હોટલે કર્યો હતો.

૧૪. અમદાવાદમાં હડકેશ્વરી દેવીનું મંદિર છે, જેને કૂતરું કરડ્યું હોય તે અહીં પગે લાગે તો તેને સારું થઈ જાય છે.

૧૫. એક હસતી બીબીનો ગોખલો છે. એક એવી બીબી કે મહિલા હતી, જે માંદા બાળકો પર હાથ મૂકે તો તેમને સારું થઈ જતું હતું.

૧૬. બોપલ ગામ વસાવનારને એનો યશ નથી મળ્યો. આ ગામની બહાર બોપલ દેસાઈ પોતાનાં પશુઓ લઈને બેસતો. લોકો કહેતા કે બોપલ દેસાઈની વસાહતે જવું છે. તેમાંથી બોપલ નામ પડી ગયું.

૧૭. અમદાવાદમાં રાધનપુરના દિવાન સૈયર બાવા મિયાન કાદરીનો બંગલો હતો. એમના દીકરા એમ.બી. કાદરી અમદાવાદ શહેરના પ્રથમ ડેપ્યુટી મેયર બન્યા હતા. તેમનો દીકરો આઈ. એમ. કાદરી મુંબઈનો શેરિફ બન્યો હતો. હવે આ બંગલો હોટલમાં પરિવર્તિત થયો છે.

## અમદાવાદની પોળોની A to Z યાદી

પોળ, એવા મકાનોનો સમૂહ છે જેમાં એક જ જ્ઞાતિ, વ્યવસાય કે ધર્મથી જોડાયેલા લોકો સાથે રહે છે. આ અમદાવાદની પોળોની યાદી છે. આ પોળોની સંસ્કૃતિએ અમદાવાદને યુનેસ્કોની યાદીમાં સ્થાન મેળવવામાં મદદ કરી છે.

અમદાવાદની પ્રથમ પોળને મુહૂર્ત પોળ નામ આપવામાં આવ્યું હતું.

### *• અમદાવાદની પોળોની યાદી નીચે મુજબ છે •*

૧. અમૃતલાલની પોળ
૨. આંબલીની પોળ
૩. આકા શેઠ કુવાની પોળ
૪. અર્જુનલાલની ખડકી
૫. બંગલાની પોળ
૬. બાપા શાસ્ત્રીની પોળ
૭. બકરી પોળ
૮. બાવાની પોળ
૯. ભદવા પોળ (બાડો પોળ)
૧૦. ભંડારીની પોળ
૧૧. ભાઉની પોળ
૧૨. ભવનપુરાની પોળ
૧૩. બોબડિયા વૈદ્યની ખડકી
૧૪. બુખારાની પોળ
૧૫. છગન દફ્તરની પોળ
૧૬. છીપા માવજીની પોળ
૧૭. ડબગરવાડ
૧૮. દેડકાની પોળ
૧૯. દેસાઈની પોળ
૨૦. દેવની શેરી
૨૧. દેવજી સરૈયાની પોળ
૨૨. દેયડીની પોળ
૨૩. ઢાળની પોળ
૨૪. ધનાસુથારની પોળ
૨૫. ધનપીપળાની પોળ
૨૬. ઢીંકવાની પોળ
૨૭. ધોબીની પોળ
૨૮. દુર્ગામાતાની પોળ
૨૯. ફાફડાની પોળ
૩૦. ફતાસા પોળ
૩૧. ગંગાધીયાની પોળ
૩૨. ગત્રાડની પોળ
૩૩. ઘાંચીની પોળ
૩૪. ઘાસીરામની પોળ
૩૫. ગોજારીયાની પોળ
૩૬. ગોલવાડ
૩૭. ગોટીની શેરી
૩૮. હબીબની ગોલવાડ
૩૯. હાજા પટેલની પોળ
૪૦. હજીરાની પોળ
૪૧. હલીમની ખડકી
૪૨. હનુમાનની ખડકી
૪૩. હનુમાન પોળ
૪૪. હારનની પોળ
૪૫. હરી ભક્તિની પોળ
૪૬. હરિકરસનદાસ શેઠની પોળ
૪૭. હાથીખાના
૪૮. હવેલીની પોળ
૪૯. હીરા ગાંધીની પોળ
૫૦. જાદ ભગતની પોળ
૫૧. જળકુકડીની પોળ
૫૨. જાનીની ખડકી
૫૩. જાતિની પોળ
૫૪. જેઠાભાઈની પોળ
૫૫. જીવણ પોળ
૫૬. કચરીયાની પોળ
૫૭. કડવા પોળ
૫૮. કાકા બળિયાની પોળ
૫૯. કલજુગની ખડકી
૬૦. કાલુમિયાનો તકિયો
૬૧. કાળુશીની પોળ
૬૨. કામેશ્વરની પોળ
૬૩. કંસારાની પોળ
૬૪. કવિશ્વરની પોળ
૬૫. ખત્રી પોળ
૬૬. ખીચડાની પોળ
૬૭. ખીજડાની પોળ
૬૮. ખીજડા શેરી

૬૯. કોકડિયાની પોળ
૭૦. કોટશેરી
૭૧. કોઠારીની પોળ
૭૨. કૂવાવાળો ખાંચો
૭૩. લાખિયાની પોળ
૭૪. લાલા વસાની પોળ
૭૫. લાલાભાઈની પોળ
૭૬. લાંબા પાડાની પોળ
૭૭. લીંબુ પોળ
૭૮. લીમડા શેરી
૭૯. મહાજન વાડો
૮૦. મહાલક્ષ્મીની પોળ
૮૧. મહાલક્ષ્મીનો ખાંચો
૮૨. મહુરત પોળ
૮૩. મકેરી વાડ
૮૪. મામાની પોળ
૮૫. મામુનાયકની પોળ
૮૬. માંડવીની પોળ
૮૭. મણિયાસાની ખડકી
૮૮. મંકોડીની પોળ
૮૯. મરચી પોળ
૯૦. મહેતાની પોળ
૯૧. મોધવાડાની પોળ
૯૨. મોરલીધરનો વહેરો
૯૩. મોટી સાલેપરી
૯૪. મોતી રંગીલા પોળ
૯૫. મોતીભાઈની ખડકી
૯૬. મોટો સુથારવાડો
૯૭. નાની સાલેપરી
૯૮. નાડાવાડાની પોળ
૯૯. નાગર ભગતની પોળ
૧૦૦. નાગરબોડીની પોળ
૧૦૧. નાગરવાડો
૧૦૨. નગીના પોળ
૧૦૩. નાગજી ભુદરની પોળ
૧૦૪. નાગોરીવાડ
૧૦૫. નાગુ માસ્તરનો ડેલો
૧૦૬. નાઈવાડો
૧૦૭. નાની હમામની પોળ
૧૦૮. નાની રંગીલા પોળ
૧૦૯. નાનો સુથારવાડો
૧૧૦. નાનશા જીવણની પોળ
૧૧૧. નવધાની પોળ
૧૧૨. નિશા પોળ
૧૧૩. પાડા પોળ
૧૧૪. પાડી પોળ
૧૧૫. પગથિયાવાળો ખાંચો
૧૧૬. પખાલીની પોળ
૧૧૭. પંચભાઈની પોળ
૧૧૮. પંડિતજીની પોળ
૧૧૯. પાંજરા પોળ
૧૨૦. પરબડીની પોળ
૧૨૧. પારેખની પોળ
૧૨૨. પતાસાની પોળ
૧૨૩. પીપળા શેરી
૧૨૪. પીપરડી પોળ
૧૨૫. રબારીવાસ
૧૨૬. રાજા મહેતાની પોળ
૧૨૭. રણછોડજીની પોળ
૧૨૮. રતન પોળ
૧૨૯. રૂપાપરીની પોળ
૧૩૦. રૂઘનાથ બંબની પોળ
૧૩૧. સદુમાતાની પોળ
૧૩૨. સાંઈબાબાની પોળ
૧૩૩. સાળવીની પોળ
૧૩૪. સંભવનાથની પોળ
૧૩૫. સમેત શિખરની પોળ
૧૩૬. સાંકડી શેરી
૧૩૭. સારખેડીની ખડકી
૧૩૮. સરકીવાડ
૧૩૯. સથવારાનો ખાંચો
૧૪૦. શામળજી થાવરની પોળ
૧૪૧. શામળાની પોળ
૧૪૨. શેઠની પોળ
૧૪૩. શેવકાની વાડી
૧૪૪. શ્રીરામજીની શેરી
૧૪૫. સોદાગરની પોળ
૧૪૬. સોનીની ખડકી
૧૪૭. સોનીની પોળ
૧૪૮. સોનીનો ખાંચો
૧૪૯. સુરદાસ શેઠની પોળ
૧૫૦. સુતરીયાની પોળ
૧૫૧. તળિયાની પોળ
૧૫૨. ટેમલાની પોળ
૧૫૩. ટોકરશાની પોળ
૧૫૪. વાઘણ પોળ
૧૫૫. વાઘેશ્વરી માતાની પોળ
૧૫૬. વેરાઈ પાડાની પોળ
૧૫૭. વીંછીની પોળ
૧૫૮. વાડીગામ
૧૫૯. ઝુમખીની પોળ
૧૬૦. ઝુંપડીની પોળ

## અમદાવાદના લોકો

અમદાવાદ સંપૂર્ણપણે વર્તમાનકાળમાં જીવતું શહેર છે. આ શહેરને ભૂતકાળનો બહુ ખાસ રંજ કે ખરખરો નથી અને ભવિષ્યકાળની બહુ ફિકર પણ નથી. આ શહેરના લોકો આજ-અટાણે મજા કરી લેવામાં માને છે.

અમુક લોકો રાતે ૩ વાગે ચા પીને ઘરે જાય છે તો અમુક લોકો ૩ વાગે ચા પીવા ઘરમાંથી બહાર નીકળે છે. ટૂંકમાં, ગામ રેઢું ન રહેવું જોઈએ બસ!

જુદા જુદા ગામડાંમાંથી માઈગ્રેટ થઈને જુદી જુદી જાતના-ભાતના ને નાતના લોકોએ અમદાવાદને પચરંગી બનાવ્યું છે.

એટલે જ તો અમદાવાદનું કોઈ એક કલ્ચર નથી. બસ, એ જ તો અમદાવાદનું 'કલ્ચર' છે. અમદાવાદ ગુજરાતીઓનું 'અમેરિકા' છે.

અમદાવાદમાં કરોડ રૂપિયાની ગાડીવાળા પણ મોજમાં છે તો રીક્ષાવાળો પણ ઉદાસ નથી.

અહીં દરેક માણસ પોતાને પરવડે એવી મોજની ખોજ કરી લે છે. એટલે જ તો આ શહેર રાતે નથી વધતું એટલું દિવસે વધે છે.

અમદાવાદમાં અગિયારસો રૂપિયાની થાળી લગ્ન પ્રસંગમાં જમાડવાવાળા કેટરીંગનું પણ ચાલે છે તો ફૂટપાથ પર પાણીપુરી વેચનારો પણ ફ્રી નથી.

અહીં ફુટપાથ કોઈની પણ મંજૂરી વગર ચાની લારી માટે પાંચ પાંચ લાખ રૂપિયામાં કોઈપણ જાતના દસ્તાવેજ વગર મરદની મૂછ માથે વેચાઈ જાય છે.

એકવાર નર્કમાં કેટલાક લોકો આરામથી વડલા હેઠે પાણાનું ઓશિકું કરીને ઘસઘસાટ સૂતા હતા. ચિત્રગુપ્તે યમરાજાને પૂછ્યું કે, 'આ કોણ છે?' યમરાજ કહે, 'આ અમદાવાદના લોકો છે, ગમે ત્યાં સેટ થઈ જ જાય છે!'

અમદાવાદમાં જે હાલે એ આખા ગુજરાતમાં ચાલે.

અમદાવાદવાસીઓ માટે લખેલી એક હળવીફૂલ કવિતા માણો.

*એક હાથમાં ફૂલડાં રાખે, બીજા હાથમાં ધોકો,*
*સાવ અનોખા યાર અમારા, અમદાવાદના લોકો.*

*આંખોમાં સપના લઈ વહેલા ઉઠતા રોજ,*
*લોકો જ્યાં મસ્તી લૂંટવાનો કાયમ ગોતે મોકો.*
*સાવ અનોખા યાર અમારા અમદાવાદના લોકો...!*

*ગજબનું શહેર છે યાર આ અમદાવાદ*

રોડના એક કાંઠે તમને પૂર્ણ ભારતીય પોશાકવાળી સાડી સેંથાવાળી ગુજરાતણ સ્ત્રી જોવા મળે તો સામે કાંઠે બોલ્ડ ટાઈટ જીન્સ અને સ્લીવલેસ ટી-શર્ટમાં છાનીમાની ગલીમાં સિગારેટ પીતી કન્યા પણ જડી આવે.

*જમીનના જ્યાં ભાવ છે માણસ કરતાં મોંઘા,*
*શીંગ રેવડી જેટલા થઈ ગયા શેરદલાલો સોંઘા.*
*ભાવ અને સ્વભાવ ગયા છે ઊંચા એને રોકો,*
*સાવ અનોખા યાર અમારા અમદાવાદના લોકો.*

અમદાવાદનું પાણી થોડું વટવાળું છે. કો'ક કરોડનું ફુલેકું ફેરવે તોય ગામ એની નોંધ ન લે અને અડધી ચા નો આગ્રહ ન કરો તો ખોટું લાગી જાય.

અહિંયા લોકો સૂઝથી નહીં પણ સેન્ટીમેન્ટ્સથી ધંધો કરે છે. અહિંયા મોંઘા દાટ લગ્નો થાય એ તો સમજ્યા પણ કરોડ કરોડ રૂપિયા પ્રાર્થનાસભા કે સાદડીના સામિયાણામાં પણ લોકો ચૂકવે છે. અમદાવાદના લોકોને મોત પણ શાનદાર જ ખપે છે.

*મોંઘેરી ગાડી નખરાળી લાડી લઈને ભમવું*
*ગામ આખાને રવિવારની સાંજે બહાર જ જમવું.*
*ફેશન પહેરી નીકળી ગયેલા જુવાનિયા'વને ટોકો*
*સાવ અનોખા યાર અમારા અમદાવાદના લોકો.*

*સેવાના અવતાર સમી છે જ્યાં સંસ્થાઓ સધ્ધર,*
*સ્વાભિમાનથી જેના લોકો હાલે વેંત એક અધ્ધર.*
*સાવ અનોખા યાર અમારા અમદાવાદના લોકો....*

## અમદાવાદ

*મનગમતી મસ્તીનું શહેર અમદાવાદ*
*અલબેલી વસ્તીનું શહેર અમદાવાદ*
*તારું ને મારું આ શહેર અમદાવાદ*
*સૌને પ્યારું આ શહેર અમદાવાદ.*

*હાથોમાં એના છે મહેંદીની ભાત સમી*
*સીદી સૈયદની કોતરણી*
*રોશનીથી ઝગમગતું કાંકરિયા **Lake** જાણે*
*એના રે નાક કેરી નથણી.*

*માણેકચોક એનું દિલ બની ધડકે ને*
*સી.જી. રોડ મન બની મહેકે.*
*મિલોની સાઈરન ને વાહનનાં હોર્ન રોજ*
*એનો અવાજ બની ગહેકે.*

*ભદ્રકાળીની છે મ્હેર અમદાવાદ*
*ખાણી પીણી ને લીલાલ્હેર અમદાવાદ*
*તારું ને મારું આ શહેર અમદાવાદ*
*સૌને પ્યારું આ શહેર અમદાવાદ.*

*ગૂગલની સાઈટ પર લાગે છે મોટું*
*પણ દિલમાં સમાય એવું નાનું*
***High Rise Buildings** ની ગોઠવણી એવી*
*જાણે ઊભું છે ખાના પર ખાનું.*

*બાર બાર દરવાજા, દેરા, હવેલી*
*જાણે જીવતાં નખશીખ કોઈ ચિત્રો*
*કિટલીની પહેલી મુલાકાતમાં જ તમને*
*મળી જાય કાયમનાં મિત્રો.*

*નિત નવા રંગોનું શહેર અમદાવાદ*
*ઊડતા પતંગોનું શહેર અમદાવાદ*
*તારું ને મારું આ શહેર અમદાવાદ*
*સૌને પ્યારું આ શહેર અમદાવાદ.*

*આ શહેરના બાયોડેટામાં છે*
***IIM, NID, CEPT** જેવી **Degree***
***Fashion, Textile** કે કોમ્પ્યુટર હોય*
*કોઈ વાત એને લાગે ના અઘરી.*

***ISRO** ની ખુલ્લી અગાસી પર જઈએ*
*તો ચાંદ હવે લાગે છે પાસે*
***BRTS** માં કરીએ સવારી તો*
***Future** પણ હાથવગું ભાસે.*

*સોનાં ને ચાંદીનું શહેર અમદાવાદ*
*સૌની આઝાદીનું શહેર અમદાવાદ*
*તારું ને મારું આ શહેર અમદાવાદ*
*સૌને પ્યારું આ શહેર અમદાવાદ.*

***"Happy Amdavad"***

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો - ૨૪ : ફેર પ્લે
# મણકો - ૨૫ : મદદ માટે રાહ ના જુઓ

• સંકલન •
ડૉ. આશિષ ચોક્સી

## ફેર પ્લે

૨૮ જૂન, ૨૦૧૮ના રોજ રશિયામાં રમાઈ રહેલ ફીફા (ફૂટબોલ) વર્લ્ડકપમાં પ્રિ-ક્વાર્ટરમાં પ્રવેશવા લાયક જાપાન અને સેનેગલ બંને ટીમોના ચાર પોઈન્ટ થતા હતા. બીજા ક્રમ માટે જાપાન અને સેનેગલ બંને દાવેદાર હતા.

'ફીફા'ના નિયમ અનુસાર જો બંને ટીમોના સરખા પોઈન્ટ થાય તો ગોલ ડિફરન્સ જોવાય. ગોલ ડિફરન્સ સરખા થાય તો ફેર પ્લેને સહારે ટીમને આગેકૂચની તક મળે. જાપાન અને સેનેગલે ગ્રુપ સ્ટેજમાં એક જીત, એક હાર અને એક ડ્રો પરિણામ મેળવતા બંને ટીમોના ચાર-ચાર પોઈન્ટ થયા હતા.

બંને ટીમોએ ગ્રુપ સ્ટેજમાં ચાર-ચાર ગોલ કર્યા હતા. હરીફ ટીમોએ પણ તેમની સામે ચાર ચાર ગોલ કર્યા હતા. આથી બંને ટીમોનો ગોલ ડિફરન્સ પણ સરખો એટલે ઝીરો-ઝીરો થયો હતો. આખરે ફેર પ્લે પોઈન્ટ્સ ધ્યાનમાં લેવાયા જેમાં ઓછા યલો કાર્ડ મેળવનાર ટીમને આગેકૂચ અપાય છે.

જાપાનને ત્રણ ગ્રુપ મેચોમાં ચાર યલો કાર્ડ મળ્યા હતા, જ્યારે સેનેગલને ત્રણ ગ્રુપ મેચોમાં છ યલો કાર્ડ મળ્યા હતા. (ફૂટબોલમાં જ્યારે કોઈ ખેલાડી જાણીજોઈને હરીફ ખેલાડીને ઈજા પહોંચાડે કે નિયમનો ભંગ કરે તો ગેરશિસ્ત બદલ તેને યલો કાર્ડ દેખાડવામાં આવે છે). સેનેગલને વધુ યલો કાર્ડ મળ્યા હોઈ તે સ્પર્ધાની બહાર ફેંકાઈ ગયું હતું. ફીફા વર્લ્ડકપના ઈતિહાસમાં જાપાન એવો સર્વપ્રથમ દેશ બન્યો કે જેને ફેર પ્લે પોઈન્ટ્સના સહારે નોક આઉટ રાઉન્ડમાં પ્રવેશ મળ્યો હોય. ખેલભાવનાથી રમવાનું ફળ જાપાનને મળ્યું.

- **છેલ્લો બોલ :**

વ્યવહાર, વર્તન અને વાણીમાં 'ફેર પ્લે' રાખી હોય તો જીવનમાં ક્યારેક તો તે અણધારી મદદ કરી તમને બચાવી લઈ આગળ વધવામાં જરૂર મદદરૂપ થશે.

## મદદ માટે રાહ ના જુઓ

***બિલગેટ્સનો અનુભવ તેમના પોતાના શબ્દોમાં***

"વર્ષો પહેલા ન્યૂયોર્ક એરપોર્ટ પર એક નાના ન્યૂઝપેપર વિક્રેતાએ ત્રણ માસના અંતરમાં મને બે ન્યૂઝપેપર ફ્રી આપ્યા હતા. બંને વખતે મારી પાસે છૂટા પૈસા ન હતા. હું પેપર લીધા વિના તેની શોપ છોડતો હતો ત્યારે તેણે આગ્રહ કરીને મને પેપર આપ્યા.

વર્ષો વીતી ગયાં, હું ખૂબ સફળ અને શ્રીમંત થયો. મેં પેલા ન્યૂઝપેપર વિક્રેતાને ખૂબ મહેનતથી શોધ્યો અને વર્ષો પહેલાં પોતાને 'બે ફ્રી ન્યૂઝપેપર' આપેલ તે બદલામાં કોઈપણ પ્રકારની મદદ કરવાની તૈયારી બતાવી."

ન્યૂઝપેપર વિક્રેતાએ બિલ ગેટ્સને કહ્યું, 'સર, તમે આમ કરીને પણ મારી બરાબરી નહીં કરી શકો. મેં તમને મદદ કરી ત્યારે હું એક ગરીબ અખબાર વિક્રેતા હતો. તમે હવે જ્યારે મને મદદ કરવા ઈચ્છો છો ત્યારે તમે દુનિયાના સૌથી શ્રીમંત વ્યક્તિ છો. તમારી મદદ મારી મદદ સાથે કેવી રીતે મેચ થાય?'

બિલ ગેટ્સ આગળ જણાવે છે, 'આ ન્યૂઝ પેપર વિક્રેતા ખરા અર્થમાં શ્રીમંત છે, કારણ કે તેણે કોઈને મદદ કરવા માટે પોતે શ્રીમંત થાય તેની રાહ જોઈ નથી.'

- **છેલ્લો બોલ :**

મુંબઈના ટીફિનવાળા વિશ્વ વિખ્યાત છે. એક વખત એક ડબ્બાવાળાને પરિવહન દરમિયાન ગંભીર અકસ્માત નડ્યો. તેનું દુર્ઘટના સ્થળ પર જ મૃત્યુ નિપજ્યું. ગ્રાહકોને તેમની ઓફિસે તેમના ટીફિનો પહોંચાડવાના હજુ બાકી હતા. સુપરવાઈઝરે તરત જ બેક-અપ વ્યવસ્થા ગોઠવી દીધી. ગ્રાહકોને સમયસર ભોજન મળ્યું.

આ ગ્રાહકોને એ પણ ખબર ના પડવા દીધી કે તેમનું ભોજન લાવનારને રસ્તામાં શું થયું? કદાચ ઘટના જાણી તેમની ભોજનરૂચિ મરી જાય. આથી આ દુર્ઘટના અંગે તેમને અજાણ રખાયા. ■

### રાષ્ટ્રીય યુવા ધન

*ભારતના રૂરલ એરિયામાં રહેતા ૪૪ ટકા યુવાનોને ઉદ્યોગ સાહસિક બનવાના સપના આવે છે પરંતુ પૂરતી તકો મળતી ન હોવાથી નોકરી કરીને આખું જીવન વિતાવી દેવું પડે છે.*

### ગ્લોબલ બિઝનેસ સેન્ટર

★ *ગ્લોબલ બિઝનેસ લીડરશિપમાં ૧૩ ટકા ભારતીય યુવાનો છે.*

★ *ટોચની ૫૦૦ કંપનીઓમાં **CEO**ની સરેરાશ વય ૫૫ વર્ષની છે.*

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો
# મણકો - ૧૪ : રામપ્રસાદ બિસ્મિલ

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૧૧ જૂન, ૧૮૯૭*
*વીરગતિ : ૧૯ ડિસેમ્બર, ૧૯૨૭*

કાકોરી રેલધાડના મુખ્ય સૂત્રધાર રામપ્રસાદ બિસ્મિલનું મૂળ નામ રામપ્રસાદ મુરલીધર પંડિત હતું. બિસ્મિલ એટલે વિહ્વળ. પોતે દેશની આઝાદી માટે વિહ્વળ હોવાથી નામની પાછળ પંડિતને બદલે બિસ્મિલનું છોગું લટકાવ્યું હતું. તેમનો જન્મ ઉત્તર પ્રદેશના શાહજહાનપુરમાં ૧૧મી જૂન ૧૮૯૭ના રોજ થયો હતો. સમય જતાં રામપ્રસાદ આર્યસમાજના સંપર્કમાં આવતાં આપોઆપ તમાકુ-સિગારેટ જેવી કુટેવોથી મુક્ત થઈ ગયા. પછી તો આર્યસમાજના રંગે એવા તો રંગાઈ ગયા કે આખો દિવસ આર્યસમાજના મંદિરે જ રહેતા અને પૂજા તથા લોકસેવા કરતા. તેમના પિતા મુરલીધર પંડિત સનાતન ધર્મી હતા. તેમને આર્યસમાજની વિચારધારા બિલકુલ પસંદ નહોતી અને તેઓ મદદલાલને ઠપકો આપ્યા કરતા. એક વખત લખનઉમાં કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન મળ્યું. શાહજહાનપુરથી લખનઉ બહુ દૂર નહીં. મિત્રો સાથે રામપ્રસાદ લખનઉ જઈ ચડ્યા. ત્યાં એમને અનેક ક્રાંતિકારીઓનો ભેટો થયો. ક્રાંતિકારી નેતા ગેંદાલાલ દીક્ષિતના તેઓ અનુયાયી બની ગયા. પછીથી રામપ્રસાદે બંગાળના પ્રખર ક્રાંતિકારી શચીન્દ્રનાથ સાન્યાલ સાથે મળીને હિંદુસ્તાન પ્રજાતંત્ર સંઘની સ્થાપના કરી. કેટલાય યુવાનો આ સંગઠનમાં જોડાયા. અશફાકઉલ્લાખાં અને રોશનસિંહ જેવા પોતાના શહેરના મિત્રો પણ આ સંગઠનના સભ્ય બન્યા. જોતજોતામાં સંગઠન દેશવ્યાપી બની ગયું. આ સંગઠને અનેક ક્રાંતિકારીઓ તૈયાર કર્યા. પરંતુ નાણાંની ભીડ આ સંગઠનની પ્રવૃત્તિને અવરોધતી રહી. આવડા મોટા સંગઠન માટે આવકનું કોઈ સાધન નહોતું. આર્થિક સમસ્યા હળવી કરવા ક્રાંતિકારીઓ ધાડના માર્ગે વળ્યા. રામપ્રસાદ તો અગાઉ મૈનપુરી ષડયંત્રમાં ભાગ લઈ ચૂક્યા હતા. એ જમાનામાં જમીનદારો ગરીબ લોકોનું ભારે શોષણ કરતા. આવા લોકોને લૂંટવા એ પાપ નથી એવું માની ક્રાંતિકારીઓ એમને ત્યાં ધાડ પાડતા. પરંતુ એમાંથી જે રકમ મળતી એટલેથી સંગઠનનું ગાડું ગબડી શકે એમ નહોતું. રામપ્રસાદે બધાને સરકારી ખજાનો લૂંટવાનો તુક્કો સુઝાડ્યો. તેમની આગેવાની હેઠળ દસ ક્રાંતિકારીઓએ કાકોરી ખાતે ટ્રેન ઊભી રાખી લાખો રૂપિયાની પેટીઓ લૂંટી લીધી. જે રકમ મળી તેમાંથી જર્મનીથી માઉઝર પિસ્તોલ મંગાવી. બધા ઉત્સાહમાં આવી ગયા. પરંતુ એમનો આ ઉત્સાહ લાંબો ન ટક્યો. ક્રાંતિકારીઓની રેલલૂંટથી સમસમી ઊઠેલી અંગ્રેજ સરકારે ધરપકડનો દોર ચાલુ કર્યો. ૪૦ જેટલા ક્રાંતિકારીઓની ધરપકડ કરવામાં આવી. લખનઉની અદાલતમાં કેસ ચાલ્યો. જેમાં રામપ્રસાદને ફાંસી સંભળાવવામાં આવી. અને આખરે ત્રીસ વર્ષના આ યુવાન ક્રાંતિકારી ૧૯મી ડિસેમ્બર ૧૯૨૭ના રોજ વંદે માતરમ્‌નો નારો બોલીને ગોરખપુરની જેલમાં ફાંસીના માંચડે ચડી ગયા.

---

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૧૧

**(અનુસંધાન : પાના નં. – ૫૨ ઉપરથી ચાલુ)**

અલબત્ત શેઠ શાંતિદાસ ઝવેરીના વતન અંગે વિવાદ પણ છે. મગનલાલ વખતચંદે 'અમદાવાદનો ઇતિહાસ' નામનું પુસ્તક લખ્યું છે તેમાં તેમણે શાંતિદાસ ઝવેરીને દિલ્હીના વતની હોવાનો મત વ્યક્ત કર્યો છે. પરંતુ એમના અભિપ્રાયને ઝાઝું સમર્થન નથી. વળી કોઈ તેમને સુરતના વતની પણ હોવાનું લખે છે. આ અંગેની સ્પષ્ટતા એવી છે કે એમના જમાનામાં સુરત એક ધમધમતું બંદર હતું. એ વખતે શેઠ શાંતિદાસ મણિયા નામની વ્યક્તિ સુરતમાં રહેતી હતી. એટલે શાંતિદાસ ઝવેરી કદાચ નોકરી અંગે પણ સુરત રહેતા હોય તે શક્ય છે. પરંતુ શાંતિદાસ મણિયા અને શાંતિદાસ ઝવેરી બે જુદી જ વ્યક્તિ હતા, તેમના નામ એકસરખાં હોઈ કેટલાકે બંને એક જ વ્યક્તિ હોવાની ભૂલ કરેલી છે. હા, સુરત મોટું બંદર હોવાથી શેઠ શાંતિદાસ ઝવેરીની સુરતમાં મોટી પેઢી હોવાનું શક્ય છે. પરંતુ 'ચિંતામણિ પ્રશસ્તિ' અને 'શ્રી શાંતિદાસજી શેઠજીનો રાસ' વગેરેમાં શાંતિદાસને અમદાવાદના જ વતની કહેવામાં આવ્યા છે.

સાર એટલો જ છે કે શાંતિદાસની સાતમી પેઢીના પૂર્વજ પદ્મસિંહ ક્ષત્રિય જાગીરદાર હતા. હરણના બચ્ચાના શિકાર બાદ તેમણે જૈન સાધુના ઉપદેશથી જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. સહસ્રકિરણ અમદાવાદ આવીને નોકરી કરતાં કરતાં આપબળે ઝવેરી બન્યા હતા અને શાંતિદાસને પિતાનો વ્યવસાય વારસામાં મળ્યો હતો. અકબર, જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ સાથે નિકટનો સંબંધ ધરાવનાર નગરશેઠ શાંતિદાસ ઝવેરીની દસમી પેઢી તે શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ. ■

એરિસ્ટોક્રેટ્સ

# એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૧૧ ★ ઓસવાલ શ્રેષ્ઠી – ૪
# મારવાડી અવેરાની પુત્રી 'કુમારી' અને સહસ્રકિરણ

• લેખક •
દેવેન્દ્ર પટેલ

અમદાવાદના પ્રથમ નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી પદ્મના વંશજ માનવામાં આવે છે.

એક વખત ક્ષત્રિય જાગીરદાર પદ્મસિંહ ડુંગરો વટાવીને પોતાના ઘોડાને સપાટ ભૂમિમાં દોડાવ્યે જતા હતા. એ દરમિયાન તેમણે એક ખેતરમાં દૂરથી હરણોનું ટોળું આવતું જોયું. હરણનો શિકાર કરવા તેમણે અવાજ ના થાય એ રીતે ઘોડાને એક વૃક્ષની પાછળ બાંધી દીધો. ઝાડની પાછળથી સહેજ બહાર આવી તેમણે એક તીર છોડ્યું. એક નાનું હરણ ઘાયલ થઈને ઢળી પડ્યું. હરણના બચ્ચાની સાથે દોડતાં બધાં જ હરણ ભાગી ગયાં પરંતુ બચ્ચાની મા હરણી ત્યાં જ ઊભી રહી ગઈ.

પદ્મસિંહે હરણના ઘાયલ બચ્ચાને ઉઠાવ્યું અને ઘોડા પર નાંખી તેઓ પણ ત્યાંથી રવાના થઈ ગયા. તેમણે પાછળ નજર કરી તો ઘાયલ હરણની માતા આંખમાં આંસુ સાથે દયાર્દ્ર નજરે પોતાના બચ્ચાને જોઈ રહી હતી. તે પણ હવે ક્યાંય સુધી પાછળ પાછળ આવતી જણાઈ. પરંતુ ઘોડાની દોડ તેજ હતી, તે ઘણો આગળ નીકળી ગયો.

અનેક પ્રાણીઓના શિકાર કરીને રીઢા બનેલા શિકારી પદ્મસિંહે આજે પહેલી જ વાર મનમાં કોઈ જુદી જ અનુભૂતિ અનુભવી. અંદરથી અંતર ડંખી રહ્યું હતું. હરણના બચ્ચાની માનો દયાની ભીખ માંગતો ચહેરો તેમનાં મનઃચક્ષુ સમક્ષ તરવરતો હતો. એક તરફ એમનું મન કહેતું હતું : 'શિકાર કરવો કે મૃગયા કરવી એ તો રાજપૂતોનો ધર્મ છે, અધિકાર છે. એમાં મેં ખોટું શું કર્યું?'

બીજી તરફ અંતરાત્મા કહેતો હતો : 'પદ્મસિંહ, તે એક નિર્દોષ હરણના જીવને ખૂબ દુઃખ પહોંચાડ્યું છે.'

ઘોડો દોડ્યે જતો હતો.

પદ્મસિંહની મનઃસ્થિતિ તંદ્રામાં પણ આકુળવ્યાકુળ હતી. એવા વિચારોમાં જ એમણે કેટલોય પંથ કાપી નાંખ્યો. તેઓ સવારથી નીકળી ગયા હતા. હવે બપોર થઈ હતી. તરસ પણ લાગી હતી. વૃક્ષની શીળી છાયામાં ઘોડાને બાંધ્યો. એમણે ચારે તરફ નજર કરતાં સહેજ દૂર બીજા એક વૃક્ષની છાયા નીચે એક સાધુ તેમના શિષ્યવૃંદ સાથે બેઠેલા હતા. ત્યાં તરસ છીપાવવા પાણી મળશે એવી આશા સાથે તેઓ સાધુ પાસે ગયા. સાધુના શિષ્યોએ પદ્મસિંહને પાણી આપી તેમની તરસ મિટાવી.

સાધુએ પૂછ્યું : 'આવા તાપમાં દૂર દૂરથી આવ્યા લાગો છો!'

પદ્મસિંહે કહ્યું : 'હું મૃગયા કરવા નીકળ્યો હતો. આજે મેં એક હરણના બચ્ચાનો શિકાર કર્યો છે.'

સાધુએ સજજભાવે કહ્યું : 'શિકાર શા માટે કર્યો?'

'હું ક્ષત્રિય છું. શિકાર કરવો અમારી પરંપરા છે.'

સાધુએ કહ્યું : 'સાચો ક્ષત્રિય તો તેને કહેવાય જે બીજાનું રક્ષણ કરે. સાચો ક્ષત્રિય ધર્મ તો એ છે કે તે કોઈ પણ નિર્દોષ જીવને દુઃખ ના પહોંચાડે. આ તો તમે કેવળ શોખ ખાતર એક નાનકડા નિર્દોષ બચ્ચાને મારી નાખ્યું, તેમાં વીરત્વ શું?'

પદ્મસિંહ શાંતિથી સાધુની વાત સાંભળી રહ્યા.

હજી થોડીક ક્ષણો પહેલાં જ તેમનો આત્મા ડંખતો હતો. તેઓ જે પ્રકારનું મનોમંથન અનુભવતા હતા તે જ વાણી સાધુ બોલી રહ્યા હતા. સાધુએ ઉચ્ચારેલા શબ્દો હવે તીરની જેમ તેમના હૃદયમાં ખૂંપી ગયા : 'મારે તો જીવમાત્રનું રક્ષણ કરવું જોઈએ. મેં નાનકડા જીવને મારી નાંખીને કેટલું બધું પાપ કર્યું?''

તેઓ મનોમન પસ્તાવો કરી રહ્યા.

સાધુએ શિકાર કર્યા બાદ પશ્ચાતાપ કરી રહેલા પદ્મસિંહના ચહેરાના ભાવ વાંચ્યા. પદ્મસિંહે તેમના ચરણોમાં વંદન કર્યા. સાધુએ પણ રાજપૂત પદ્મનું સન્માન કર્યું. તેમણે પોતાની જાત સાધુના ચરણોમાં ધરી દીધી. સાધુએ તેમને કહ્યું : 'હે વીર પુરુષ! આ જીવનમાં પરમાત્માના માર્ગે જવું હોય તો અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એમ પાંચ વ્રત સ્વીકારો.'

પદ્મસિંહે સાધુના ઉપદેશને સ્વીકાર્યો, આત્મસાત્ કર્યો અને એ જ દિવસથી એક રાજપૂત હોવા છતાં પદ્મસિંહે જૈન શાસનનો સ્વીકાર કરી લીધો. ત્યાર પછી આજ સુધી પદ્મના વંશજો અહિંસાધર્મને વળગી રહ્યા.

નગરશેઠ શાંતિદાસ ઝવેરી પદ્મના વંશજ છે. તેમના પ્રતાપી પૂર્વજો આ પ્રમાણે છે : (૧) પદ્મ-પદ્માદેવી, ત્યારબાદ (૨) ક્ષમાધર-ભવની, (૩) સાહુલવા-પાટી, (૪) હરપતિ-પુનાઈ, (૫) વાછા-સાગરદેવી અને તેમનું સંતાન તે (૬) સહસ્ર કિરણ.

સહસ્રકિરણના સમયમાં મુસલમાનોના આક્રમણથી મેવાડમાં ઘણી ઊથલપાથલ થઈ હતી. સહસ્રકિરણ જ્યાં રહેતા હતા તે ગામો લૂંટાઈ ગયા હતા. ઘરોનાં ઘરો લૂંટાઈ ગયા હતા.

સહસ્રકિરણનું ઘર અને મિલ્કત પણ લૂંટાઈ ગયા. જે કાંઈ હતું તે બધું જ જતું રહ્યું હોવાથી સહસ્રકિરણ પંદર સત્તર વર્ષની ઉંમરે સપરિવાર ભાગ્ય અજમાવવા અમદાવાદ આવી પહોંચ્યા. અમદાવાદ આવ્યા બાદ તેઓ કામધંધો શોધવા લાગ્યા. ફરતાં ફરતાં તેઓ એક મારવાડી ઝવેરીની દુકાને પહોંચ્યા. મારવાડી ઝવેરીને મળી તેમણે નોકરી કરવાની ઇચ્છા વ્યક્ત કરી.

મારવાડી ઝવેરીએ શરૂઆતમાં કિશોરને નાનું કામ આપ્યું. સહસ્રકિરણનું હીર પારખી ધીમે ધીમે જવાબદારીવાળા કામ આપ્યાં. મારવાડી ઝવેરી સહસ્રકિરણને 'સહસો' કહીને બોલાવતા. ધીમે ધીમે સહસ્રકિરણને તેમણે હીરા માણેક-મોતી એમ બધા જ પ્રકારનું ઝવેરાત પારખતાં શીખવી દીધું.

સમય વીતતાં મારવાડી ઝવેરી વૃદ્ધ થયા. તેમના સંતાનમાં એક પુત્રી જ હતી. તેનું નામ 'કુમારી' હતું. યુવાન સહસ્રકિરણના ગુણ અને હોંશિયારી જોઈ વૃદ્ધ થયેલા ઝવેરીએ કુમારીને સહસ્રકિરણ સાથે પરણાવી પુત્રી અને દુકાન સહસ્રકિરણને સોંપી દીધાં. સહસ્રકિરણને કુમારીથી પુત્ર થયો તેને વર્ધમાન એવું નામ આપવામાં આવ્યું. સહસ્રકિરણે એ સમયના રિવાજ પ્રમાણે સૌભાગ્ય દેવી નામની બીજી યુવતી સાથે પણ લગ્ન કર્યાં. સૌભાગ્યદેવીની કૂખે જે સંતાનો પેદા થયાં તેમાં (૧) વિરમદેવી, (૨) શાંતિદાસ, (૩) રૂપમ, (૪) પંજિકા અને (૫) દેવકીનો સમાવેશ થાય છે. એ બધામાં શાંતિદાસ અત્યંત તેજસ્વી હતા, જે ભવિષ્યમાં અમદાવાદના નગરશેઠ બન્યા.

મેવાડ છોડીને અમદાવાદ આવેલા સહસ્રકિરણે અમદાવાદને જ પોતાનું વતન બનાવી દીધું. શાંતિદાસનો જન્મ અમદાવાદમાં જ થયો હોઈ ઇતિહાસકારો પણ તેમને અમદાવાદના જ વતની માને છે. એમની ૧૨ પેઢીનો વંશવિસ્તાર પણ અમદાવાદમાં જ થયો છે. આ વંશની થોડીક વ્યક્તિઓ સુરત અને વડોદરામાં જઈ વસી હતી.

શાંતિદાસનો જન્મ અમદાવાદમાં થયો હતો પરંતુ તેમનો જન્મ થયો તે અંગે કોઈ ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. તે અંગે માત્ર અટકળોનો જ આધાર લેવામાં આવે છે. દા.ત. જે નોંધો જોવા મળે છે તેમાં શેઠ શાંતિદાસ બાદશાહ અકબરના દરબારમાં ઝવેરી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. અકબર ઈ.સ. ૧૬૦૫માં મૃત્યુ પામ્યા. અકબર બાદશાહના રાજદરબારમાં તેઓ હાજર થયા ત્યારે શાંતિદાસની ઉંમર પંદરેક વર્ષ કે તેથી સહેજ વધુ હોય તો પણ એવી ધારણા કરવામાં આવે છે કે, અકબરના મૃત્યુના પહેલાં ૧૫ વર્ષ કે ૨૦ વર્ષે તેઓ જન્મ્યા હોય તો ઈ.સ. ૧૫૮૫-૯૦ની આસપાસ શાંતિદાસનો જન્મ થયો હોવો જોઈએ.

સિસોદિયા વંશના રાજપૂતોએ વર્ષો પહેલાં જૈન ધર્મ અંગીકાર કર્યો હોવાની વિસ્તૃત નોંધ 'ટૉડ રાજસ્થાન', 'મેવાડની જહોજલાલી', ભારત રાજ્ય મંડળ' અને ''મહાજન મંડળ' વગેરે ગ્રંથોમાં કરવામાં આવેલી છે. આમ શાંતિદાસ અને તેમના વંશજો ઓસવાળ વણિક તરીકે ઓળખાતા પરંતુ તેઓ મૂળ ક્ષત્રિય રાજવંશમાંથી ઊતરી આવેલા છે તે એક નક્કર ઐતિહાસિક સત્ય છે.

એ જમાનામાં અમદાવાદ 'રાજનગર' તરીકે પણ ઓળખાતું હતું.

ત્રણથી ચાર મોગલ બાદશાહો સાથે નગરશેઠ શાંતિદાસ ઝવેરીએ ઘનિષ્ઠ સંબંધ કેળવ્યા હતા. ઝવેરાતના ધંધામાં તેઓ ઘણું ધન કમાયા હતા. ભારતનાં મોટાં મોટાં શહેરોમાં પણ તેમનો ધંધો ફૂલ્યોફાલ્યો હતો. અમદાવાદ ઉપરાંત બુરહાનપુર, વીજાપુર, દિલ્હી, આગ્રા અને સિંધમાં તેમનો ધંધો વિકસ્યો હતો. અમદાવાદના શરાફોના તેઓ શિરોમણી ગણાતા. વ્યવસ્થા એવી ગોઠવી હતી કે શાંતિદાસ શેઠ ધંધા-રોજગારને લગતાં બહારનાં કામો સંભાળતા. જ્યારે તેમના ભાઈ વર્ધમાન શેઠ પેઢીનો વહીવટ સંભાળતા. સાથે સાથે તેઓ જાહેર હિતનાં કામો પણ કરતાં ને જૈન તીર્થોની વારંવાર યાત્રા પણ કરતા.

નાણાં ધીરનાર એક મોટા ઝવેરી તરીકે તેમની નામના હોઈ દિલ્હીના દરબારમાં પણ તેઓ ગૌરવપ્રદ સ્થાન પામી શક્યા હતા.

શ્રી શાંતિદાસ ઝવેરીને અમદાવાદના નગરશેઠનું પદ મળ્યું તે પછી તેમના જ કુટુંબના વારસદારો પણ અમદાવાદના નગરશેઠપદના અધિકારી બન્યા જે ક્રમશઃ આ પ્રમાણે છે :

નગરશેઠ શાંતિદાસ ઝવેરી

નગરશેઠ લક્ષ્મીચંદ

નગરશેઠ ખુશાલચંદ

નગરશેઠ નથુશા

નગરશેઠ વખતાચંદ

નગરશેઠ હેમાભાઈ

નગરશેઠ પ્રેમાભાઈ

નગરશેઠ મણિભાઈ પ્રેમાભાઈ

નગરશેઠ લાલભાઈ મણિભાઈ

નગરશેઠ વિમળભાઈ મયાભાઈ

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૦ ઉપર)**

વ્યક્તિ વિશેષ

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના સૂત્રધાર
# શ્રી મનુભાઈ શાહ

રોહિત શાહ

તમને સૌને ઈર્ષા ઉપજે એવી એક વાત કહું? દુનિયામાં મને મળી છે એવી જોબ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય) અને મને મળ્યા છે એવા શેઠ – બૉસ (મનુભાઈ શાહ) કદાચ કોઈને નહીં મળ્યા હોય!



શ્રી મનુભાઈ શાહ

મારી નોકરી બેસ્ટ છે એનો પુરાવો એ કે ત્યાં મારે કોઈ હાજરી પત્રકમાં સહી કરવાની હોતી નથી અને ગમે તેટલા દિવસ મારી ગેરહાજરી હોય તો પણ મારી સેલરી કપાતી નથી. એ તો ઠીક, રજા માટે અગાઉથી મંજૂરી લેવી અનિવાર્ય નથી. આટલાં વર્ષોમાં, ઑફિસનું ગમે તેટલું વધુ કે ગમે તેટલું અગત્યનું કામ હોય તોપણ મારી રજા મેં હંમેશાં પગારપૂર્વક ભોગવી છે! એ તો ઠીક, ઑફિસે આવવા-જવાનો મારો સમય પણ મારી મરજી મુજબ મેં રાખ્યો છે. ઑફિસમાં ગયા પછી પણ કયું કામ ક્યારે કરવું એ નક્કી કરવાની સ્વતંત્રતા પણ મેં ભરપૂર ભોગવી છે.

આ સ્વતંત્રતા મને કેમ મળી છે, ખબર છે? વ્યક્તિની કદર કરવામાં મનુભાઈએ ક્યારેય કરકસર કરી નથી. એમની એ નિષ્ઠાને કારણે મને આ સ્વતંત્રતા મળી છે...! અને હવે તમને વધારે ઈર્ષા ઉપજે એવી એક ઘટના કહું.

એક વખત રાત્રે મનુભાઈનો ફોન આવ્યો. મને પૂછ્યું કે ‘આવતીકાલે તમે ઑફિસે આવવાના છો?’ મેં હા પાડી. તેમણે કહ્યું, ‘તો સવારે ૧૧ વાગે આપણે મળીશું. એક બાબતે અગત્યની ચર્ચા કરવાની છે.’ બીજા દિવસે હું ઑફિસે તો પહોંચી જ ગયો હતો, કિંતુ તબિયતની થોડીક પ્રતિકૂળતા અને થાકને કારણે, લાઇફમાં ફર્સ્ટ ટાઈમ, ઑફિસમાં હું ટેબલ પર માથું મૂકીને બેઠાં-બેઠાં અર્ધનિદ્રામાં ઊતરી ગયો હતો. જ્યારે મારી આંખ ખૂલી અને ઘડિયાળમાં જોયું તો ૧૧.૩૦ વાગી ગયા હતા! મનુભાઈ હજી કેમ આવ્યા નહીં હોય? – એમ વિચારીને મેં એમને ફોન કર્યો. ‘આપણે ૧૧ વાગે મળવાનું નક્કી કર્યું હતું તો તમે કેમ આવ્યા નહીં?’ એમણે કહ્યું, ‘હું તો બરાબર ૧૧ વાગે આવી જ ગયો હતો, પણ મેં કાચની બારીમાંથી તમારી કેબિનમાં જોયું તો તમે કંઈક ઊંડા વિચારમાં મગ્ન હતા, એટલે તમને ડિસ્ટર્બ કર્યા વગર હું નીકળી ગયો!’

મેં કહ્યું, ‘અરે! હું કોઈ ઊંડા વિચારમાં નહોતો. થાકને કારણે એસીની ઠંડકમાં મારી આંખ મળી ગઈ હતી... હું તો ઊંઘી ગયો હતો! દરવાજો જરા નૉક તો કરવો હતો!’

દુનિયામાં એવા કેટલા ઉદાર બૉસ હશે, જેમને એમનો એમ્પ્લોયર કહી શકે કે, હું તમારી એરકન્ડિશન્ડ ઑફિસમાં ઊંઘતો હતો? અને જોબ કરનારા એવા કેટલા બડભાગી લોકો હશે કે જેમને આવી સ્વતંત્રતા મળી હોય!

મનુભાઈ મારા બૉસ ખરા, પણ એમને બૉસીઝમ બિલકુલ ન આવડે. પોતાની તકલીફ કરતાં એ બીજાની તકલીફ વિશે વધુ વિચારે. મનુભાઈના નેતૃત્વમાં કામ કરતા હોઈએ એટલે આર્થિક પ્રૉબ્લેમ વિશે ક્યારેય વિચારવાનું જ ન હોય! મારે એક વખત પગનું ઑપરેશન કરવાનું હતું. આગલા દિવસે ઑપરેશન માટે જરૂરી રકમ લઈને એ ઑફિસે આવ્યા અને મારે જરૂર ન હોવા છતાં એ રકમ મારી પાસે રાખવા આગ્રહ કર્યો હતો!

એક બહુ જાણીતા લેખકની વાત કહું. એ લેખકનો વાચકવર્ગ ઘણો વિશાળ અને એમનાં પુસ્તકો બજારમાં ખૂબ વેચાય. એમની નવલકથાઓ અને નવલિકા સંગ્રહો માત્ર ગૂર્જર દ્વારા જ પ્રગટ થતાં હતાં અને વ્યવસાયિક રીતે પ્રકાશકને એમાંથી સારી કમાણી પણ થતી હતી. પરંતુ એ લેખકે એક વખત એના સ્વભાવ પ્રમાણે મારી સાથે તોછડો વ્યવહાર કર્યો. મેં મનુભાઈને વાત કરી. એમણે તટસ્થ રીતે જોયું કે એ ઘટનામાં લેખકની નરી અવળચંડાઈ હતી. એ લેખકનાં પુસ્તકો પ્રગટ કરવાનું ગૂર્જરે બંધ કર્યું!

હવે આવો, **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય પેઢીનો સંક્ષેપમાં પરિચય આપું**, જ્યાં હું જોબ કરું છું. ગૂર્જરની મુખ્ય દુકાન તો અમદાવાદમાં ગાંધી રોડ પર છે. બીજી દુકાન સેટેલાઈટ વિસ્તારમાં છે. મારે કોઈ દુકાને બેસવાનું નથી હોતું. પંચવટી વિસ્તારમાં બુક પ્રોડક્શન માટે અલગ ઑફિસ છે ત્યાં હું બેસું છું.

ગુજરાતી ગ્રંથ-પ્રકાશકોના વર્તમાન વિશ્વનું સૌથી આદરપાત્ર નામ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય છે. એક સદીથી (૧૯૨૨થી) શ્રેષ્ઠ અને શિષ્ટ-વિશિષ્ટ પુસ્તકોનું પ્રકાશન કરતી આ પેઢીના વર્તમાન સૂત્રધાર મનુભાઈ ગોવિંદલાલ શાહ (જન્મ : તા. ૯-૧૨-૧૯૫૨) છે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનો

ઈતિહાસ સંઘર્ષ, સાહસિકતા અને સજ્જનતાથી સભર છે. ફતેહગઢ (કચ્છ)ના બે વણિકબંધુઓ શંભુભાઈ અને ગોવિંદભાઈ અમદાવાદ આવીને, છાપાની ફેરી કરતાં-કરતાં પુસ્તક-પ્રકાશનના કારોબાર સુધી અને ધીમેધીમે એ કારોબારના શિખર સુધી પહોંચ્યા. ગૂર્જર સાથે જોડાયેલા પ્રથમ સાહિત્યકાર ધૂમકેતુ. ત્યાર પછી ઝવેરચંદ મેઘાણી, ક. મા. મુનશી, ગુણવંતરાય આચાર્ય, જયભિખ્ખુ, પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસ દોશી, રતિલાલ દીપચંદ દેસાઈ, ધીરજલાલ ધનજીભાઈ શાહ, મનુભાઈ જોધાણી જેવા અનેક સર્જકો ગૂર્જર પરિવારમાં સામેલ થયા.

શંભુભાઈના અવસાન પછી ગોવિંદભાઈએ આ કારોબાર સંભાળ્યો અને ગોવિંદભાઈના અવસાન પછી એમના બીજા નંબરના પુત્ર ઠાકોરભાઈ અને ત્રીજા નંબરના પુત્ર મનુભાઈએ સુકાન સંભાળ્યું. સૌથી મોટા પુત્ર કાંતિભાઈને ભક્તિ અને અધ્યાત્મમાં રૂચિ હોવાથી અને સૌથી નાના પુત્ર પ્રકાશભાઈ મેડિકલ ક્ષેત્રમાં હોવાથી ગૂર્જરની વિશેષ જવાબદારી આ બે ભાઈઓના શિરે આવી. ગૂર્જર દ્વારા પ્રકાશિત મારા પ્રથમ પુસ્તક 'સંતાનનું સંસ્કાર ઘડતર'ની હસ્તપ્રત શ્રી ઠાકોરભાઈએ પસંદ કરી હતી. એ વખતે અભ્યાસમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરીને હું નવો-નવો લેખક બન્યો હતો. પૈસા કમાવાની જરૂર પણ હતી અને કંઈક વધુ જાણવા મળે એવી અપેક્ષાએ મારે પ્રૂફરીડિંગનું કામ પણ કરવું હતું. ગૂર્જરે મને ત્યારે હું થાકી જાઉં એટલું કામ આપ્યું હતું. મારે ઠાકોરભાઈને વારંવાર મળવાનું થતું.

એક વખત મારે આકસ્મિક થોડા પૈસાની જરૂર પડી. મારે ગૂર્જર પાસેથી પ્રૂફરીડિંગના બીલનું પેમેન્ટ લેવાનું બાકી હતું. મેં ઠાકોરભાઈને કહ્યું કે મારે પૈસાની જરૂર છે. મારા હિસાબની મારે આટલી રકમ લેવાની છે તો મને વહેલી તકે કરી આપવા વિનંતી. એમણે મારી સામે જોયું. પછી કહ્યું, 'હિસાબની વાત ન કરો. તમારે કેટલી રકમની જરૂર છે એ કહો.' મેં સહેજ અને સહજ સંકોચ સાથે મારી જરૂરત જણાવી. એમણે એ જ ક્ષણે મારી જરૂર જેટલી પૂરેપૂરી રકમનો ચેક લખાવી આપ્યો અને કહ્યું, 'હિસાબ તો જીવનભર ચાલ્યા કરશે. અત્યારે તમારું કામ પૂરું કરી લો!'

એ વખતે હું ગૂર્જરમાં જોબ નહોતો કરતો. લેખક અને પ્રૂફરીડર તરીકે છૂટક કામ કરતો હતો. છતાં એમના તરફથી મને ભરપૂર હૂંફ મળી હતી. દુર્ભાગ્યે થોડા વખતમાં જ, ૧૯૮૮માં ઠાકોરભાઈનું અવસાન થયું. ત્યારબાદ મનુભાઈએ લગભગ એકલે હાથે અને વધારે વેગીલી રીતે ગૂર્જરની સંપૂર્ણ જવાબદારી સંભાળી લીધી. ચારેય ભાઈઓના પરિવારમાં પણ સુમેળ સચવાય એ રીતે એમણે વહીવટ કર્યો. આજે તો આ પરિવારની ત્રીજી પેઢી પૂર્ણરૂપે ગૂર્જર સાથે જોડાઈ ગઈ છે.

મનુભાઈ શાહના નેતૃત્વમાં ગૂર્જરની કેટલીક શાખાઓ પણ બની અને પાંગરી. જેમ કે : હર્ષ પ્રકાશન, અમર પ્રકાશન, વિરલ પ્રકાશન, ગૂર્જર પ્રકાશન, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, સંસ્કાર સાહિત્ય મંદિર, અક્ષરા પ્રકાશન (અનડા પ્રકાશનની સાથે) વગેરે.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયને ફેડરેશન ઓફ ઈન્ડિયન પબ્લિશર્સ દિલ્હી દ્વારા વર્ષ ૨૦૦૮નો ડિસ્ટિંગ્વિશ પબ્લિશર્સ ઍવોર્ડ ૩૧ જાન્યુઆરી, ૨૦૦૮ના દિવસે એનાયત થયો હતો. પ્રો. બી. એન. રાજશેખરન્ પિલ્લાઈ (વાઈસ ચાન્સેલર ઈગ્નુ)ના હસ્તે અને આનંદભૂષણ તથા શ્રી દિનાનાથજી વગેરેની ઉપસ્થિતિમાં આ ઍવોર્ડ ગૂર્જર પરિવાર વતીથી શ્રી મનુભાઈ શાહે સ્વીકાર્યો હતો. મનુભાઈ શાહના નેતૃત્વમાં ગૂર્જર અને તેની સહયોગી પ્રકાશન સંસ્થાઓ દ્વારા દર વર્ષે સરેરાશ આઠથી દસ નવોદિત લેખકોના પ્રથમ પુસ્તકનું પ્રકાશન થાય છે. એ જ રીતે દર વર્ષે વિવિધ સાહિત્યિક ઍવોર્ડ્સ અને પુરસ્કારો પ્રાપ્ત કરનારા સર્જકોમાં પણ ગૂર્જર પરિવારના સર્જકોની સંખ્યા ઘણી મોટી હોય છે.

મેં અગાઉ જણાવ્યું તેમ, ગૂર્જર પરિવારના લેખક તરીકે મારો પ્રવેશ તો લગભગ ૧૯૮૦માં શ્રી ઠાકોરભાઈ શાહ દ્વારા થઈ જ ગયો હતો, પરંતુ શ્રી મનુભાઈ સાથે મારો વિશેષ પરિચય થોડો મોડેથી થયો. ૨૦૦૩માં એક વખત મનુભાઈનો ફોન આવ્યો, 'રોહિતભાઈ, તમને ગૂર્જરની ઑફિસમાં બેસવાનું અને સંપાદકીય જવાબદારીઓ સંભાળવાનું ફાવશે?'

મેં કહ્યું, 'હું આખો દિવસ તો નહીં, પણ બપોર પછી પાર્ટટાઈમ આવી શકું.'

એ સંમત થયા. એમણે કહ્યું, 'અત્યારે પંચવટી પાસે અમારી નવી ઑફિસ બની રહી છે. એમાં તમારી કેબિન માટે કેવી વ્યવસ્થા તમને ફાવશે એ અહીં આવીને, જોઈને જણાવશો તો એ પ્રમાણે ગોઠવી શકાશે.'

બસ, આ રીતે નવેમ્બર ૨૦૦૩થી હું ગૂર્જર સાથે ઘનિષ્ઠપણે જોડાયો. અખબાર અને સામયિકના સંપાદનનો તો અનુભવ મને હતો, પરંતુ પુસ્તકોના સંપાદન માટે હું બિલકુલ નવો હતો. **પંચવટી પાસે તિલકરાજ બિલ્ડિંગમાં ગૂર્જર પ્રકાશન અને શારદા મુદ્રણાલયની ઓફિસ છે.** શારદા મુદ્રણાલયમાં કોમ્પ્યુટર દ્વારા કમ્પોઝ અને ગ્રાફિક ડિઝાઈનનો વિભાગ રોહિતભાઈ કોઠારી સંભાળતા હતા. એમની સાથેય ખૂબ સારી મૈત્રી બંધાઈ. મારું કામ એ કારણે પણ ખાસ્સું આસાન થઈ ગયું. અહીં માત્ર પુસ્તકના પ્રકાશનનું જ કામ નહોતું, એ ઉપરાંત પુસ્તકોના પ્રચાર માટેનું કામ, નવાં પુસ્તકોના વિમોચન-કાર્યક્રમોનું આયોજન, વિવિધ પ્રસંગે

વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન, પુસ્તક મેળાઓની કામગીરી, થોડા-થોડા સમયે સૂચિપત્રો તૈયાર કરવાં, ગૂર્જરનું મુખપત્ર પ્રગટ કરવું, લેખકો સાથેના સંપર્કો વગેરે કામગીરીમાં સામેલ અને સક્રિય રહેવાનું હતું. મનુભાઈની એક ખૂબી એ છે કે માણસને તેઓ ભરપૂર ફ્રીડમ સાથે નવીનવી જવાબદારીઓ આપીને ખૂબ ધીરજપૂર્વક તેનું ઘડતર કરે છે. ગુસ્સો કરે તો પણ પોતાની ખાનદાની અને સંસ્કારિતાને શોભે એવો!

એક વખત એક નવોદિત લેખકનું પ્રથમ પુસ્તક પ્રગટ કર્યું હતું. એને કેટલી રોયલ્ટી ચૂકવવી, એ બાબતે અમારે ચર્ચા થઈ. મેં કહ્યું, આ લેખકને પ્રોત્સાહન રૂપે પેજ દીઠ આટલી રકમ આપીશું તો વાંધો નહીં આવે. મનુભાઈને એ રકમ નાની લાગી. એમણે કહ્યું, એટલી રોયલ્ટી વાજબી નથી. પછી મને હળવો ઠપકો પણ આપ્યો, તમે પોતે લેખક છો, તો તમારે લેખકનો પક્ષ લેવાનો હોય ને!

એક વખત એક બીજા પ્રકાશકના ખૂબ જાણીતા લેખકે આડકતરી રીતે ગૂર્જર સાથે જોડાવા તૈયારી બતાવી. મને આનંદ થયો, પણ મનુભાઈએ કહ્યું કે, એ (બીજા) પ્રકાશક પાસે આ એક જ લેખકનાં પુસ્તકોનો મોટો કારોબાર છે. જો આપણે એ લેખકને લઈ લઈએ તો એ પ્રકાશકને નુકસાન થાય. વ્યવસાયમાં બીજા કરતાં વધારે લાભ લેવાની કે આગળ નીકળવાની કોમ્પિટીશન જરૂર કરી શકાય, પણ કોઈને નુકસાન કરીને આગળ ન જવું જોઈએ. આવી પ્રામાણિક નીતિમત્તાનું એ જતન કરે!

આજે તો ગૂર્જર પરિવારના લબ્ધપ્રતિષ્ઠ સર્જકોની સંખ્યા ૧૦૦ કરતાં પણ વધુ છે. સ્વામી સચ્ચિદાનંદ, ફાધર વાલેસ, નિરંજન ભગત, ધ્રુવ ભટ્ટ, દિલીપ રાણપુરા, ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. કેશુભાઈ દેસાઈ, માધવ રામાનુજ, હરિકૃષ્ણ પાઠક, મોહમ્મદ માંકડ, કિરીટ દૂધાત, યોગેશ જોષી, રોહિત શાહ, પ્રસાદ બ્રહ્મભટ્ટ, પી. કે. લહેરી, ઈલા આરબ મહેતા, ડૉ. ધીરૂભાઈ ઠાકર, ચીમનલાલ ત્રિવેદી, જયંત કોઠારી, રમણલાલ સોની, ગીજુભાઈ બધેકા, નાનાભાઈ ભટ્ટ, મૂળશંકર મો. ભટ્ટ, હરિપ્રસાદ વ્યાસ, યશવંત મહેતા, ડૉ. માણેકભાઈ પટેલ 'સેતુ', ડૉ. હરેશ ધોળકિયા, રમેશ ર. દવે, શ્રદ્ધા ત્રિવેદી, રતિલાલ નાયક, વસંતલાલ પરમાર, મનસુખ સલ્લા, ડૉ. પ્રવીણ દરજી, પ્રવીણ ગઢવી, ઈશ્વર પરમાર, દલપત ચૌહાણ, શ્રીકાંત ત્રિવેદી, યોસેફ મેકવાન, હસુ યાજ્ઞિક, શિવદાન ગઢવી, ગિરિમા ઘારેખાન, જોરાવરસિંહ જાદવ, જ્યોતિન્દ્ર દવે, વિનોદ ભટ્ટ, રતિલાલ બોરીસાગર, ડૉ. નલિની ગણાત્રા, ગિરા પીનાકિન ભટ્ટ, ઊર્મિલાબહેન શાહ વગેરે સમર્થ સર્જકોથી ગૂર્જર પરિવારને મનુભાઈએ રળિયામણો અને સમૃદ્ધ બનાવ્યો છે. સાહિત્યિક ગ્રંથોના પ્રકાશન ઉપરાંત શૈક્ષણિક, યોગ અને આરોગ્ય, વાનગી, રમતગમત, ફિલ્મ, જ્યોતિષ, સંગીત અને ચિત્રકલા વિષયક પુસ્તકોનાં પ્રકાશનો પણ મનુભાઈના નેતૃત્વમાં મબલક પ્રમાણમાં થતાં રહ્યાં છે. એ ઉપરાંત ભારતની વિવિધ પ્રાદેશિક ભાષાઓની તથા વિદેશની પ્રશિષ્ટ કૃતિઓના અનુવાદો પણ ગુજરાતી વાચકો માટે એમણે ઉપલબ્ધ કર્યા છે.

જોકે હવે મનુભાઈ ધીમેધીમે નિવૃત્તિ તરફ વળી રહ્યા છે, છતાં અમને એમના માર્ગદર્શનની હંમેશાં અપેક્ષા અને પ્રતીક્ષા રહે છે. સંબંધોને ગોબો કે ઘસરકો પાડ્યા વગર કામની ગુણવત્તા જાળવવાની કલા એમની પાસેથી શીખવાની મને ગરજ છે. એ ભલે નિવૃત્તિ ભોગવવા ઇચ્છે પણ અમે એમની પાસેથી ટ્રેનિંગ લેવાનું બંધ થાય એવું નથી ઇચ્છતા, એનું શું? ■

## ટેબલ ટેનિસના કોચ : મોનીષ નરેશ દેઢિયા

**(અનુસંધાન : પાના નં. – ૫૬ ઉપરથી ચાલુ)**

સોનગઢમાં રહી ધોરણ ૧૨માં ઉત્તીર્ણ થયા બાદ તેઓ અમદાવાદ આવ્યા અને એચ.એલ. કોમર્સ કોલેજમાં અભ્યાસ કરી વર્ષ ૨૦૧૭માં તેઓએ બી.કોમ.ની પદવી પ્રાપ્ત કરેલ હતી. ત્યારબાદ અમદાવાદની જે.જી. કોલેજમાંથી અભ્યાસ કરી વર્ષ ૨૦૧૯માં એમ.કોમ.ની પદવી પ્રાપ્ત કરેલ. ત્યારબાદ છેલ્લા પાંચ વર્ષથી તેઓ અમદાવાદમાં ટેબલ ટેનિસના કોચ તરીકે કાર્યરત રહેવા પામેલ છે.

તેઓ તેમના જીવનમાં આ ક્ષેત્રે વધુને વધુ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવીએ.

સ્પોર્ટસ ક્ષેત્રે અમદાવાદમાં રહી કોઈ કચ્છી માડુ આગળ વધેલ હોય તો જાણકારી મુજબ આ પ્રથમ નોંધનીય દાખલો છે. આ ક્ષેત્રની કોઈ પાસે અન્ય માહિતી હોય તો તે આવકાર્ય રહેશે.

***નોંધ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, સમાજના યુવાઓને / યુવતીઓને ટેબલ ટેનિસના ક્ષેત્રે ચેમ્પિયન બનાવવા મોનીષ દેઢિયાનો કોચ તરીકે સહકાર મેળવી ટેબલ ટેનિસના વર્ગો ચલાવવા ઇચ્છા રાખે છે. જેઓ સમાજના વોટ્સએપ ગ્રુપમાં જોડાયેલા છે તેઓને ગૂગલ ફોર્મ દ્વારા જાણ કરવામાં આવશે. જેઓ સમાજના વોટ્સએપ ગ્રુપમાં જોડાયેલા નથી તેઓ મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કરનો ૯૯૨૪૦ ૮૭૬૫૪ અથવા ૯૪૨૮૧ ૦૪૨૧૫ નંબરના મોબાઈલ પર સંપર્ક સાધી શકે છે.** ■

વ્યક્તિ વિશેષ

# ટેબલ ટેનિસના કોચ : મોનીષ નરેશ દેઢિયા

અશોક મહેતા

વ્યક્તિ વિશેષની આ કોલમમાં આપણે વાત કરીશું મોનીષ નરેશ દેઢિયાની કે જેઓ કચ્છના મુંદ્રા તાલુકાના પત્રી ગામના વતની છે.

તેઓશ્રીએ અત્યાર સુધી ભારતના વિવિધ શહેરોમાં નેશનલ લેવલે વિવિધ પ્રકારની ટેબલ ટેનિસ સ્પર્ધામાં ભાગ લીધેલ છે અને દરેક સમયે ખૂબ જ સરસ પરફોર્મન્સ સાથે આગળ વધેલ છે.

તેઓએ સ્ટેટ લેવલે વિવિધ ટુર્નામેન્ટમાં પાંચ વખત ભાગ લઈ એક વખત સિલ્વર મેડલ અને બે વખત બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.



**મોનીષ દેઢિયા**
*M.Com.*
*પ્રોફેશનલ ટેબલ ટેનિસ પ્લેયર / કોચ*
*M. 98206 84258*

ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજિત ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ૪ વખત ભાગ લઈ દરેક વખતે ચેમ્પિયન બનીને ટુર્નામેન્ટ યોજકને આશ્ચર્ય પમાડેલ છે.

અમદાવાદ જિલ્લા લેવલે ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં તેઓએ ૬ વખત ભાગ લીધેલ છે અને બે વખત ગોલ્ડ મેડલ, ત્રણ વખત સિલ્વર મેડલ તથા એક વખત બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે.

ખેલ મહાકુંભમાં ગુજરાત લેવલે ત્રણ વખત ભાગ લઈ બે વખત ગોલ્ડ મેડલ તથા એક વખત બ્રોન્ઝ મેડલ મેળવેલ છે. એ જ રીતે ખેલ મહાકુંભમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ લેવલે પાંચ વખત ભાગ લઈ પાંચે વખત ગોલ્ડ મેડલ મેળવેલ છે.

સ્પોર્ટસની કેગ ટ્રાયલમાં ૩ વખત ભાગ લઈ ૨ વખત ફર્સ્ટ પોઝીશનમાં આવેલ છે કે જ્યારે સેન્ટ્રલ એક્સાઈઝ સ્પોર્ટસ ટ્રાયલમાં બે વખત ભાગ લઈ બંને વખત બીજી પોઝીશનમાં આવેલ છે.

'જીતો' રમતગમતમાં ટેબલ ટેનિસ સ્પર્ધામાં આઠ વખત ભાગ લઈ ૭ વખત ગોલ્ડ મેડલ અને એક વખત સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે.

રોયલ અંકારા કચ્છી ઓલિમ્પિયા - મુંબઈમાં બે વખત ભાગ લઈ બંને વખત ગોલ્ડ મેડલ મેળવેલ છે.

મુલુંડ કે.વી.ઓ. ટુર્નામેન્ટ - મુંબઈમાં બે વખત ભાગ લઈ એક વખત ગોલ્ડ મેડલ અને એક વખત સિલ્વર મેડલ મેળવેલ છે.

ઈન્ટર ક્લબ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ - મુંબઈમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ મેળવેલ છે.

આ કચ્છી માડુએ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ભાગ લઈ અધધધ... કહી શકાય તેટલા મેડલ્સ પ્રાપ્ત કરેલ છે. કદાચ ઘરમાં કે કબાટમાં આટલા મેડલ્સ સાચવીને રાખવા જેવો પ્રોબ્લેમ આ કચ્છી માડુને થતો હશે કેમકે હજુતો તેમની વય માત્ર ૨૮ વર્ષની છે. આગળ જતાં હજુ પણ તેઓ આ જ રીતે સ્પોર્ટસની આ રમતમાં આગળ વધે તેવી આપણે તેમને શુભેચ્છા પાઠવીએ.

ટેબલ ટેનિસને તેમણે તેમના જીવનમાં અપનાવી લીધેલ છે અને હવે તેઓ આ રમતના કોચ તરીકે પણ આ ક્ષેત્રે કાર્યરત રહેવા પામેલ છે. તેઓએ અત્યાર સુધી જે યુવક / યુવતીને તાલીમ આપેલ છે તેમાંથી ૮ યુવક / યુવતીઓએ વિવિધ હરીફાઈમાં સિલ્વર અથવા બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે તેમજ નેશનેલ લેવલે સારી એવી રેન્ક પ્રાપ્ત કરેલ છે.

આ કચ્છી માડુએ અમદાવાદને પોતાની કર્મભૂમિ તરીકે સ્વિકારી લીધેલ છે અને તેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક સભ્ય હોવાના નાતે સમાજમાં આ પ્રકારની ટેબલ ટેનિસ ક્ષેત્રે કાર્યવાહી થાય તેવી અપેક્ષા રાખે છે.

તેમના દાદાશ્રી - પિતાશ્રીનો વસવાટ વર્ષોથી મુંબઈ ખાતે રહેવા પામેલ છે. તેમના પિતાશ્રી ઈલેક્ટ્રીક મોટર વિભાગમાં ઈન્સ્પેક્શન ઓફિસર હતા. માતુશ્રી હાઉસવાઈફ તરીકે કાર્યરત છે. તેમના મોટાભાઈના મેરેજ થઈ ગયેલ છે અને મુંબઈમાં એકાઉન્ટન્ટ તરીકે કાર્યરત છે.

શ્રી મોનીષભાઈનો જન્મ તા. ૨૧-૬-૧૯૯૬ના રોજ મુંબઈમાં બોરીવલી ખાતે થયેલ હતો. તેઓએ નર્સરીથી ધોરણ-૪ સુધીનો અભ્યાસ બોરીવલીની શાળામાં કરેલ હતો. ત્યારબાદ ધોરણ-૫ થી ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ સોનગઢ આશ્રમમાં રહી ત્યાં પૂર્ણ કરેલ હતો. આ સમયે ધોરણ-૬થી પોતાની ૧૨ વર્ષની ઉંમરે ટેબલ ટેનિસ રમવાની શરૂઆત કરેલ હતી કે જેને આજે તેઓએ પોતાની કારકિર્દી તરીકે સ્વિકારી લીધેલ છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૫ ઉપર)

વ્યક્તિ વિશેષ

# મુંબઈને 'ડિજિટલ' બનાવનાર કચ્છી માડુ શ્રી અમરશીભાઈ સત્રા (ભરૂડિયા)

વસંત મારૂ

વાગડના ભરૂડિયા ગામની સીમમાં એક ખેતરમાં એક ચોર ચોરી કરી અનાજની ગાંઠડી માથે ઉપાડવા મથતો હતો. ગાંસડી ઉપડતી નો'તી એટલે દૂર ઉભેલા ખેતરના માલિક દુદાબાપાએ ચોરને ગાંઠડી ઉપાડવા મદદ કરી. ખુદ ખેતરના માલિક દુદાબાપાએ ચોરને મદદ કરી કારણકે દુદાબાપા કરુણાભાવથી છલકાતા હતા. ચોરી જેવું હલકું કામ કરનાર વખતનો માર્યો હશે એ દુદાબાપા સમજતા હતા.

આ કરુણાભાવ અને ક્ષમાપનાનો વારસો પૌત્ર અમરશીભાઈમાં પણ ઉતરી આવ્યો છે. પોતાની જ દુકાનમાં ચોરી કરનાર નોકરને અમરશીભાઈએ ખરા દિલથી માફી આપી. એની કોઈ મજબૂરીને સમજવાની સમજ અમરશીભાઈમાં છલોછલ હતી. નોકરને માત્ર માફી જ ન આપી, પણ એનામાં ફરીથી વિશ્વાસ મૂકી દુકાનની જવાબદારી આપી દીધી.

માણસમાં વિશ્વાસ મૂકવાની બીજી એક ઘટના હમણાં મારા ધ્યાન પર આવી છે. અમરશીભાઈ 'ટીમ વાગડ' નામની સંસ્થાના પ્રમુખ છે. ટીમ વાગડનું એક નાટક હમણાં આવ્યું છે, એમાં દહિસરની ત્રણ યુવતીઓ જીના ફરિયા, સેજલ સાવલા, રંજન ગોગરીની ટેલેન્ટેડ ત્રિપુટી પર વિશ્વાસ મૂકી, નાટક લખાવી સ્ટેજ પર રમતું મૂક્યું છે.

આવા અજબના માનવી અમરશીભાઈનો જન્મ તો ભરૂડિયા ગામમાં થયો હતો, પણ ઉછેર મુંબઈના ખાર દાંડાની કોળી વસ્તીની વચ્ચે થયો હતો. ખારદાંડામાં પિતા ગુણશીભાઈ ની ધમધોકાર ચાલતી દુકાન હતી. એ સમયે આગળ દુકાન અને પાછળ મકાનમાં ગુણશીભાઈ અને લીલાબેનના પાંચ દિકરા અને એક દીકરીનું વસ્તારી કુટુંબ સાદાઈથી રહેતું.

અમરશીભાઈને જોઈને કોઈ કહી ન શકે કે આ વિચારવંત માડુ મૂળ તો ગાંધીવાદી માણસ છે. "આદર્શ વિનય મંદિર" નામની ખારની સ્કૂલમાં ભણ્યા. એના માલિક પ્રભુભાઈ દેસાઈ અને ભારતના પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈ જીગરજાન મિત્રો! બંને ગાંધીવાદના રંગે રંગાયેલા. એટલે એમની સ્કૂલમાં ભણતા અમરશીભાઈ રોજ એક કલાક ચરખો ચલાવી ખાદીની પૂણી કાંતતા. રોજ સ્કૂલની સફાઈમાં યોગદાન આપતા. ક્યારેક જાજરૂ સુધ્ધાં સાફ કરતા. આત્મનિર્ભય બનવાનો પાઠ ભણ્યા અને જમીન સાથે જોડાઈ રહ્યા.

સ્કૂલિંગ પછી એકાદ વર્ષ કોલેજ કરી રેડિયો રીપેરીંગથી રેડીમેડ સુધીના વ્યવસાયો કર્યા. આખરે આજથી સત્યાવીસ વર્ષ પહેલા ૧૯૯૬માં ટોપ૧૦ નો જન્મ થયો. અંધેરીથી શરૂ થયેલી આ યાત્રા આજે મુંબઈભરમાં ફેલાઈ ગઈ છે. પાર્ટનર મહેન્દ્રભાઈ દેવજી ગાલાના સથવારે મુંબઈને ડિજિટલ બનાવવા "ટોપ ટેન"નો જબ્બર ફાળો છે. ખાસ કરીને મોબાઈલ ફોન સર્કિટમાં આખા દેશમાં ટોપટેન ટોપ પર છે. ત્યાર પછી ચેન્નાઈની એક બ્રાન્ડનો નંબર આવે છે.

અમરશીભાઈના "ટોપ ટેન"ના મોબાઈલ ફોન, લેપટોપ ઈત્યાદિ હાથમા લઈ મુંબઈના લાખો લોકો ડિજિટલ બન્યા છે. અત્યારે વર્ષે દહાડે સેંકડો કરોડનો ટર્નઓવર કરતા બાણું જેટલાં ટોપ ટેન શોપ્સ છે. મને લાગે છે થોડાક વર્ષોમાં ભારતભરમાં ટોપ ટેન ફેલાઈ જશે. હજારો કરોડનું ટર્ન ઓવર કરતા હશે અને કચ્છનું ગૌરવ વધારતા રહેશે.

અમરશીભાઈ માટે આ ટોપ ટેન ચેન શોપ્સ એ માત્ર કમાણી કરવાનું શાધન નથી પણ આ દુકાનોમાં કામ કરતા પાણીદાર યુવાનોને ઉપર લાવવાનું મિશન છે. એમની દુકાનોમાં કામ કરતા તેજસ્વી યુવાનોને પાર્ટનર બનાવી ઉપર લઈ આવે અને સાધર્મિક બંધુના નિયમને ઉજાગર કરે છે.

એમના લગ્ન સૂવઈના પોપટલાલભાઈ નુધાભાઈ છાડવાની દીકરી રસીલાબેન સાથે લેવાયા. જેમ અત્યારે ડેસ્ટીનેશન વેડિંગની ફેશન છે, પણ સત્યાવીસ વર્ષ પહેલા એમના લગ્ન ડેસ્ટીનેશન વેડિંગ એટલેકે મુંબઈને બદલે છેક સૂવઈમાં લેવાયા. જેથી વિસરાતા જતા જૂના રીતિ રિવાજો સાથે લગ્ન થાય. અનેક કુટુંબો એક બીજા સાથે કનેક્ટ થઈ શકે. ઉપરાંત સ્થાનિકોને રોજગારી મળે! લગ્ન બાદ એમનો સુખી સંસાર રચાયો.

વાગડમાં સોનાનો સૂરજ ઉગવા જઈ રહ્યો છે કારણકે "વાગડ ગ્લોબલ ફાઉન્ડેશન" બહુ ટૂંક સમયમાં ઘાટકોપર અને દેવલાલીમાં વાગડની હોસ્પિટલ શરૂ કરવા તડામાર તૈયારી કરી રહ્યું છે. નખશીખ સજ્જન વિનોદભાઈ ગડા આ ફાઉન્ડેશનના પ્રમુખ છે અને અમરશીભાઈ એના ટ્રસ્ટી છે. આ બે હોસ્પિટલ એ અમરશીભાઈની સામાજિક પ્રવૃત્તિઓની શિરમોર હશે.

ટીમ વાગડના પ્રમુખ, વાગડ ગ્લોબલના ટ્રસ્ટી, ભરૂડિયા મહાજનના પ્રમુખ, ભચાઉની રવજી લાલજી છાડવા હાઈસ્કૂલના મંત્રી પદે – એમ અલગ અલગ ઝોનની સંસ્થાઓમાં સક્રિય રહી ખુશ્બુ ફેલાવી રહ્યા છે.

ટીમ વાગડે અનેક સામાજિક કાર્યો કરીને માત્ર પાંચ વર્ષમાં જબરું કાઠું કાઢ્યું છે. લંપી રોગ સામે રીતસર બહારવટે ચડી પશુધનને બચાવ્યું છે. સંસ્કૃતિના મશાલચી બન્યું છે. દુકાળમાં સેંકડો ઢોરોને સાચવ્યા છે. કથાનાયક અમરશીભાઈ, ટીમ વાગડના પ્રમુખ તરીકે વિઝનરી સાબિત થયા છે.

એમના એક કામથી હું એમના પર બહુ ફિદા થઈ ગયો છું. કચ્છ વાગડમાં જાણીતી "સોનગઢ બોર્ડિંગ" છે. બોર્ડિંગના કાર્યકરો દર વર્ષે બોણી લેવા આવે. અમરશીભાઈ ધારે તો એક સાથે લાખો રૂપિયાની બોણી આપી શકે. અમરશીભાઈ સારી એવી બોણી આપે પણ ખરા. સાથે સાથે કાર્યકરો સાથે ફરીને અંધેરી ઈસ્ટ-વેસ્ટ ના વાગડવાસીઓના ઘરે ફરી બોણી ઉઘરાવવા જાતે જાય. એ પણ ધોમધખતા તડકામાં પગે ચાલીને. આ રીતે કચ્છ વાગડની ઉપયોગી સંસ્થાનો ઋણ મુક્ત કરવાનો પુરુષાર્થ કરે.

અમરશીભાઈને જૈન ધર્મ પ્રત્યે અથાગ શ્રદ્ધા. એકવાર ભરૂડિયા જેવા નાનકડા ગામમાં ગચ્છાધિપતિ આચાર્ય કલાપ્રભસૂરીશ્વરજીના ચોમાસાનું આયોજન કરી જૈન સમાજને છક કરી દીધેલા. વોઢના નમસ્કાર તીર્થમાં તેઓ સક્રિય કાર્યકર છે. એકવાર લખલૂટ ખર્ચે વોઢ તીર્થમાં ઉપધાન તપનું આયોજન કર્યું હતું.

ઉપધાન તપમાં ચારસો ત્રીસ આરાધકોએ લાભ લીધેલો. તેમાં ત્રણસો પંદર તો પુરુષ આરાધકો હતા. એ વખતે એકસો પચાસ તો સાધુ સાધ્વીજી હતા. જૈન ધર્મનો જયજયકાર થયેલો. ત્યા ટોપ ટેન નામે યાત્રિક ભવનનું મકાન બનાવ્યું.

એમ તો ભરૂડિયા ગામના ચિંતામણી પાર્શ્વપ્રભુની અંજન શલાકાનો સંપૂર્ણ ખર્ચ પોતાના ખભે ઉપાડી પાર્શ્વ પ્રભુની અદ્‌ભુત ચાકરી કરી હતી. પરિણામે પોતે ભલે ભણ્યા નહીં પણ એક દીકરો ડૉક્ટર, એક ઍડવોકેટ, બે પુત્રવધૂ ડૉક્ટર અને એક પુત્રવધૂ સી.એ. છે. જાણે ઘરમાં સાક્ષાત સરસ્વતીનો વાસ થયો છે. પુત્ર ચિંતન, ધવલ, રોહન અને પુત્રવધૂ મિત્તલ, શ્રેયા અને નિધિનો કલરવ કરતા સંસારના સૂત્રધાર રસીલાબેન અને અમરશીભાઈનો આજે લગ્ન દિવસ છે (શુક્રવાર, તા. ૧૦-૧-૨૦૨૫). મુંબઈને ડિજિટલ દુનિયાની સફર કરાવનાર અમરશીભાઈ અને રસીલાબેનને શુભકામના...

*મુંબઈ.*

*મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨*

**સંગત અને અંગત**

*સુખ વહેંચવા સંગત જોઈએ, દુઃખ વહેંચવા અંગત જોઈએ.*

## ૧૨ની બોલબાલા

★ ૧ ફૂટ = ૧૨ ઈંચ
★ ૧ ડઝન = ૧૨ નંગ
★ ૧ વર્ષના ૧૨ મહિના.
★ નવગ્રહની રાશિ ૧૨.
★ તપ ૧૨ વર્ષનું
★ સ્કૂલનું ભણતર ૧૨ વર્ષ
★ ઘડિયાળમાં ૧ થી ૧૨
★ દિવસના કલાક ૧૨
★ રાત્રીના કલાક ૧૨
★ મધ્યાહ્ન એટલે ૧૨ વાગે
★ મધ્ય રાત્રિ એટલે ૧૨ વાગે
★ કાંઈક બગડ્યું એટલે... વાગ્યા ૧૨
★ શેરબજાર તૂટ્યું તો રોકાણ ગયું ૧૨ના ભાવમાં
★ ૧ શીલીંગના ૧૨ પેન્સ
★ મૃત્યુ પછી ૧૨મું
★ રીઢો માણસ = ૧૨ ગામનું પાણી પીધેલ.
★ અણબનાવ માટે ૧૨મો ચંદ્રમા
★ જ્યોતિર્લિંગ ૧૨
★ કૃષ્ણ જન્મ રાત્રે ૧૨ વાગે
★ રામ જન્મ બપોરે ૧૨ વાગે
★ ગુજરાતી ભાષામાં ૧૨ સ્વર
★ એટલે કહેવાય બારાક્ષરી.
★ ૧૨ ગામનો મુખિયો
★ જમીનના ઉતારા ૭/૧૨ના
★ ડિગ્રી કોર્ષ ૧૨મા પછી
★ ખાયા પીયા કુછ નહીં ગીલાસ ફોડ્યા ૧૨ આના
★ બારડોલીનો સત્યાગ્રહ
★ ભાગી જવું = પોબારા
★ ફરી ફરી = દોબારા
★ લગ્નમાં હોય બારાતી
★ શરદ પવારનો જન્મ : ૧૨/૧૨
★ તેમનું ગામ બારામતી.
★ રજનીકાંતનો જન્મ ૧૨/૧૨
★ ૧૨ ગાઉએ બોલી બદલાય
★ ૧૨ વર્ષે બાવો બોલ્યો.
★ ૧૨ વર્ષે છોકરી કન્યા ન કહેવાય
★ ફિલ્મ : દો આંખે ૧૨ હાથ.

*પ્રેષક : નવનીત પટેલ*

સંબંધ

# બધાએ જિંદગી સરસ રીતે જ જીવવી જોઈએ

• પ્રેષક •
પ્રભુલાલ એમ. સંઘવી

આખી જિંદગીમાં માણસને અસંખ્ય લોકો સાથે પનારો પડતો હોય છે. કેટલાંક લોકોના કારણે આપણી જિંદગી જીવવા જેવી બનતી હોય છે. કેટલાંક લોકો એવા પણ જિંદગીમાં આવતા હોય છે જે ક્યારેક આપણું જીવવું હરામ કરી નાખે છે. આપણે જેને સારા સમજીને સંબંધ રાખ્યો હોય એનું જ જ્યારે સાચું પોત પ્રકાશે ત્યારે એમ થાય છે કે, આના પર ભરોસો કરીને મેં મારી જિંદગીની સૌથી મોટી ભૂલ કરી છે. માણસનાં સુખ કે દુઃખનો આધાર એના પર રહેતો હોય છે કે, એ પોતાની જિંદગીમાં કેવા લોકોને આવવા દે છે? માણસની પસંદગીમાં જો થાપ ખાઇ જવાય તો મુશ્કેલી સર્જાય છે. એમાં પણ મુશ્કેલીની વાત એ છે કે, દરેક માણસ ક્યાં એમ જલદી વર્તાતા હોય છે. એક યુવાનની આ વાત છે. તેની સાથે એક છોકરી સ્ટડી કરતી હતી. બંને વચ્ચે દોસ્તી થઈ. દોસ્તી ધીમેધીમે પ્રેમમાં પલટાઈ. થોડો સમય તો બધું બરાબર ચાલ્યું. એ છોકરી બાદમાં જોહુકમી કરવા લાગી. તારે આમ જ કરવાનું છે, તારે તેમ નથી કરવાનું. એ છોકરાની હાલત કફોડી થઇ ગઇ. તેણે બ્રેકઅપ કરવાનું નક્કી કરી નાખ્યું. પ્રેમિકાને જુદા પડવાની વાત કરી તો એ વધુ ઉશ્કેરાઈ. તું એમ મારાથી જુદો જ કેમ થઈ શકે? મારી ઇચ્છા વિરુદ્ધ તને મારાથી પણ દૂર થવા નહીં દઉં. દૂર જવાનું વિચાર્યું છે તો હું તને બદનામ કરી દઈશ. છોકરી રીતસર ટોર્ચર કરતી હતી. છોકરો ડિપ્રેશનમાં ચાલ્યો ગયો. તેના ઘરના લોકોને સાચી વાતની ખબર પડી ત્યારે એણે છોકરીને કહ્યું કે, સીધી રીતે તું એનાથી દૂર થઇ જાય છે કે પછી તારા ઘરના લોકોને તું શું કરે છે એની વાત કરીએ? આખરે માંડમાંડ એ છોકરીએ તેને મુક્ત કર્યો. અમુક લોકો અજગર જેવા હોય છે, એ ભરડામાં લે પછી તેમાંથી મુક્ત થવું આસાન નથી હોતું. ક્યારેક તો ત્યાં સુધીનો વિચાર આવી જાય છે કે, મેં આ ભવમાં નહીં તો ગયા ભવમાં નક્કી કોઈ પાપ કર્યાં હશે તે મારે આને મળવાનું થયું.

આપણી જિંદગીમાં આવતા લોકો બહારના હોય તો હજુયે કોઈ ને કોઈ રીતે તેનાથી મુક્તિ મેળવી શકાય પણ એ જો નજીકના જ હોય ત્યારે હાલત વધુ કફોડી થઇ જાય છે. એક છોકરી હતી. તેના મેરેજ થયા. એરેન્જ મેરેજ હતા. લગ્ન બાદ જોઈન્ટ ફેમિલીમાં રહેવાનું હતું. હસબન્ડનો નેચર તો સારો હતો પણ ઘરના બીજા લોકો માથાભારે હતા. જેઠ અને જેઠાણીનું ઘરમાં વર્ચસ્વ હતું. થોડો સમય તો તેણે બધાનું સહન કર્યું પણ પછી એ પણ જેવા સાથે તેવા થવા લાગી. તેણે પતિને કહ્યું કે, તમે સારા છો પણ બાકીના બધા મનફાવે એ રીતે વર્તે એ સહન ન કરી શકું. પતિ સમજતો હતો કે, પત્નીની વાત સાચી છે પણ એ ઘરના લોકોને પણ કહી શકતો નહોતો. રોજે રોજ ઘરમાં કોઈ ને કોઈ મુદ્દે કકળાટ થતો રહેતો. આખરે છોકરીએ એના પતિને કહ્યું કે, મારે ડિવૉર્સ જોઈએ છે. પતિએ કહ્યું, તું મને એટલું કહીશ કે જે થઇ રહ્યું છે એમાં મારો વાંક ક્યાં છે? પત્નીએ કહ્યું, સાચી વાત છે તમારો કંઈ વાંક નથી પણ હવે મને એટલું કહો કે, જે થઈ રહ્યું છે એમાં મારો વાંક ક્યાં છે?

ઘણી વખત આપણો વાંક નથી હોતો તો પણ આપણે ભોગવવું પડતું હોય છે. આવા સંજોગોમાં કોઈ રસ્તો શોધી લેવો એ જ વિકલ્પ હોય છે.

જિંદગીમાં દરેક સંબંધ ક્યારેક એ હદે પહોંચતો હોય છે જ્યારે આપણે એ સંબંધ અંગે જ કોઈ નિર્ણય કરવો પડે છે. ટુ બી ઓર નોટ ટુ બી જેવી સ્થિતિ સર્જાય છે એ વખતે આપણે નક્કી કરવું પડતું હોય કે શું સાચું છે અને શું ખોટું છે. આપણે સંબંધ ખાતર ઘણી વખત જે ખોટું હોય એ પણ સહન કરતા હોઇએ છીએ. ક્યારેક એવું વિચારીને પણ મન મનાવતા રહીએ છીએ કે, ધીરેધીરે બધું સરખું થઇ જશે. આપણે રાહ જોતા રહીએ છીએ કે ક્યારે બધું સરખું થાય અને ક્યારે હળવાશ લાગે! એ સમય ઘણી વખત આવતો જ નથી. આપણે પોતે આપણી જાતને પણ ઘણી વખત ટાઈમ લિમિટ આપવી પડતી હોય છે. એક હદ સુધી પહોંચી ગયા પછી ફાઇનલ ડિસીઝન પર આવવું જ પડતું હોય છે. ખોટું સહન ન કરવું જોઈએ.

એક છોકરીની આ વાત છે. એના મેરેજ થયા હતા. પતિ ખૂબ ધનવાન પણ બગડેલો યુવાન હતો. એ મનફાવે એમ જિંદગી જીવતો હતો. પત્ની પર પણ જોહુકમી કરતો હતો. વાત ધીમેધીમે ધાક-ધમકી અને માર મારવા સુધી પહોંચી ગઈ. આખરે પત્નીએ નક્કી કરી લીધું કે હવે આની સાથે નથી રહેવું. તેણે ડિવૉર્સનો કેસ ફાઇલ કર્યો. તેની એક ફ્રેન્ડે કહ્યું કે તારી પાસે તો કંઈ નથી. ડિવૉર્સ લઇને તું શું કરીશ? તેં કોઈ દિવસ ક્યાંય જોબ કરી નથી. તારી લાઈફ સામે ઘણી બધી ચેલેન્જીસ અને મુશ્કેલીઓ હશે. એ છોકરીએ કહ્યું, સાચી વાત છે ઘણી મુશ્કેલી હશે પણ એ મુશ્કેલી મારી પોતાની હશે. અહીં તો મારા માથે મુશ્કેલીઓ લાદી દેવામાં આવી છે. તમારું અસ્તિત્વ જ ન હોય એ સ્થિતિ બહુ ખરાબ છે. મારી મુશ્કેલીઓનો

સામનો હું કરી લઈશ. એક્ચ્યુઅલી તો ડિવૉર્સ એ પણ એક પ્રકારની મુશ્કેલીનો સામનો જ છે.

દરેક માણસને એક વખત તો એવો વિચાર આવ્યો જ હોય છે કે મારે બધા સાથે સારી રીતે રહેવું છે, સારું વર્તન કરવું છે. કોઈએ પોતાની જિંદગી હાથે કરીને પરેશાનીવાળી કરવી હોતી નથી. બધાએ સરવાળે તો જિંદગી સરસ રીતે જ જીવવી હોય છે. મુસીબત ત્યારે ઊભી થાય છે જ્યારે આપણા પર જબરજસ્તીથી કંઈક લાદી દેવામાં આવે છે. દુનિયામાં એવા લોકો પડ્યા છે જેને બીજાને હેરાન કરવામાં સેડેસ્ટિક પ્લેઝર મળે છે. આ દુનિયામાં બીજાને દુ:ખી કરીને પિશાચી આનંદ મેળવનારા લોકોની કોઈ કમી નથી. આવા લોકો આપણી આજુબાજુમાં પણ હોય છે. અમુક લોકોની ફિતરત જ એવી હોય છે કે, એ પોતે ખુશ રહેતા નથી અને કોઈને ખુશ રહેવા દેતા નથી. આવું કોઈ ભટકાઈ જાય ત્યારે એની સાથે સંઘર્ષમાં ઊતરવું પડે છે. આપણી જિંદગી પર છેલ્લે તો આપણો જ અધિકાર હોવો જોઈએ. પ્રેમ ખાતર આપણી વ્યક્તિ માટે કંઈ પણ કરી શકીએ પણ જબરજસ્તીથી તો કંઈ જ નહીં. આપણે પોતાના લોકો માટે ખેંચાઈને પણ ઘણુંબધું કરતા હોઈએ છીએ પણ તેની સાથે આપણો પ્રેમ અને લાગણી જોડાયેલાં હોય છે. આપણી વ્યક્તિ પાસેથી એનો પ્રતિસાદ પણ મળતો હોય છે. પોતાની વ્યક્તિ બે શબ્દો કહે તો પણ આપણો બધો થાક ઊતરી જતો હોય છે. એના માટે જરૂરી એ હોય છે કે, સ્નેહની સરવાણી બંને તરફથી સતત વહેતી હોય. સંબંધ જો એક તરફનો હોય તો એ લાંબો ટકતો નથી, એનો અંત આવે જ છે. કેટલાંક સંબંધમાં અંત એ જ અંતિમ વિકલ્પ હોય છે. જતું કરો, તક આપો, જે થાય એ બધું જ કરી છૂટો. એ પછી પણ જો કોઈ બદલાવ ન થાય તો રસ્તો બદલી નાખો. જિંદગીના અમુક મુકામ પર આપણે આપણી જાતને ત્રિભેટે ઊભેલી જોતાં હોઈએ છીએ, એ સમયે સાચો રસ્તો શોધવામાં મોડું કરવું ન જોઈએ. આપણી વ્યક્તિ સાથે આપણી જિંદગીને વધુ બહેતર અને જીવવા જેવી બનાવવી જોઈએ. આપણી પણ એ જવાબદારી હોય છે કે આપણે આપણી વ્યક્તિને હળવાશ આપીએ. છેલ્લે તો એ જ મળવાનું છે જે આપણે આપ્યું હોય છે!

## આપે તે દેવ અને રાખે તે રાક્ષસ

*– કુમારપાળ દેસાઈ*

સંત વિનોબાજીએ માતાને 'આચાર્ય' કહ્યા છે. આચાર્યનો અર્થ એ કે જે કઠણમાં કઠણ પ્રશ્ન શોધીને સરળ બનાવે. પોતે જાતે કઠણ કામ કરી જુએ, એનું આચરણ કરે અને પછી બીજાને એ વિશે કહે.

સંત વિનોબાનાં માતા, પડોશીની પત્ની બહારગામ ગયાં હોવાથી પોતાની રસોઈ બનાવીને પડોશીને ત્યાં રસોઈ બનાવવા જતાં હતાં.

એક દિવસ વિનોબાએ એમના માતાને પૂછ્યું, 'મા, પહેલાં તું આપણા ઘરની રસોઈ બનાવે છે, પછી પડોશીના ઘરની રસોઈ બનાવે છે, એ સ્વાર્થ ન કહેવાય? પોતાનો સ્વાર્થ પૂરો કર્યા પછી પરમાર્થ થઈ શકે ખરો?'

માતાએ જવાબ આપ્યો, 'બેટા, પહેલાં આપણા ઘરની રસોઈ બનાવીને પછી એમને ત્યાં જાઉં છું, જેથી એમને ઠંડું ખાવું ન પડે. ગરમ ભોજન મળે.'

વિનોબાજીના ઘરના વાડામાં ફણસનું ઝાડ હતું. એને એ રોજ પાણી પાય અને ક્યારે એ મોટું થાય અને પોતાને ફળ ખાવા મળે તેની વિનોબાજી રાહ જોતા હતા.

ફણસનું ઝાડ મોટું થયું. ધીરે ધીરે એના પર ફળ બેઠેલાં જોયાં એટલે વિનોબાજીને તોડવાનું મન થયું. એમની માતાએ કહ્યું, 'હજી આ ફણસ કાચું છે. એ પીળું અને ઢીલું થાય પછી તું તોડજે.'

થોડા દિવસ પસાર થયા. ફણસનું ફળ પીળું અને ઢીલું થયું. માતાની સંમતિ મેળવીને વિનોબાએ ઝાડ પરથી ફણસ ઉતાર્યું અને સમાર્યું. એના રસાદાર ટુકડા ખાવા માટે વિનોબાજી અને એમના મિત્રો ઉત્સુક હતા ત્યારે એમની માતાએ કહ્યું, 'પહેલું ફળ તો (ભગવાનને આપીને) વહેંચીને ખવાય.'

વિનોબાજી અને તેમના મિત્રો તો ફણસના રસાદાર ટુકડા ખાવા માટે ઉત્સુક હતા. એમનો જીવ ઝાલ્યો રહેતો ન હતો ત્યારે એમનાં માતાએ પ્રશ્ન કર્યો, 'તમને દેવ ગમે કે રાક્ષસ?'

વિનોબાજી અને એમના મિત્રોએ એક અવાજે 'દેવ' કહ્યું. એટલે એમની માતાએ કહ્યું, 'જે આપે તે દેવ અને જે રાખે તે રાક્ષસ.''

માતાની વાત સાંભળતાં બધાં બાળકો ફણસના રસાદાર ટુકડા લઈને એને વહેંચવા નીકળી પડ્યા.

એક સમયે માતાની નિશાળમાંથી બાળકને આ બધું શીખવા મળતું હતું. વિનોબાજીનાં માતા કશું ભણ્યાં નહોતાં. લખતાં-વાંચતાં પણ આવડતું નહોતું, પરંતુ બાળકોને ઘડવા માટેની ઊંડી સૂઝ હતી. માતાનું આચરણ એ જ બાળકની પાઠશાળા હતી.

★

આજે સમાજની ભલે પ્રગતિ થઈ હોય, પણ મૂલ્ય અને માનવતાનો હ્રાસ થયો છે. બીજાને માટે જાત ઘસનારની મજાક કરવામાં આવે છે અને બીજાના પર સત્તા જમાવનાર, શોષણ કરનારને કે બીજાના ધનની ઉચાપત કરીને ઘર ભરનારને રાક્ષસ નહીં, પણ દેવ ગણવામાં આવે છે.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

તંદુરસ્તી

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

તાજેતરના સંશોધનો પરથી વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ તારણ કર્યું છે કે વિશ્વમાં મૃત્યુનું પ્રમાણ હૃદયરોગની બીમારી, ડાયાબિટીસ કે કેન્સરની બીમારી કરતાં માનસિક સ્ટ્રેસ, ટેન્શન (તાણ)ને કારણે વધારે થશે. સ્ટ્રેસને લીધે થતી શારીરિક બીમારીઓ જેવી કે હૃદયરોગ, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ વગેરેનું પ્રમાણ વધતું જાય છે.

૨૧મી સદી (આધુનિક) સ્ટ્રેસની સદી છે. આજે સ્ટ્રેસ (ટેન્શન) આધુનિક જીવનશૈલીનો ભાગ બની ગયો છે તથા સહુ કોઈને સતાવી રહ્યો છે. સ્કૂલે જતો બાળક હોય કે મંદિરે જતા વૃદ્ધો હોય, નાનો કર્મચારી હોય કે ઉપરી અધિકારી હોય અથવા કંપનીનો ચેરમેન હોય, નાની દુકાનમાં ધંધો કરતો હોય યા સમાજસેવામાં પરોવાયેલો હોય, ગૃહિણી હોય કે નોકરી કરતી મહિલા હોય – સહુ કોઈ એક યા બીજા કારણસર થોડા યા વધુ પ્રમાણમાં સ્ટ્રેસના શિકાર બનેલા જોવા મળે છે.

જો આ સ્ટ્રેસ અંગે સાચી સમજ કેળવીને, જીવનશૈલીમાં આવશ્યક પરિવર્તન લાવવામાં નહીં આવે તો આ સ્ટ્રેસ ૨૧મી સદીનો મહારોગ બની બીજા મહારોગોને નિમંત્રમ આપવામાં નિમિત્ત બની જશે. આ બાબતને લક્ષમાં લઈ વિશ્વ આરોગ્ય સંસ્થાએ ૨૦૧૭ના વર્ષને "હતાશાની બીમારી વિશે જાગૃતિ" (Depression : Let us talk) વર્ષ તરીકે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાહેર કરેલ છે.

- **વ્યાખ્યા :**

સ્ટ્રેસ (Stress) શબ્દ પદાર્થ વિજ્ઞાન (Physics) તથા એન્જિનિયરીંગના ક્ષેત્રથી આવ્યો છે તથા આ શબ્દનો પ્રયોગ ૧૯૩૦માં પ્રથમ વખત થયો હતો.

મનોવિજ્ઞાન તથા શરીરશાસ્ત્રમાં સ્ટ્રેસ એટલે ઘટના / પ્રસંગ હકીકતમાં બનેલ અથવા હકીકતમાં ન પણ બનેલ પરંતુ વ્યક્તિએ ધારી કે સમજી લીધેલ પ્રત્યે વ્યક્તિનો પ્રતિભાવ, પ્રતિક્રિયા તથા વ્યક્તિના શરીરમાં થતા ફેરફારો. આ પ્રતિભાવ, પ્રતિક્રિયા તથા શારીરિક ફેરફારો (૧) હકારાત્મક / ફાયદાકારક હોય અથવા (૨) નકારાત્મક / નુકસાનકારક હોય.

આજે સ્ટ્રેસને મોટાભાગે નુકસાનકારક કે નકારાત્મક ગણવામાં આવે છે. અત્યારની ૨૧મી સદીમાં સ્ટ્રેસ એટલે મનની ઉર્મિતંત્રની અને/અથવા શરીરની સામનો કરવાની અસમર્થતા.

હેન્સ સેલ્યે નામના વૈજ્ઞાનિકે ૧૯૫૦ના દાયકામાં 'સ્ટ્રેસ' પર ઉમદા સંશોધન કર્યું હતું. એણે સ્ટ્રેસનું બે પ્રકારમાં વર્ગીકરણ કર્યું છે.

**૧. હકારાત્મક સ્ટ્રેસ (Eustress) :**

ઘટના કે પ્રસંગની વ્યક્તિ પર હકારાત્મક અસર થાય છે. દા.ત. પરીક્ષાની તારીખ જાહેર થાય છે. વિદ્યાર્થી અભ્યાસ કરવામાં વધારે સમય ગાળે છે. રમવામાં સમય ઓછો અથવા નજીવો સમય પસાર કરે છે. મનને કાર્યો – એકાગ્રતા, નિર્ણય શક્તિ, ગ્રહણ શક્તિ, સ્મરણ શક્તિ વધે છે. નવું નવું શીખવા મળે છે, મુડ સારો રહે છે, વ્યક્તિત્વનો વિકાસ થાય છે, તંદુરસ્તી સારી રહે છે.

**૨. નકારાત્મક સ્ટ્રેસ (Distress)**

ઘટના કે પ્રસંગની વ્યક્તિ પર નકારાત્મક અસર થાય છે. દા.ત. પરીક્ષાની તારીખ જલ્દી જાહેર થાય છે તથા અભ્યાસ માટે પૂરતો સમય મળતો નથી. વ્યક્તિનો (વિદ્યાર્થીનો) પ્રતિભાવ તથા પ્રતિક્રિયા નકારાત્મક આવે છે. આથી મનના કાર્યો એકાગ્રતા, નિર્ણય શક્તિ, ગ્રહણ શક્તિ, સ્મરણ શક્તિ વગેરે ઘટે છે, ઓછી થાય છે. કામ કરવાની ક્ષમતા ઓછી થાય છે, મુડ (મિજાજ) ખરાબ રહે છે.

નકારાત્મક અસર લાંબો સમય રહેતા, શરીરના અવયવો (હૃદય, ફેફસાં, પાચનક્રિયાના અવયવો, સ્નાયુઓ વગેરે) કાર્યોમાં ખલેલ પહોંચે છે, તંદુરસ્તી બગડે છે.

- **સ્ટ્રેસની નોર્મલ પ્રક્રિયા (Normal Stress Reaction) :**

મનુષ્ય સદીઓથી સ્ટ્રેસનો સામનો કરતો આવ્યો છે. પ્રભુએ સ્ટ્રેસનો સામનો કરવા (ભયનો સામનો કરવા) માટે યોગ્ય શારીરિક રચના કરી છે, જે સંકટ સમયે ઉપયોગી બને છે. હજારો વર્ષો પહેલા (પથ્થર યુગમાં) જંગલના હિંસક પ્રાણીઓ અને એમના અવાજ, એ વખતના આદિમાનવ માટે સ્ટ્રેસ ઉત્પન્ન કરતા હતા. આ શારીરિક ભય (સ્ટ્રેસ)નો સામનો કરવા માટે બે વિકલ્પો હતા : (૧) હિંસક પ્રાણીનો સામનો કરવો અથવા (૨) સહી સલામત જગ્યાએ છૂપાઈ જવું. બંને પ્રક્રિયા માટે વધારાની શારીરિક શક્તિની તાત્કાલિક જરૂર પડતી.

ભયની લાગણી ઉત્પન્ન થતાં મગજના સંવેદનશીલ જ્ઞાનતંતુના તંત્રના અવયવોમાં (લીમ્બિક સિસ્ટમના અવયવોમાં) ફેરફારો થાય છે અને તાત્કાલિક સ્ટ્રેસ હોરમોન્સ ઉત્પન્ન થાય છે. આ સ્ટ્રેસ હોરમોન્સ લોહીમાં ભળી શરીરના અવયવોમાં જાય છે. આ સ્ટ્રેસ હોરમોન્સ આંતરસ્રાવી ગ્રંથિઓ (Endocrine Glands) પર અસર કરી લોહીમાં કોર્ટીસોલ તથા અન્ય રસાયણોનું પ્રમાણ વધારે છે. આ સ્ટ્રેસ હોરમોન્સ તથા સ્ટ્રેસ રસાયણોની શરીરના જુદા જુદા અવયવો પર નીચે પ્રમાણે અસરો થાય છે.

૧. સ્નાયુઓ (Muscles) સંકોચાય છે. જેથી સામે લડાઈ કરવા કે દૂર ભાગી જવા માટે શરીર તૈયાર થાય છે.
૨. હૃદયના ધબકારા વધી જાય છે. જેથી લોહીનું ભ્રમણ ઝડપથી થાય છે. આથી જરૂરી ઓક્સિજન તથા અન્ય રસાયણો સ્નાયુને મળી રહે છે.
૩. ફેફસામાં શ્વાસોચ્છવાસની ગતિ વધે છે. જેથી લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ વધે છે.
૪. યકૃત (લીવર)માંથી ગ્લુકોઝ લોહીમાં ભળે છે. જેથી વધારાની જરૂરી શક્તિ સ્નાયુને મળી રહે છે.
૫. લોહીના ભ્રમણમાં ફેરફારો થાય છે. આથી લોહી પાચન ક્રિયાના અવયવોમાં જવાને બદલે સ્નાયુઓમાં વધારે જાય છે. આથી સ્નાયુમાં શક્તિનો સંચાર થાય છે.

ઉપરોક્ત ફેરફારોથી તાત્કાલિક શરીરમાં શક્તિનો સંચાર થાય છે. જેથી ભયનો સામનો થઈ શકે છે.

**સ્ટ્રેસ (ભય) દૂર થતાં :**

સ્ટ્રેસ (ભય) દૂર થતાં (૧) સ્ટ્રેસ હોરમોન્સનું ઉત્પાદન થતું નથી. સ્ટ્રેસ હોરમોન્સનું પ્રમાણ ઘટી જઈ શૂન્ય થાય છે, નોર્મલ થાય છે. (૨) શારીરિક શક્તિ (સામનો કરવામાં કે સલામત જગ્યાએ ભાગી જવાથી) યોગ્ય રીતે વપરાઈ જતાં સ્ટ્રેસ હોરમોન્સ તથા સ્ટ્રેસ રસાયણોનું કાર્ય પૂર્ણ થાય છે. હોરમોન્સની માત્રા શૂન્ય થઈ પૂર્વવત નોર્મલ થાય છે. શરીર નોર્મલ થાય છે.

- **૨૧મી સદી મનની દુભાયેલી લાગણીઓની સદી :**

આજે ૨૧મી સદીમાં શારીરિક ભય નહિંવત છે. ટેકનોલોજીની પ્રગતિને લીધે શારીરિક ભય દૂર થયા છે પરંતુ (૧) મનની ઘવાયેલી / દુભાયેલી લાગણીઓનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે. (૨) ઘવાયેલી / દુભાયેલી લાગણીઓનો સામનો કરવાની કે સહન કરવાની શક્તિનું પ્રમાણ ઘટી ગયું છે. જેના લીધે આ ઘવાયેલી / દુભાયેલી લાગણીઓ સંવેદનશીલ વ્યક્તિમાં સ્ટ્રેસ ઉત્પન્ન કરે છે. (૩) સંવેદનશીલ વ્યક્તિમાં મગજની શારીરિક રચનાને લીધે સ્ટ્રેસનો સામનો કરવાની શક્તિ ઓછી હોય છે. જેના લીધે સ્ટ્રેસ હોરમોન્સનું પ્રમાણ વધી જાય છે તથા મનની અને શરીરની બીમારીઓ પેદા થાય છે અથવા શરીરની બીમારીઓનું પ્રમાણ વધી જાય છે.

શારીરિક ભય હોય કે મનની ઘવાયેલી / દુભાયેલી લાગણીઓને લીધે સ્ટ્રેસ ઉત્પન્ન થાય, સ્ટ્રેસની પ્રક્રિયા તો ઉપર જણાવ્યા મુજબ જ થાય છે અને સ્ટ્રેસ હોરમોન્સ તથા સ્ટ્રેસ રસાયણોનું પ્રમાણ ખૂબ વધી જાય છે. જેની નકારાત્મક અસર શરીરના અવયવો પર થાય છે.

- **સ્ટ્રેસ હોરમોન્સની અસર લાંબા સમય સુધી :**

(૧) આધુનિક જીવનશૈલી તથા સંજોગોને લીધે મનની ઘવાયેલી લાગણીઓનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે. (૨) આ ઘવાયેલી લાગણીઓ દ્વારા ઉત્પન્ન થયેલ સ્ટ્રેસ હોરમોન્સ અને રસાયણોનું યોગ્ય કાર્ય (શારીરિક શક્તિ વપરાતી નથી) ન થતાં સ્ટ્રેસ હોરમોન્સ તથા રસાયણોની માત્રા શરીરમાં લાંબો સમય સુધી રહે છે. (૩) આ સ્ટ્રેસ હોરમોન્સનું ટોક્સિનમાં પરિવર્તન થાય છે, જે શરીરના અવયવો માટે નુકસાનકારક છે. આ ટોક્સિન શારીરિક બીમારીનું કારણ બને છે તથા શારીરિક બીમારી હોય તો આ શારીરિક બીમારીનું પ્રમાણ વધારે છે.

સ્ટ્રેસની બીમારી, લક્ષણો તથા સારવાર વિશે હવે પછીના લેખોમાં જાણકારી મેળવીશું.

*(ક્રમશઃ)*

## શું કરવું?

ઘર 'સળગે' તો વીમો લેવાય,
'સપના' સળગે તો શું કરવું?

આભ વરસે તો 'છત્રી' લેવાય,
'આંખો' વરસે તો શું કરવું?

સિંહ 'ગરજે' તો ભાગી જવાય,
'અહંકાર' ગરજે તો શું કરવું?

'કાંટો' ખટકે તો કાઢી લેવાય,
કોઈ 'વાત' ખટકે તો શું કરવું?

પીડા છલકે તો 'ગોળી' લેવાય,
'વેદના' છલકે તો શું કરવું?

***એક સારો મિત્ર એક દવા જેવો હોય છે...***
***પણ એક સારું ગ્રુપ આખા મેડિકલ સ્ટોર જેવું હોય છે.***

માહિતી

## ટાટા હોસ્પિટલ અને કેન્સર સંશોધન કેન્દ્ર જેની બે પાંખો છે...

# ટાટા મેમોરિયલ સેન્ટર : મુંબઈ

ભરત'કુમાર' પ્રા. ઠાકર

### *૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ : ૮૫મા સ્થાપના દિને એક ઝલક*

દેશના ગર્ભશ્રીમંત, સમાજસેવી અને માનવતાવાદી ટાટા પરિવારે સ્થાપેલા 'સર દોરાબજી ટાટા (૧૮૫૯-૧૯૩૨) ટ્રસ્ટ'ની દેશમાં વિવિધ ક્ષેત્રની લોકોપયોગી સંસ્થાઓ સ્થાપવામાં મહત્ત્વની ભૂમિકા રહી છે. તેમાં ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ (TIFR), ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સીઝ ('ટિસ'), નેશનલ સેન્ટર ફોર પરફૉર્મિંગ આર્ટ્સ (NCPA), ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (IISc), ટાટા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર વગેરે જેવી પંદરેક સંસ્થાઓનો સમાવેશ થાય છે. આમાં યશકલગી સમાન એક વધુ નામ 'ટાટા મેમોરિયલ સેન્ટર' (TMC)નું પણ છે. તેના નેજા તળે ટાટા મેમોરિયલ હોસ્પિટલ (પરેલ) અને કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (CRI) એવી બે શાખાઓ જોડાયેલી છે.

- **સ્થાપના અને વિલીનીકરણ**

તાતા સ્મારક કેન્દ્ર (TMC) કેન્સર કર્કરોગના ઉપચાર, સંશોધન અને અધ્યયનની વિશ્વમાં સૌથી મોટી સર્વગ્રાહી સંસ્થા છે. તે કેન્સર નાબૂદીના દેશવ્યાપી પ્રયત્નોના એક પ્રેરણાકેન્દ્ર (કેટલિસ્ટ) તરીકે કામ કરે છે. આ સંસ્થાના મુખ્ય ત્રણ ધ્યેયો છે : કેન્સરના દર્દીઓની સંભાળ, તમામ સ્તરે કેન્સરનું શિક્ષણ અને કેન્સરનું મૂળભૂત સંશોધન.

દોરાબજી ટાટા, એ ભારતના પોલાદ ઉદ્યોગના પિતામહ ગણાતા સર જમશેદજી નસરવાનજી ટાટા (૧૮૩૯-૧૯૦૪)ના સુપુત્ર થાય. પોતાનાં કેન્સરગ્રસ્ત પત્ની લેડી મહેરબાઈ (૧૮૭૯–૧૯૩૧)ના અવસાન પછી દંપતીની ધનસંપત્તિના સદુપયોગાર્થે એ જ વર્ષમાં એમણે 'સર દોરાબજી ટાટા ટ્રસ્ટ' સ્થાપ્યું. બીજે વર્ષે એમણે પણ વિદાય લીધી.

વર્તમાન 'ટાટા મેમોરિયલ હૉસ્પિટલ' મૂળે આ સર દોરાબજી ટાટા ટ્રસ્ટ દ્વારા ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૪૧ના સ્થાપવામાં આવી હતી. કેન્સરના પાયાગત સંશોધનની એક આદ્ય સંસ્થા તરીકે ૧૯૫૨માં 'ઇન્ડિયન કેન્સર રિસર્ચ સેન્ટર'ની સ્થાપના કરવામાં આવેલી, જે પાછળથી કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (CRI) તરીકે ઓળખાઈ. ૧૯૫૭માં ટાટા મેમોરિયલ હોસ્પિટલનું સંચાલન ભારત સરકારના આરોગ્ય ખાતાએ સંભાળતાં તે રાષ્ટ્રને સમર્પિત થઈ.

તે પછી ૧૯૬૨માં ટાટા મેમોરિયલ હોસ્પિટલ અને કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનું વહીવટી નિયંત્રણ પરમાણુ ઊર્જા વિભાગને સોંપાતાં તે બીજું મહત્ત્વનું સીમાચિહ્ન હતું. આખરે ૧૯૬૬માં આ બંને સંસ્થાઓ 'ટાટા મેમોરિયલ સેન્ટર'ની બે પાંખો તરીકે એકીકૃત થઈ. કેન્સર સંબંધી શુશ્રુષા, શિક્ષણ અને શોધ માટે સરકારી ટેકાથી વિકસિત ખાનગી માનવવાદી પ્રવૃત્તિનું આ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે.

- **નિદાન અને સારવાર**

**સંસ્થાનાં દવાખાનાઓમાં દર વર્ષે સમગ્ર ભારત અને પડોશી દેશોમાંથી આવતા અંદાજે ૬૪,૦૦૦ કેન્સર-રોગીઓની સારવાર કરવામાં આવે છે. તેમાંના ૭૦ ટકા ખાસ કરીને ગ્રામીણ પ્રદેશોમાંથી આવતા અને આર્થિક રીતે નબળા દર્દીઓની નિઃશુલ્ક ચિકિત્સા કરાય છે.** જ્યારે બહારગામથી આવતા જરૂરતમંદ દર્દીઓની રહેવાની વ્યવસ્થા ડૉ. અર્નેસ્ટ બર્જેસ મેમોરિયલ હોમ (બાન્દ્રા) ખાતે કરાય છે.

તબીબી સલાહ કે અનુવર્તી સારવાર માટે બાહ્ય દર્દી વિભાગ (OPD)માં દૈનિક એક હજારથી વધુ રોગીઓ આવે છે. વાર્ષિક લગભગ ૩,૦૦૦ મહત્ત્વની શસ્ત્રક્રિયાઓ હાથ ધરાય છે અને ૬,૦૦૦ દર્દીઓને રેડિયોથેરાપી - કેમિયોથેરાપીની સારવાર અપાય છે.

દેશમાં કેન્સરના વીસથી પચીસ લાખ દર્દીઓમાંથી ૭૦ ટકા ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા હોય છે અને કેન્સરના છેલ્લા તબક્કામાં હોય છે. આવા બીમારોનું વેળાસર નિદાન અને ઉપચાર તેમના પોતાના ગ્રામીણ વાતાવરણમાં જ થાય તે માટે સંસ્થાએ ૧૯૮૩માં બાર્શી (જિ. સોલાપુર) અને ૨૦૦૩માં દેરવણ (જિ. રત્નાગિરી) ખાતે 'રૂરલ આઉટરીચ કેન્સર સેન્ટર'ની સ્થાપના કરી છે.

ટ્રસ્ટ દ્વારા મુંબઈ ઉપરાંત કલકત્તા, વારાણસી, ભુવનેશ્વર, તિરૂપતિ, રાંચી, પ્રયાગરાજ અને મેંગલોર ખાતે પણ કેન્સર સંશોધન કેન્દ્રો ચાલે છે. આસામ, ઓરીસ્સા, ઝારખંડ, તેલંગાણા અને નાગાલેન્ડમાં સઘન સારવાર કેન્દ્રો (ICU) ઊભાં કરાયાં છે.

● **તાલીમ અને ઉચ્ચ અભ્યાસક્રમો**

ટાટા મેમોરિયલ સેન્ટર આજે ભારત સરકારના પરમાણુ ઊર્જા વિભાગની આર્થિક સહાયતા અનુદાનપાત્ર (ગ્રાન્ટ-ઈન-એઈડ) સંસ્થા બની છે, જે તેને તેના તબીબી પ્રયોગો અને સારવારમાં અણુઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગો વધારવા માટે અપાય છે.

ઉપરાંત, વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO), આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા સંસ્થા (IAEA), આંતરરાષ્ટ્રીય કેન્સર નિયંત્રણ સંઘ (UICC) જેવાં વૈશ્વિક સંગઠનો દ્વારા તે કેન્સરના અધ્યયન-સંશોધન માટે માન્ય તાલીમ કેન્દ્ર છે.

ટાટા મેમોરિયલ હોસ્પિટલમાં 'અનુસ્નાતક અભ્યાસ કેન્દ્ર' પણ ચાલે છે, જે મુંબઈ યુનિવર્સિટી, હોમી ભાભા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ, પરમાણુ ઊર્જા વિભાગ અને રાષ્ટ્રીય પરીક્ષા મંડળ (દિલ્હી) સંલગ્ન છે. દર વર્ષે અહીં એંસી જેટલા અનુસ્નાતક વિદ્યાર્થીઓ માસ્ટર કે ડૉક્ટરેટ અભ્યાસક્રમો કરવા માટે નોંધાય છે. તો વર્ષે ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ ચિકિત્સા, બિનચિકિત્સા અને તાંત્રિક ક્ષેત્રોમાં તાલીમ મેળવે છે.

● **પ્રથમ અસ્થિમજ્જા પ્રત્યારોપણ**

ટાટા મેમોરિયલ સેન્ટરમાં ૨૦મી માર્ચ, ૧૯૮૩ના 'લ્યુકેમિયા' (લોહીના અત્યંત ઘટાડાથી સૂકાતું જતું શરીર)થી પીડાતી એક બાળકીના શરીરમાં અસ્થિમજ્જાનું સફળ પ્રત્યારોપણ (ટ્રાન્સપ્લાન્ટેશન) કરવામાં આવ્યું હતું. ભારતમાં આ પ્રકારની તે પ્રથમ શસ્ત્રક્રિયા હતી! **કેન્સરના ત્વરિત નિદાન અને નિવારણ વિશે લોકોને વાકેફ કરવા ટાટા મેમોરિયલ સેન્ટર સમયાંતરે નવી-નવી યોજનાઓ અને નવા વિભાગો વિકસાવતું રહ્યું છે, જેથી અનેકોનાં જીવન બચાવી શકાય.**

કેન્સરના દર્દીઓનું આ એક એવું આશ્રય સ્થાન છે, જ્યાં તેઓ ઉદાસ ચહેરે આવે છે અને સ્મિતભર્યા ચહેરે પરત ફરે છે! સંસ્થાની સુવર્ણ જયંતી (૧૯૪૧-૧૯૯૧) પ્રસંગે ટપાલ વિભાગ દ્વારા ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના બે રૂપિયા મૂલ્યની ખાસ ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી હતી. આડા આકારની અને ભૂખરા રંગની આ ટિકિટ પર ટાટા હોસ્પિટલ (પરેલ)નું ચિત્ર દર્શાવવામાં આવ્યું છે.

**સરનામું :**

**ટાટા મેમોરિયલ હોસ્પિટલ,**
ડૉ. ઇ. બર્જેસ રોડ, પરેલ, મુંબઈ-૪૦૦ ૦૨૧.
ફોન : (૦૨૨) ૨૪૧૭ ૭૦૦૦, ૨૪૧૪ ૬૭૫૦-૫૫
ફેક્સ : (૦૨૨) ૨૪૧૪ ૬૯૩૭
ઈ-મેલ :(દર્દી માહિતી) msoffice@tmc.gov.in
ઈ-મેલ :(સામાન્ય માહિતી) tmc@tmc.gov.in

*મુખ્ય સંદર્ભ નોંધ : (પ્રકાશન વર્ષના ચડતા ક્રમમાં)*

*(૧) ટાટા મેમોરિયલ સેન્ટર સ્મારક ટપાલ-ટિકિટનું હિંદી-અંગ્રેજી દ્વિભાષી માહિતીપત્ર, પ્ર. ટપાલ વિભાગ (દિલ્હી). તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧. (૨) 'કચ્છમિત્ર' દૈનિક (ભુજ) : તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૨ (રવિવાર)ના અંક સાથેની સાપ્તાહિક 'મધુવન' પૂર્તિમાં મનોજ શુક્લનો લેખ (પૃષ્ઠ-૪). (૩) ટાટા મેમોરિયલ સેન્ટરની અધિકૃત વેબસાઈટ. (૪) ઈન્ટરનેટ પરથી પૂરક વિગતોનું ચયન.*

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## વર્ષ ૨૦૨૫માં લગ્ન માટેના મુહૂર્ત

*ઉત્તરાયણ સાથે જ કમૂરતા પૂરા થયા. આ વર્ષે લગ્ન માટે ૭૫ મુહૂર્ત છે.*

| | | | | | |
|---|---|---|---|---|---|
| ★ | **જાન્યુઆરી** | : | ૧૬થી ૨૧, ૨૩, ૨૪, ૨૬, ૨૭ | = | ૧૦ દિવસ |
| ★ | **ફેબ્રુઆરી** | : | ૨, ૩, ૬, ૭, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૨૩, ૨૫ | = | ૧૪ દિવસ |
| ★ | **માર્ચ** | : | ૧, ૨, ૬, ૭, ૧૨ | = | ૫ દિવસ |
| ★ | **એપ્રિલ** | : | ૧૪, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૫, ૨૯, ૩૦ | = | ૯ દિવસ |
| ★ | **મે** | : | ૧, ૫, ૬, ૮, ૧૦, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૮ | = | ૧૫ દિવસ |
| ★ | **જૂન** | : | ૨, ૪, ૫, ૭, ૮ | = | ૫ દિવસ |
| ★ | **નવેમ્બર** | : | ૨, ૩, ૬, ૮, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૩૦ | = | ૧૪ દિવસ |
| ★ | **ડિસેમ્બર** | : | ૪, ૫, ૬ | = | ૩ દિવસ |
| | | | | *ટોટલ....* | *૭૫ દિવસ* |

માહિતી

# રાજપીપળાના યુવાને ૪૫ દિવસમાં નગરમાંથી ૩૦૦૦ કિલો પ્લાસ્ટીક ભેગું કર્યું

મનીષ જોશી 'મૌન'

## *ભોપાલ ગેસ દુર્ઘટનાનો કચરો પીથમપુરમાં ઠલવાતા વિરોધ વંટોળ*

વરદાન સમાન લાગતું પ્લાસ્ટિક હવે વરવી સમસ્યા રૂપે સામે આવી રહ્યું છે. તેને કારણે પૃથ્વી પર ભવિષ્યમાં રહેવું મુશ્કેલ થશે એમ સમાજસેવીઓનું કહેવું છે. પ્લાસ્ટિકની સમસ્યા વચ્ચે વર્ષ ૧૯૮૪માં ભોપાલમાં ગેસ હોનારત સર્જાઈ હતી, સૌને યાદ હશે જ. યુનિયન કાર્બાઇડ ફેક્ટરીના ૩૩૭ ટન ઝેરી કચરાને ૪૦ વર્ષે નિકાલ માટે મધ્ય પ્રદેશના પીથમપુર ગામે લઈ જવાયો છે. તેની જાણ ગ્રામજનોને થઈ હતી. તેથી ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. તેને કારણે વિસ્તારમાં પરિસ્થિતિ વણસી છે. બે યુવકોએ આ મુદ્દે આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. બંનેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પીથમપુરના સૈલાનાના ધારાસભ્ય કમલેશ્વર ડોડિયારે ૨૪ કલાકના ઉપવાસ પર બેસી જનતાની સાથે છે તેમ બતાવવા પ્રયત્ન કર્યો હતો. તેમનું કહેવું હતું કે ઝેરી કચરાનો આટલો જંગી જથ્થો પીથમપુરમાં નષ્ટ થશે તો અહીંના લોકોને કેન્સર થવાનું જોખમ છે. ત્યારે સરકારે વિચારણા કરવી જોઈએ. પ્લાસ્ટિકનો મુદ્દો ગંભીર છે. પરંતુ તેના માટે માત્ર બુમરાણ મચાવવાથી ઉકેલ આવે એમ નથી. ૧૨મી જાન્યુઆરીએ આધુનિક ભારતના ઘડવૈયા સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી હતી. સ્વામીજીએ યુવાનોને જાગૃત થવા માટે હાકલ કરી હતી. પીથમપુરના સમાચારની વચ્ચે જાગૃત યુવક દ્વારા થઈ રહેલી કામગીરીના સારા સમાચાર જાણવા મળ્યા. એટલે પરિસ્થિતિ ગમે તેવી વણસી હોય પરંતુ યુવક જાગે તો પરિસ્થિતિને નિવારી શકવા માટે પ્રતિબદ્ધ થઈ ચોક્કસ પરિણામ લાવી શકે તે ફરી એકવાર સાબિત થયું છે.

**એ યુવાન ગુજરાતના નર્મદા જિલ્લાના રાજપીપળામાં રહે છે. તેનું નામ નીરજ પટેલ છે.** સ્વચ્છ ભારત મિશન હેઠળ જ્યારે અભિયાન શરૂ થયા ત્યારે કેટલાકે માત્ર મુખ્યમંત્રી કે વડાપ્રધાનને સારું દેખાડવા ફોટો સેશન પૂરતું સફાઈ અભિયાન હાથ ધર્યું. જ્યારે કેટલાક નીરજ પટેલ જેવા યુવાનો કોઈને દેખાડવા નહીં પરંતુ મારું નગર સ્વચ્છ નગર બને તે હેતુથી રાજપીપળાને સ્વચ્છ બનાવવા કમર કસી. 'તું એકલો જાને રે..' ગીતની કડી મુજબ નગર સફાઈ એકલે હાથે શરૂ કરી. પછી તો લોકો જોડાતા ગયા. નીરજ અને તેની ટીમે ૪૫ દિવસના ટૂંકા સમયમાં ૩,૦૦૦ કિલોથી વધારે પ્લાસ્ટિક ભેગું કર્યું. હવે આ પ્લાસ્ટિક ફેક્ટરીમાં આપી વેસ્ટ માંથી બેસ્ટ એટલે કે બેન્ચીસ, ખુરશી, બાંકડા સહિતની વસ્તુઓ બનાવવા માટે તેનો ઉપયોગ થશે. જો એક યુવક ૪૫ દિવસમાં નગરમાંથી પોતાનાથી થાય એટલા પ્લાસ્ટિકને નષ્ટ કરવા પ્રયાસ કરી શકતો હોય તો દરેક શહેર, ગામ કે કસ્બાનો યુવક આવો પ્રયાસ હાથ ધરે તો?

- **સંવેદના :**

*સરળતા પામવા શોધાયું પ્લાસ્ટિક,*
*હવે માનવીના જીવન પર પડી રહી છે તેની સ્ટીક.*

*'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઇ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in*

## ભૂલ સુધાર

**મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૨૫ અંક**

★ પાના નં.-૬૬, ક્રમ-૨૬
શ્રી મનીષભાઈનો મોબાઈલ નં. **૯૭૭૩૦ ૦૮૦૨૦** વાંચવો.

★ પાના નં.-૬૬, ક્રમ-૩૩
શ્રી દીપકભાઈ ગડાનો મોબાઈલ નં. **૮૩૬૯૪ ૩૬૩૩૬** વાંચવો.

★ પાના નં.-૬૬, ક્રમ-૩૯
સાભરાઈ. શ્રી દીપકભાઈ : મો. ૯૫૧૨૬ ૦૭૬૭૦ અને પ્રમુખ - શ્રી વસંતભાઈ ગાલા મો. ૯૮૨૧૨ ૫૩૨૬૦ સુધારીને વાંચવા.

॥ શુભેચ્છા સહ... ॥
**ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ**
**હ. જયંતીભાઈ નીસર**

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૭૦

### શ્રી સ્વર્ણગિરી તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)



રાજસ્થાનના જાલોર શહેરની નજીક સ્વર્ણગિરી પર્વત પર આવેલા જાલોર દુર્ગમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની શ્વેત વર્ણની લગભગ ૧૦૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. વિક્રમની બીજી શતાબ્દીથી લગભગ ૧૮મી શતાબ્દી સુધી અહીંના જૈન રાજાઓ, મંત્રીઓ અને શ્રેષ્ઠીઓએ કરેલાં ધાર્મિક કાર્યો લોકવિખ્યાત છે. સમુદ્રની સપાટીથી લગભગ ૧૨ ફૂટ ઊંચે આવેલા કિલ્લાના પરિકોટમાં મંદિરનું દશ્ય અત્યંત સોહામણું અને આહલાદક લાગે છે. આસપાસની પ્રતિમાઓ અને ભગ્ન અવશેષો એના ભૂતકાળની જાહોજલાલીનું દર્શન કરાવે છે. પ્રાચીન સમયમાં આ નગર સ્વર્ણગિરી કે કનકાચલના નામથી પ્રસિદ્ધ હતું. એક સમયે અહીં અનેક કરોડપતિ શ્રાવકો રહેતા હતા. અહીંનું શ્રી મહાવીર જિનપ્રસાદ શ્રી નાહડ રાજાના સમયમાં વિ.સં. ૧૨૬ થી ૧૩૫ દરમિયાન થયાનો ઉલ્લેખ મળે છે. શ્રી મેરૂતુંગસૂરિ વિરચિત ‘વિચાર શ્રેણી’ તથા ૧૩મી સદીમાં શ્રી મહેન્દ્રસૂરીશ્વરજી રચિત ‘અષ્ટોત્તરી તીર્થમાળા’ માં આનો ઉલ્લેખ મળી આવે છે. વિ.સં. ૧૨૨૧માં કુમારપાળ રાજા દ્વારા શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંદિરની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ મળે છે. એ પછી થયેલી પ્રતિષ્ઠાઓના ઉલ્લેખો પણ સાંપડે છે. ભગવાન મહાવીરના મંદિરનો જીર્ણોદ્ધાર મંત્રીશ્રી જયમલજી દ્વારા પૂ. આ.શ્રી જયસાગરગણિજીના સુહસ્તે વિ.સં. ૧૬૮૧માં મ.ના ઉપદેશથી થયો હતો. આ સિવાય સ્વર્ણગિરી પર્વતના કિલ્લામાં ચાર મંદિરો અને એની તળેટી જાલોરમાં બાર મંદિરો મળે છે.

**અડવું અને નડવું**

*કોઈને અડવું નહીં એ આપણે શીખી ગયા,*
*પણ કોઈને નડવું નહીં એ ના શીખ્યા.*

## તીર્થ દર્શન-૭૧

### શ્રી કાપરડા તીર્થ
### (શ્રી સ્વયંભુ પાર્શ્વનાથ ભગવાન)



જોધપુરથી ૫૦ કિ.મી. દૂર અને સિલાડી રેલવે સ્ટેશનથી ૮ કિ.મી. દૂર કાપરડા ગામમાં આવેલું આ ચાર માળવાળું ૯૫ ફૂટ ઊંચું તીર્થ એની ભવ્યતાથી અનેરું છે. અહીં મૂળનાયક શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ ભગવાનની છીંકણી રંગની લગભગ ૫૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. કાપરડા ગામની નજીક બાવળની ગીચ ઝાડીની જમીનમાંથી આ પ્રતિમા વિ.સં. ૧૬૭૪માં પાર્શ્વનાથ પ્રભુના જન્મ કલ્યાણક દિવસે અર્થાત્ માગશર વદ ૧૦ના રોજ પ્રગટ થઈ. જોધપુર નરેશ શ્રી ગજસિંહની ઉપસ્થિતિમાં આ.શ્રી જિનચંદ્રસૂરીશ્વરજીના હસ્તે શ્રી ભાણાજી ભંડારી દ્વારા નવનિર્મિત મંદિરમાં વિ.સં. ૧૬૭૮ના વૈશાખી પૂર્ણિમાના દિવસે વિરાટ મહોત્સવ સાથે એની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી. ભક્તજનો આ પ્રભુને શ્રી સ્વયંભુ પાર્શ્વનાથ કહેવા લાગ્યા. કાળના સપાટામાં આ તીર્થ ધીરે ધીરે ક્ષતિગ્રસ્ત બન્યું હતું. પરંતુ તીર્થોદ્ધારક શાસનસમ્રાટ શ્રી નેમિસૂરીશ્વરજી મ.સા. અહીં પધાર્યા અને એમણે મંદિરના જીર્ણોધ્ધારની પ્રેરણા આપી. આચાર્યશ્રીની ભાવના અનુસાર શ્રાવકોએ આ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો. વિ.સં. ૧૯૭૫ના વસંત પંચમીના દિવસે તેઓના સુહસ્તે એની પુનઃ પ્રતિષ્ઠા થઇ. પાલડીવાળા શ્રેષ્ઠી અમીચંદ ગુલાબચંદે આ ઉત્સવમાં સારો એવો ખર્ચ કર્યો. આ પ્રતિષ્ઠા સમયે બીજી પંદર પ્રતિમાજીને પણ બિરાજમાન કરવામાં આવી. શિખરની ચાર માળની કલા અતિ રમણીય છે. લગભગ ૯૫ ફૂટ ઊંચું આ શિખર આઠ કિ.મી.ના અંતરેથી પણ દેખાય છે. જેમ શિખરની નિર્માણકલા અન્ય શિખરોથી વિશિષ્ટ છે, એ જ રીતે શિખરના ચાર માળમાં ચૌમુખજી બિરાજમાન છે, એ પણ એની વિશેષતા ગણાય.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

જૈન દેરાસરો

# કચ્છના વિવિધ તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ – ૪

મહેન્દ્ર લખમશી મોતા
(નલિયા, અમદાવાદ)
ફોન : (૦૭૯) ૨૬૮૫ ૫૧૧૦

*'મંગલ મંદિર'ના ડિસેમ્બર-૨૦૨૪ના અંકમાં આપણે માંડવી શહેરમાં આવેલ જૈન દેરાસરોનું લીસ્ટ તથા માંડવી તાલુકામાં આવેલ જૈન દેરાસરો વિશેની જાણકારી મેળવી.*

*'મંગલ મંદિર'ના આ અંકમાં આપણે મુંદ્રા શહેરમાં અને મુંદ્રા તાલુકામાં આવેલ જૈન દેરાસરો વિશેની જાણકારી મેળવીએ.*

## મુંદ્રા શહેરમાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

**૧.** શ્રી અચલગચ્છ જૈન સંઘ. શ્રી શીતલનાથ પ્રભુજી. શ્રી હાર્દિકભાઈ. મો. ૮૮૬૬૨ ૮૮૯૯૧, ૯૮૭૯૩ ૮૦૦૦૯

**૨.** ખરતરગચ્છ જૈન સંઘ. શ્રી મહાવીર સ્વામિ પ્રભુજી.
શ્રી સુભાષભાઈ : મો. ૯૫૧૨૭ ૦૯૬૭૬, શ્રી જયેશભાઈ : મો. ૯૮૨૦૧ ૪૫૪૮૩

**૩.** તપગચ્છ જૈન સંઘ. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુજી.
શ્રી પારસભાઈ : મો. ૯૪૨૬૪ ૩૫૮૦૨, શ્રી હરેશભાઈ : મો. ૮૨૦૦૧ ૨૩૯૧૩, ૯૯૨૫૩ ૧૪૧૮૨

**૪.** ગુડજીનું દેરાસર. શ્રી અમીઝરા પાર્શ્વનાથ પ્રભુજી. શ્રી ઈન્દ્રવદનભાઈ : મો. ૯૮૨૫૦ ૯૧૬૪૯

**૫.** સાનિયા પ્રોપર્ટી. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ. મો. ૯૦૮૨૬ ૫૬૯૧૬, ૯૮૨૧૮ ૮૬૭૭૫
ઓસવાલ અતિથિગૃહ. શ્રી દીપકભાઈ : મો. ૯૬૩૮૪ ૦૨૭૫૦
છ કોટી અતિથિગૃહ. શ્રી નવીનભાઈ મહેતા : મો. ૯૮૨૫૧ ૫૦૬૯૧, શ્રી ભોગીભાઈ મહેતા : મો. ૯૮૨૫૩ ૫૦૬૯૧

## મુંદ્રા તાલુકામાં આવેલ જૈન દેરાસરોનું લિસ્ટ

**૧.** **કપાયા.** શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજી.
શ્રી જયંતીભાઈ : મો. ૯૯૭૯૧ ૬૮૪૯૬, શ્રી મનસુખભાઈ : મો. ૮૨૩૮૫ ૫૮૯૩૮

**૨.** **કાંડાગરા મોટા.** શ્રી શાંતિનાથ પ્રભુજી અને શ્રી નેમિનાથ પ્રભુજી. શ્રી મનસુખભાઈ : મો. ૯૯૦૯૪ ૫૬૯૦૨
શ્રી હેમચંદ પોલડિયા : મો. ૮૩૬૯૫ ૧૫૬૬૭, શ્રી નવીનભાઈ છેડા : મો. ૯૦૯૯૪ ૦૯૩૩૭

**૩.** **કુંદરોડી.** શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુજી. શ્રી દીપકભાઈ મામણીયા : મો. ૯૮૧૯૩ ૬૩૧૧૨,
શ્રી યશવંતભાઈ : મો. ૯૮૨૦૫ ૩૪૩૨૧, ટ્રસ્ટી શ્રી સંજય સુભાષભાઈ : મો. ૯૮૯૨૬ ૯૯૨૯૯
**કોકલિયા** માં દેરાસર નથી.

**૪.** **ખાખર મોટી.** શ્રી આદિનાથ પ્રભુજી.
શ્રી પુનિત મહારાજ : મો. ૯૨૬૫૯ ૭૪૩૭૭, પેઢી : મો. ૮૨૦૦૬ ૨૧૨૨૬, શ્રી પ્રફુલ્લભાઈ : મો. ૯૯૧૩૬ ૫૭૯૦૯

**૫.** **ગુંદાલા.** શ્રી સંભવનાથ પ્રભુજી. શ્રી પૂજારી : મો. ૯૮૨૫૭ ૯૧૮૨૪, ડૉ. શ્રી નરશભાઈ : મો. ૯૪૨૭૩ ૨૬૪૯૮
**ગેલડા.** શ્રી આઠ કોટી નાના પક્ષ જૈન સ્થાનક. શ્રી મનીષભાઈ તૈયા : મો. ૯૮૩૩૯ ૯૮૬૩૮

**૬.** **ગોએરસમા.** શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ પ્રભુજી.
શ્રી રમેશભાઈ : મો. ૯૭૨૭૮ ૬૪૩૭૮, શ્રી કેતનભાઈ ગોસર : મો. ૯૪૨૨૨ ૮૮૬૧૬

**૭.** **છસરા.** શ્રી મુનિસુવ્રત સ્વામિ પ્રભુજી.
શ્રી પ્રફુલ્લભાઈ ગાલા : મો. ૯૮૨૧૩ ૪૫૧૦૫, શ્રી ચંદ્રકાંતભાઈ ગાલા : મો. ૯૩૨૪૦ ૮૧૬૨૫

**૮.** **ટુન્ડા.** શ્રી આદિનાથ પ્રભુજી. શ્રી કલ્યાણજી દેઢિયા : મો. ૯૮૨૧૨ ૦૫૨૨૫, શ્રી હસમુખભાઈ ગંગર : મો. ૯૩૨૦૦ ૧૧૯૩૨

**૯.** **ટોડા.** શ્રી અરનાથ પ્રભુજી. શ્રી પેઢી : ૭૬૯૮૩ ૫૭૦૦૩, શ્રી વસંતભાઈ ગાલા - મુંબઈ : મો. ૯૭૬૮૦ ૬૮૨૭૨
**ડેપા.** શ્રી આઠ કોટી નાની પક્ષ જૈન સ્થાનક. શ્રી શાંતિલાલભાઈ મારૂ - મુંબઈ : મો. ૯૮૨૧૦ ૭૪૧૦૦

**૧૦. તુંબડી નાની.** શ્રી નેમનાથ પ્રભુજી અને શ્રી સુવિધિનાથ પ્રભુજી. શ્રી હસમુખભાઈ : મો. ૯૩૨૩૩ ૩૦૦૮૦

**૧૧. દેશલપુર કંઠી.** શ્રી અજીતનાથ પ્રભુજી. શ્રી સુનિલભાઈ પૂજારી : મો. ૯૩૨૮૪ ૮૦૦૮૬
મેનેજર શ્રી રાજેશભાઈ : મો. ૯૬૩૮૪ ૭૯૨૭૩, શ્રી પંકજભાઈ ગાલા - ટ્રસ્ટી : મો. ૯૮૨૧૪ ૬૬૧૧૮

**૧૨. નવી નાળ.** શ્રી શાંતિનાથ પ્રભુજી. શ્રી મહેશભાઈ : મો. ૯૬૬૨૬ ૯૪૬૭૩, શ્રી કિશોરભાઈ : મો. ૯૮૨૧૧ ૪૮૫૫૪

**૧૩. પત્રી.** શ્રી ચંદ્રપ્રભ સ્વામિ પ્રભુજી.
શ્રી હરેશભાઈ ઠક્કર : મો. ૯૭૨૬૩ ૩૬૦૮૧, શ્રી જયંતભાઈ ધરોડ - મુંબઈ : મો. ૯૮૨૧૧ ૬૭૯૯૧

**પ્રતાપુર** માં દેરાસર નથી.

**પ્રાગપર.** શ્રી પ્રાગપર સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ. શ્રી જીતુભાઈ : મો. ૮૮૪૯૭ ૨૮૩૯૬,
શ્રી મણિલાલ રવજી સંગાડી : મો. ૯૮૨૦૪ ૦૨૧૬૦, શ્રી ચેતન ભવાનજી છેડા : મો. ૯૮૨૦૮ ૦૮૬૮૧

**બગડા.** શ્રી બગડા આઠ કોટી જૈન સંઘ.
તારાબેન ભેદા : મો. ૯૮૬૭૬ ૨૫૭૬૦, શ્રી લખમીચંદ મુળજી વોરા : મો. ૯૮૩૩૧ ૬૬૧૩૩

**૧૪. બારોઈ.** શ્રી શાંતિનાથ પ્રભુજી. શ્રી હેમંતભાઈ : મો. ૯૯૨૫૭ ૬૦૯૬૬, શ્રી તનપતિભાઈ મોમાયા : મો. ૯૪૨૩૧ ૮૫૭૧૬

**૧૫. બેરાજા.** શ્રી વાસુપૂજ્યસ્વામિ પ્રભુજી.
ઝવેરબેન : મો. ૬૩૫૨૫ ૪૭૯૫૨, ૬૩૫૫૧ ૪૮૨૭૨. શ્રી કિશોરભાઈ મામણિયા : મો. ૯૯૬૭૪ ૧૭૪૭૬

**૧૬. ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ.** શ્રી શામળા પાર્શ્વનાથ પ્રભુજી. જૂના મૂળનાયક શ્રી પ્રભુજી.
શ્રી મહાવીર સ્વામિ પ્રભુજી શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ. મો. ૬૩૫૨૨ ૨૩૮૭૧, ૬૩૫૨૨ ૨૪૩૪૫, ૭૮૭૪૪ ૧૩૦૫૧
આ ટ્રસ્ટના પરિસરમાં અચલગચ્છ, ખરતરગચ્છ, તપાગચ્છ અને પાયચલ ગચ્છ – એમ ચાર શ્રી જિનકુશલસૂરી દાદાવાડી આવેલ છે, જેમનું સંચાલન શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ કરે છે.

**૧૭. ભુજપુર.** શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજી.
મેનેજર શ્રી જયંતીભાઈ : મો. ૮૧૪૧૩ ૬૩૭૦૮. શ્રી હરીભાઈ ગઢવી : મો. ૮૮૪૯૦ ૭૨૭૪૮

**૧૮. ભોરારા.** શ્રી શાંતિનાથ પ્રભુજી.
શ્રી ચુનીલાલ વશનજી દેઢિયા : મો. ૯૧૬૭૬ ૬૬૦૦૪, શ્રી હરિભાઈ : મો. ૯૮૨૦૪ ૯૫૪૨૪

**૧૯. મોખા.** શ્રી સીમંધર સ્વામિ પ્રભુજી.
શ્રી નીતિનભાઈ : મો. ૭૫૬૭૫ ૫૨૬૧૮, શ્રી અરવિંદભાઈ ભેદા : મો. ૮૬૫૫૧ ૩૭૦૪૭

**૨૦. રતાડિયા ગણેશવાલા.** શ્રી કલ્યાણ પાર્શ્વનાથ. શ્રી સુનિલભાઈ વાઘેલા : મો. ૯૮૭૯૯ ૨૬૯૯૧.
શ્રી જયંતીલાલ ભગત : મો. ૮૬૯૨૮ ૨૨૮૧૦, શ્રીમતી કંચનબેન ભગત : મો. ૯૩૨૦૩ ૮૮૮૮૦, ૮૨૦૦૬ ૫૧૭૧૩

**૨૧. રામાણિયા.** શ્રી ચંદ્રપ્રભુ સ્વામિ પ્રભુજી.
શ્રી શૈલેષભાઈ : મો. ૯૯૦૯૪ ૯૭૭૦૩, શ્રી મુક્તભાઈ : મો. ૯૮૨૫૭ ૩૦૪૩૦

**૨૨. લાખાપુર.** શ્રી શાંતિનાથ પ્રભુજી. શ્રી શૈલેષભાઈ : મો. ૯૫૩૭૧ ૪૭૦૨૯, શ્રી હરેશભાઈ મારૂ : મો. ૯૩૨૩૩ ૩૩૩૪૪

**૨૩. લુણી.** શ્રી શાંતિનાથ પ્રભુજી. શ્રી શાંતિલાલભાઈ : મો. ૯૯૭૮૨ ૪૫૮૭૯, શ્રી હેમંતભાઈ : મો. ૯૯૨૫૭ ૬૦૯૬૬

**૨૪. વડાલા.** શ્રી આદિનાથ પ્રભુજી. પેઢી : મો. ૮૨૦૦૬ ૨૧૨૨૬, શ્રી પ્રફુલ્લભાઈ : મો. ૯૯૧૩૬ ૫૭૯૦૯

**૨૫. વાંકી તીર્થ.** શ્રી મહાવીર સ્વામિ પ્રભુજી. શ્રી શામજીભાઈ : મો. ૯૪૨૬૨ ૭૪૨૧૭, ૯૬૮૭૬ ૭૮૧૨૨.
શ્રી પ્રકાશભાઈ : મો. ૯૯૭૮૨ ૧૭૭૦૧, ૯૪૨૯૦ ૪૧૫૨૨

**વાંકી.** શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજી. શ્રી પરેશભાઈ : મો. ૯૯૬૯૦ ૮૬૪૫૬

**વાંકી.** શ્રી વાંકી આઠ કોટી મોટી પક્ષ જૈન સ્થાનક.
શ્રી હિતેશભાઈ : મો. ૭૬૬૬૧ ૨૨૨૨૨, શ્રી શૈલેષભાઈ : મો. ૯૩૨૩૪ ૮૩૭૨૨

**સમાઘોઘા.** સેનેટરી. શ્રી ગિરીશભાઈ : મો. ૯૯૨૫૩ ૧૪૨૨૮, શ્રી જીજ્ઞેશ ગાલા - મુંબઈ : મો. ૯૩૨૨૨ ૫૨૪૩૦

**સાડાઉ.** શ્રી શાંતિનાથ પ્રભુજી. શ્રી પંકજ ડાઘા : મો. ૯૯૨૫૩ ૨૦૮૧૫, શ્રી શામજીભાઈ દંડ : મો. ૯૮૨૧૨ ૨૭૭૭૮

બોધકથા

# "તકલીફ"ના પહેલા બે અક્ષરમાં જ "તક" છે...!

• સંકલન •
રીતેશ અરવિંદ પોલડિયા
મુંબઈ

ચૌદ વર્ષનો વનવાસ પૂરો કરીને જ્યારે રામચંદ્રજી ભગવાન અયોધ્યામાં પધાર્યા ત્યારે રાજપરિવારથી લઈને સમગ્ર પ્રજાજનોનો ઉમંગ હૈયે સમાતો ન હતો, પરંતુ એમાં એક અપવાદ હતો રાજમાતા કૈકેયીનો. તેઓ મનોમન અપરાધભાવથી પીડાતાં હતાં કે આ સમગ્ર ઘટનાનું મૂળ હું જ છું. મેં જ ભરત માટે રાજગાદી માગી, જેથી રામને વનવાસના દુઃખો સહન કરવા પડ્યાં અને આપત્તિઓ વેઠવી પડી. આથી તેઓ ક્યાંય જાહેરમાં ન આવ્યા. ભગવાન રામચંદ્રજીને અણસાર આવી ગયો હતો. આથી અભિવાદન સમારોહ બાદ એ સામેથી આવીને માતા કૈકેયીનાં ચરણે નમ્યાં. કૈકેયીએ રડતાં રડતાં પોતાની અપરાધ લાગણી વ્યક્ત કરી ત્યારે ભગવાન રામે ઉત્તર આપ્યો, "માતાજી, તમારા કારણે મને દુઃખ નથી મળ્યું, બલકે જીવનના અનેક મહાન લાભ થયા છે. મેં રાવણ, કુંભકર્ણ જેવા મહાશત્રુઓને પરાસ્ત કરી અશક્ય જેવો વિજય મેળવ્યો. સેવાની પરમમૂર્તિ જેવા હનુમાન અને વાનર સેનાનો પરિચય થયો. એમની તાકાત અને મદદથી હું લંકા પર વિજય મેળવી શક્યો અને આખી દુનિયામાં મારી ખ્યાતિ ફેલાઈ. આ બધું ફક્ત તમારા કારણે જ થયું. બાકી જો હું અયોધ્યામાં જ બેસી રહ્યો હોત તો આ બધું શક્ય ક્યાંથી બનત?" કેવો અદ્ભુત અભિગમ... આ તો થઈ સદીઓ જૂની સતયુગની કથા. પ્રસ્તુત છે હાલના સમયની એક રોચક વાત...

અમેરિકાના મેરીલેન્ડમાં એક યુગલને ત્યાં દીકરીનો જન્મ થયો. તેને જોઈને તેનાં માતા-પિતાને આઘાત લાગ્યો હતો કારણ કે તેના બંને હાથમાં હથેળી જ નહોતી! જો કે તેમણે તે આઘાત પચાવીને શારીરિક રીતે અક્ષમ એવી દીકરીને સામાન્ય સંતાનની જેમ ઉછેરવાનું નક્કી કર્યું. તેમણે તેનું નામ સારા પાડયું. સારા હેન્સલી નાની હતી ત્યારે હથેળી ન હોવાને કારણે અવારનવાર હતાશ થઈ જતી પરંતુ તેના માતા-પિતાએ તેનો ધીરજપૂર્વક ઉછેર કરીને તેને હથેળી વિના જીવવાની આદત પાડવા માંડી. તેમણે સારાને હથેળીઓ વિના બંને હાથથી પેન્સિલ પકડીને લખવાનું શીખવ્યું અને બીજા કામો કરવાની પણ આદત પાડી. એ પછી તેમણે સારાને સ્કૂલમાં દાખલ કરી. વિચાર કરો, આંગળીઓ વિના કોઈપણ કામ કરવામાં કેટલી તકલીફ પડી શકે? પરંતુ સારા પાસે તો માત્ર આંગળીઓ જ નહીં પણ હથેળીઓ પણ નહોતી. તેણે આશ્ચર્યજનક રીતે હથેળી વિના સરસ મજાના અક્ષરોમાં લખવાનું શીખી લીધું. તે બંને હાથમાં પેન્સિલ પકડીને મરોડદાર અક્ષરોથી લખતી થઈ ગઈ.

એપ્રિલ ૨૦૧૯માં સારાએ દસ વર્ષની ઉંમરે અમેરીકાની નેશનલ લેવલની હેન્ડરાઈટીંગ કોમ્પિટીશનમાં ભાગ લીધો અને સૌના આશ્ચર્ય વચ્ચે તેને હથેળીઓ ન હોવા છતાં તે નેશનલ લેવલની હેન્ડરાઈટીંગ કોમ્પિટીશનમાં વિજેતા બની! તેના વિશે અમેરીકન મીડિયામાં ખૂબ લખાયું અને જૂન ૨૦૧૯ માં તેને નિકોલસ મેક્સિમ પુરસ્કાર મળ્યો. વિકટ સંજોગોમાં અને શારીરિક અક્ષમતા હોવા છતાં પણ માણસ કશુંક મેળવવાનો નિશ્ચય કરે તો તે અણધારી સફળતા મેળવી શકે છે એનો વધુ એક પુરાવો સારા હેન્સલી છે.

વહાલા મિત્રો, આપણો સૌથી મોટો શત્રુ ક્યારેય પારકો માણસ હોઈ શકતો નથી. કેવી રીતે હોઈ શકે? દરેક માણસ પોતે જ એના જીવનનો ઘડવૈયો હોય છે. બીજાને વખોડવાનું અને પોતાની ભૂલો માટે જવાબદાર ઠરાવવાનું અપકાર્ય તો તકલીફના કાદવમાં હાથે કરીને ખૂંપી જવા જેવું છે. એવું ના કરો. જીવનમાં આગળ વધવું હોય તો આક્ષેપોના તીર છોડવામાં સમય અને શક્તિ ના વેડફો. પોતાને જ બદલાવી દો... કેમ કે પોતાની જાતને સમજનાર જ સૌથી સમજદાર અને ચમત્કાર કરવાને લાયક હોય છે.

***"એ બધા લોકોનો હું આભારી છું જેમણે મને ના પાડી, એમના જ લીધે હું કેટલું બધું જાતે કરી શકયો."***

*– આલ્બર્ટ આઈન્સ્ટાઈન*

## કુંભ મેળો

હાલે પ્રયાગરાજમાં કુંભ મેળો યોજાઈ રહેલ છે.

સદીઓથી ઉજવાતા કુંભ મેળાના નીચે મુજબના ૪ પ્રકાર છે.

૧. **પૂર્ણ કુંભ મેળો :** દર ૧૨ વર્ષે ૪ સ્થળે (પ્રયાગરાજ, હરિદ્વાર, ઉજ્જૈન અને નાસિક) યોજાય છે.

૨. **મહા કુંભ મેળો :** દર ૧૪૪ વર્ષે માત્ર પ્રયાગરાજમાં યોજાય છે.

૩. **અર્ધ કુંભ મેળો :** દર ૬ વર્ષે હરિદ્વાર અને પ્રયાગરાજમાં યોજાય છે.

૪. **માઘ મેળો :** દર વર્ષે પ્રયાગરાજમાં પોષ મહિનાની પૂર્ણિમાંથી માઘી પૂર્ણિમા સુધી તેનું આયોજન કરવામાં આવે છે. તેને 'છોટા કુંભ' પણ કહેવામાં આવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

મોભી એટલે
પરિવારને માથે લગાવેલો
એવો ટફન ગ્લાસ
કે જે મુશ્કેલીના સમયે ખૂદ તૂટી જશે
પણ પરિવારને
આંચ આવવા નહીં દે.

મેદાનમાં હારેલી વ્યક્તિ
ફરીથી જીતી શકે છે,
પરંતુ મનથી હારેલી વ્યક્તિ
ક્યારેય પણ જીતી શકે નહીં.
વ્યક્તિનો આત્મવિશ્વાસ જ
તેની સૌથી શ્રેષ્ઠ મૂડી છે.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

*With Best Compliments From*

**Sathwara Construction**

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX PAINTS**

● DURABLE ● DECORATIVE ● PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર

બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

khadi
VEDA
Essence of Nature

HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE



*Book Shelf*

English & Gujarati books

**For New Books Pl Check Our WhatsApp Status No : 9099000362**

e-mail : bookshelfa@gmail.com | Visit us: www.gujaratibookshelf.com

16,City Center, Opp.Dominoz Pizza
Nr. Swastik Chaar Rasta, C.G.Road,Navrangpura, Ahmedabad.380 009

LIKE US ON | BOOK SHELF | Help Line No. 90990 00362 | Phone : 079 - 2644 1826



ચાહે કોઈ પણ યુગ હોય,
વિજય હંમેશાં સત્યનો જ થયો છે.
બસ થોડી ધીરજ અને ધૈર્યની જરૂરત છે.
બાકી આથમેલો સૂરજ સવારે ઉગવાનો જ છે.



સમય, તબિયત અને સંબંધ -
આ ત્રણેય ઉપર કિંમતનું લેબલ નથી હોતું
પણ જ્યારે એમને ગુમાવી દઈએ છીએ
ત્યારે તેની સાચી કિંમત સમજાય છે.



સમયની સાથે ચાલવું જરૂરી નથી, સત્યની સાથે ચાલો.
એક દિવસ સમય આપની સાથે ચાલવા લાગશે.

R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

BMCB BANK ESTD 1995 Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 ● www.bhujbank.com

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : ● વર્ષ ૨૦૨૨ : ૧૦% ● વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply



SKYBLUE STATIONERY MART
EVERY THING THAT YOU THINK

**South Bopal** : 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara** : GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

*Bharat B. Gala*
M. : 93270 05460

SRE
SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

● શુભેચ્છા સહ ●



પ્રભુલાલ એમ. સંઘવી
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬


*દૂધ, દહીં, છાશ, માખણ, ઘી વગેરે એક જ કુળના હોવા છતાં બધાની કિંમત એક સરખી નથી હોતી, કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ કર્મથી પ્રાપ્ત થાય છે.*

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

*To,*